વર્ષ : ૪૨ ❖ અંક : ૨
ફેબ્રુઆરી - ૨૦૧૮

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# દિવ્યધ્વનિ

આધ્યાત્મિક મુખપત્ર




**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

## વ્યાખ્યાઓ (કરણાનુયોગના સંદર્ભમાં)

૧. **નિષેક :** કર્મપરમાણુના સમૂહને નિષેક કહે છે.

૨. **આબાધાકાળ :** કર્મ બંધાયા પછી સત્તામાં પડ્યા રહે છે. કોઈ એક વિશેષ કાળ સુધી ઉદયમાં આવતા નથી તેને આબાધાકાળ કહે છે.

૩. **વર્ગણા :** જે જે પરમાણુમાં સમાન અવિભાગ પ્રતિચ્છેદ (શક્તિના અંશો) છે તે પરમાણુના સમૂહને વર્ગણા કહે છે.

૪. **આહારવર્ગણા :** જે વર્ગણા ઔદારિક, વૈક્રિયક અને આહારક શરીરરૂપે પરિણમિત થાય તેને આહારવર્ગણા કહે છે.

૫. **પર્યાપ્તિ :** જીવ યોગ દ્વારા વર્ગણાઓને ગ્રહણ કરી તેમને શરીર રૂપે પરિણમિત કરે છે. જીવની આ શક્તિને પર્યાપ્તિ કહે છે.

૬. **સમયપ્રબદ્ધ :** પાંચ શરીર સંબંધી જેટલાં પરમાણુ જીવ એક સમયમાં ગ્રહણ કરે તેને સમયપ્રબદ્ધ કહેવાય.

૭. **ઉદીરણા :** ઉદયોન્મુખ કર્મનો વહેલો ઉદય થાય તેને ઉદીરણા કહે છે. ઉદયાવલિની બહારના નિષેકોનું ઉદયાવલિના નિષેકોમાં આવી ભળી જવું અને વહેલા ઉદયમાં આવવું તેને ઉદીરણા કહે છે.

૮. **સોપક્રમ આયુ :** કર્મભૂમિના મનુષ્યો અને તિર્યંચોમાં આયુની ઉદીરણા થઈ શકે તેને સોપક્રમ આયુ કહે છે. તેમાં ભુજ્યમાન (વર્તમાનમાં ભોગવતાં) આયુના શેષ નિષેકો વહેલા ઉદયમાં આવી ખરી પડે છે. તેને અપવર્ત અથવા કદલીઘાત પણ કહે છે.

૯. **નિરૂપક્રમ આયુ :** દેવ, નારકી, ભોગભૂમિના મનુષ્યો અને તિર્યંચો, ચરમશરીરીના આયુકર્મની ઉદીરણા થઈ શકતી નથી તેને નિરૂપક્રમ આયુ (અનપવર્ત આયુ) કહે છે.

૧૦. **ઉત્કર્ષણ :** જીવના પરિણામનું નિમિત્ત પામી સત્તામાં રહેલાં કર્મોની સ્થિતિ અને અનુભાગનું વધવું તેને ઉત્કર્ષણ કહે છે.

૧૧. **અપકર્ષણ :** જીવના પરિણામનું નિમિત્ત પામી સત્તામાં રહેલાં કર્મોની સ્થિતિ અને અનુભાગનું ઘટવું તેને અપકર્ષણ કહે છે.

૧૨. **સંક્રમણ :** કોઈ કર્મપ્રકૃતિ સજાતીય અન્ય પ્રકૃતિરૂપ બની શકે તેને સંક્રમણ કહેવાય. દા.ત. અસાતા વેદનીય સાતા વેદનીય રૂપે પરિણમે.

૧૩. **નિધત્તિ :** જે કર્મપ્રકૃતિમાં સંક્રમણ અને ઉદીરણા થઈ શકતી નથી તેમને નિધત્તિ કર્મ કહે છે.

૧૪. **નિકાચિત :** જે કર્મપ્રકૃતિઓમાં સંક્રમણ, ઉદીરણા, ઉત્કર્ષણ અને અપકર્ષણ થઈ શકતા નથી તેમને નિકાચિત કર્મ કહે છે.

૧૫. **પારિણામિક ભાવ :** કર્મની કોઈ પણ અપેક્ષા રહિત એવો જીવનો જે ભાવ તેને પારિણામિક ભાવ કહે છે.

૧૬. **સંમૂર્ચ્છન મનુષ્ય :** આસપાસના પુદ્‌ગલોમાંથી થોડાં પરમાણુઓને ગ્રહણ કરી પોતાના શરીરરૂપે ધારણ કરે તેવા જીવોને સંમૂર્ચ્છન મનુષ્ય કહે છે. એકેન્દ્રિયથી ચતુરિન્દ્રિય સુધીના બધા જીવો સંમૂર્ચ્છન જન્મવાળા હોય છે.

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા


(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫

(૨) આત્મજ્ઞાન માટે મોહત્યાગની આવશ્યકતા ......
...................... પૂજ્યશ્રી આત્માનંદજી ..... ૬

(૩) વ્યર્થ શબ્દ અને સાર્થક મૌન ................
...................... ડૉ. કુમારપાળ દેસાઈ ..... ૯

(૪) શ્રી સમાધિતંત્ર અમૃતરસપાન ...............
..................... પ્રા. ચંદાબહેન પંચાલી ... ૧૨

(૫) શ્રી દર્શનસ્તુતિ-એક અનુચિંતન.... પૂજ્ય બહેનશ્રી .... ૧૪

(૬) શ્રી દેવચંદ્રજી ચોવીશી.. શ્રી અશોકભાઈ પી. શાહ .... ૧૭

(૭) શ્રાવકાચાર ................બા.બ્ર. શ્રી સુરેશજી ... ૨૧

(૮) શ્રી ભક્તામર સ્તોત્ર .....શ્રી મહેન્દ્રભાઈ ખંધાર ... ૨૪

(૯) આત્માની સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણ-
ધર્મત્વ શક્તિ .............શ્રી વલભજી હીરજી ... ૨૮

(૧૦) પરિગ્રહ................... શ્રી ભાનુબેન શાહ ... ૨૯

(૧૧) પરમ આત્મસાધક : શ્રીમદ્ રાજચંદ્ર ..........
.......................... ભરતકુમાર ઠાકર ... ૩૪

(૧૨) બાળવિભાગ ............શ્રી મિતેશભાઈ શાહ ... ૩૬

(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................. ૩૮



**વર્ષ : ૪૨ ફેબ્રુઆરી, ૨૦૧૮ અંક - ૨**



**-: પ્રેરક :-**

**શ્રદ્ધેયશ્રી આત્માનંદજી**

**-: તંત્રી - સંપાદક :-**

**શ્રી મિતેશ એ. શાહ**

ફોન : (૦૭૯) ૨૭૫૦૩૬૫૬

**-: સ્વત્વાધિકારી :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

**-: મુદ્રક-પ્રકાશક :-**

**ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી**

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

**-: પ્રકાશન સ્થળ :-**

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

કોબા - ૩૮૨ ૦૦૭

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯

૨૩૨૭૬૪૮૩/૮૪

ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨


**-: લવાજમ શ્રેણી :-**

**ભારતમાં**

ત્રિવાર્ષિક રૂા. ૪૦૦

આજીવન રૂા. ૨૦૦૦

**પરદેશમાં**

By Air Mail

ત્રિ-વાર્ષિક : Rs. 4000

$-80, £-60

આજીવન : Rs. 15000

$-300, £-220


**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**

**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**

કોબા – ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)

ફોન: (૦૭૯)૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪

mail@shrimadkoba.org, www.shrimadkoba.org


**Bank Detail : Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra**

**Name of Bank** : Kotak Mahindra Bank

**Branch** : Chandkheda, Ahmedabad - 382424.

**A/c. No.** : 08390020000044 • **IFS Code** : KKBK0000839

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ☞ ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- ☞ કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ☞ ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ☞ ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- ☞ સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ☞ ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- ☞ સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- ☞ કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- ☞ લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




## પ્રાર્થના

**હે પરમકૃપાળુદેવ !**

નરસિંહ મહેતાએ કહ્યું છે,

“રાત રહે જ્યાહરે પાછલી ખટ્ઘડી,
સાધુપુરુષે સૂઈ ન રહેવું;
જોગીયા હોય તેણે જોગ સંભારવા,
ભોગીયા હોય તેણે ભોગ ત્યજવા.”


હે નાથ ! સામાન્ય જનસમુદાય માટે આ વાત સાચી છે. જીવનમાં ઉતારવા જેવી છે. પરંતુ મનમાં એવી આશંકા ઉદ્ભવી કે, આપના જેવા પરમપુરુષે શું કરવું ? આપને જોગી કહેવા કે ભોગી કહેવા ? સંસારમાં વસતા હોવા છતાં આપના મનમાં સંસાર નહોતો. સાધુપુરુષને બ્રહ્મમુહૂર્તમાં જાગી જવાનું કહ્યું છે પરંતુ આપ તો રાતભર કેટલીયે વાર સૂતા જ નહોતા ! ક્યારેક તો વનમાં જઈને ધ્યાનમાં ઊભા રહેતા હતા અને જીવજંતુઓનો ઉપદ્રવ સહન કરતા હતા. વળી, હિંસક પ્રાણીઓનો ડર પણ આપને નહોતો ! હે કૃપાળુદેવ ! આપને કઈ ઉપમા આપવી ? આપ શરીરધારી હતા, પણ ભાવથી અશરીરી હતા ! વૈશ્યવેશ હતો અને આપની વૃત્તિ ઉદાસીન હતી ! હીરામોતીનો વ્યાપાર કરતાં કરતાં એમાંથી અધ્યાત્મનો પ્રતિભાસ અનુભવતા હતા. જગત સાવ સોનાનું થાય તો પણ આપને તૃણવત્ હતું. આપ પરમપુરુષ હતા પણ મુમુક્ષુઓના દાસાનુદાસ હતા ! આટલી બધી સંપત્તિ હોવા છતાં સત્સંગની ઝંખનામાં જ આપનું જીવન વ્યતીત થતું હતું ! હે કરુણાસાગર ! આપે કહ્યું છે કે દસ લાખ સુભટને જીતવા એ દુર્લભ ગણાય છે, પણ સ્વાત્માને જીતનાર અત્યંત દુર્લભ છે - જેણે મનોયોગાદિક જીત્યા તેણે સર્વ જીત્યું. આપ સર્વ વિજેતા હતા.

“અસાર આ સંસારમાં, સાર સમા પ્રભુ આપ મળ્યા,
ખારા આ સંસારમાં, પ્રભુ વીરડી સમ આપ મળ્યા;
અશરણ એવા અમ જીવનમાં, શરણરૂપ પ્રભુ આપ મળ્યા,
અનંતકાળથી અથડાતા અમને, આધારરૂપ પ્રભુ આપ મળ્યા.”

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી



### પત્રાંક ૫૨૫

**મુંબઈ, ભાદરવા સુદ ૧૦, રવિ, ૧૯૫૦**

આ આત્મભાવ છે, અને આ અન્યભાવ છે, એવું બોધબીજ આત્માને વિષે પરિણમિત થવાથી અન્યભાવને વિષે સહેજે ઉદાસીનતા ઉત્પન્ન થાય છે, અને તે ઉદાસીનતા અનુક્રમે તે અન્યભાવથી સર્વથા મુક્તપણું કરે છે. નિજપરભાવ જેણે જાણ્યો છે એવા જ્ઞાનીપુરુષને ત્યાર પછી પરભાવનાં કાર્યનો જે કંઈ પ્રસંગ રહે છે, તે પ્રસંગમાં પ્રવર્તતાં પ્રવર્તતાં પણ તેથી તે જ્ઞાનીનો સંબંધ છૂટ્યા કરે છે, પણ તેમાં હિતબુદ્ધિ થઈ પ્રતિબંધ થતો નથી.

પ્રતિબંધ થતો નથી એ વાત એકાંત નથી, કેમકે જ્ઞાનનું વિશેષ બળવાનપણું જ્યાં હોય નહીં, ત્યાં પરભાવનો વિશેષ પરિચય તે પ્રતિબંધરૂપ થઈ આવવો પણ સંભવે છે; અને તેટલા માટે પણ જ્ઞાનીપુરુષને પણ શ્રી જિને નિજજ્ઞાનના પરિચય-પુરુષાર્થને વખાણ્યો છે; તેને પણ પ્રમાદ કર્ત્તવ્ય નથી, અથવા પરભાવનો પરિચય કરવા યોગ્ય નથી, કેમકે કોઈ અંશે પણ આત્મધારાને તે પ્રતિબંધરૂપ કહેવા યોગ્ય છે.

જ્ઞાનીને પ્રમાદબુદ્ધિ સંભવતી નથી, એમ જોકે સામાન્ય પદે શ્રી જિનાદિ મહાત્માઓએ કહ્યું છે, તોપણ તે પદ ચોથે ગુણઠાણેથી સંભવિત ગણ્યું નથી; આગળ જતાં સંભવિત ગણ્યું છે; જેથી વિચારવાન જીવને તો અવશ્ય કર્ત્તવ્ય છે કે, જેમ બને તેમ પરભાવના પરિચિત કાર્યથી દૂર રહેવું, નિવૃત્ત થવું. ઘણું કરીને વિચારવાન જીવને તો એ જ બુદ્ધિ રહે છે, તથાપિ કોઈ પ્રારબ્ધવશાત્ પરભાવનો પરિચય બળવાનપણે ઉદયમાં હોય ત્યાં નિજપદબુદ્ધિમાં સ્થિર રહેવું વિકટ છે, એમ ગણી નિત્ય નિવૃત્તબુદ્ધિની વિશેષ ભાવના કરવી, એમ મોટા પુરુષોએ કહ્યું છે.

અલ્પ કાળમાં અવ્યાબાધ સ્થિતિ થવાને અર્થે તો અત્યંત પુરુષાર્થ કરી જીવે પરપરિચયથી નિવર્તવું જ ઘટે છે, હળવે હળવે નિવૃત્ત થવાનાં કારણો ઉપર ભાર દેવા કરતાં જે પ્રકારે ત્વરાએ નિવૃત્તિ થાય તે વિચાર કર્ત્તવ્ય છે; અને તેમ કરતાં અશાતાદિ આપત્તિયોગ વેદવા પડતા હોય તો તેને વેદીને પણ પરપરિચયથી શીઘ્રપણે દૂર થવાનો પ્રકાર કરવો યોગ્ય છે. એ વાત વિસ્મરણ થવા દેવા યોગ્ય નથી.

જ્ઞાનનું બળવાન તારતમ્યપણું થયે તો જીવને પરપરિચયમાં કદાપિ સ્વાત્મબુદ્ધિ થવી સંભવતી નથી, અને તેની નિવૃત્તિ થયે પણ જ્ઞાનબળે તે એકાંતપણે વિહાર કરવા યોગ્ય છે; પણ તેથી જેની ઓછી દશા છે એવા જીવને તો અવશ્ય પરપરિચયને છેદીને સત્સંગ કર્ત્તવ્ય છે, કે જે સત્સંગથી સહેજે અવ્યાબાધ સ્થિતિનો અનુભવ થાય છે. જ્ઞાનીપુરુષ કે જેને એકાંતે વિચરતાં પણ પ્રતિબંધ સંભવતો નથી, તે પણ સત્સંગની નિરંતર ઇચ્છા રાખે છે, કેમકે જીવને જો અવ્યાબાધ સમાધિની ઇચ્છા હોય તો સત્સંગ જેવો કોઈ સરળ ઉપાય નથી.

આમ હોવાથી દિન દિન પ્રત્યે, પ્રસંગે પ્રસંગે, ઘણી વાર ક્ષણે ક્ષણે સત્સંગ આરાધવાની જ ઇચ્છા વર્ધમાન થયા કરે છે. એ જ વિનંતિ. **આ૰ સ્વ૰ પ્રણામ.**

• • •

**જે જીવને પ્રત્યક્ષ સત્સમાગમનો વિશેષ લાભ પ્રાપ્ત થાય તે મહત્પુણ્યવાનપણું છે. સત્સમાગમના વિયોગમાં સત્શાસ્ત્રનો સદાચારપૂર્વક પરિચય અવશ્ય કરવા યોગ્ય છે. - પત્રાંક - ૮૩૫**

# આત્મજ્ઞાન માટે મોહત્યાગની આવશ્યકતા

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



મોહને ઘટાડવો તે સમસ્ત મોક્ષમાર્ગનો સાર છે. જેટલો જેટલો મોહ ઘટે તેટલો તેટલો મોક્ષમાર્ગ પ્રગટે છે. મોહ રહે અને મોક્ષમાર્ગ પ્રગટે તેવું ત્રણકાળમાં બને નહીં. જો મોહની સેનાને જીતવી હોય તો પહેલો ઘા રાજા ઉપર કરવો જોઈએ. જો રાજા (દર્શનમોહ) જીતાઈ જાય તો સેનાપતિ અને સૈનિકો આપોઆપ શરણાગતિ સ્વીકારી લે છે. મોક્ષમાર્ગમાં પાંચ પ્રકારના આચારની અનિવાર્યતા કહી છે — ૧. દર્શનાચાર, ૨. જ્ઞાનાચાર, ૩. ચારિત્રાચાર, ૪. તપાચાર, ૫. વીર્યાચાર. પાંચમો વીર્યાચાર તે ચારેને બળ પૂરું પાડે છે. એટલે કે પેટ્રોલ કે ડિઝલનું કામ કરે છે. આવા પંચાચારને ધારણ કરનાર તે આચાર્ય પરમેષ્ઠિ છે કે જેઓ પોતે નિરતિચારપૂર્વક પંચાચાર ધારણ કરે છે અને બીજાને કરાવડાવે છે. મોહને મારવા માટે સદા અપ્રમત્ત થઈ જેઓ સ્વરૂપ શુદ્ધિની-શુદ્ધોપયોગની નિરંતર સાધના કરે છે તેઓ જ આ જગતમાં સાચા શૂરવીર છે. તેમની શૂરવીરતાની ગાથા શ્રી સુંદરદાસજી 'સુંદરવિલાસ' શૂરાતન અંગ ૨૧/૧૧માં કરતાં કહે છે કે,

> "મારે કામ ક્રોધ સબ, લોભ મોહ પીસિ ડારે,
> ઈંદ્રિહુ કતલ કરી, કિયો રજપૂતો હૈ;
> માર્યો મહા મત્ત મન, મારે અહંકાર મીર,
> મારે મદ મછર હુ, ઐસો રન રૂતો હૈ;
> મારી આશાતૃષ્ણા પુનિ, પાપિની સાપિની દોઉ,
> સબકો સંહાર કરિ, નિજ પદ પહૂતો હૈ;
> સુંદર કહત ઐસો, સાધુ કોઉ શૂરવીર,
> વૈરિ સબ મારિકે નિચિંત હોઈ સૂતો હૈ."

મોહ ઘટે તો આત્મસન્મુખ થવાય છે. આપણે સાધનામાર્ગમાં મુખ્ય પુરુષાર્થ શાસ્ત્રાભ્યાસનો કહ્યો છે તે કરવો જોઈએ તેની ના નથી, પરંતુ શાસ્ત્રાભ્યાસ દ્વારા જ્ઞાનાર્જનની જે મુખ્યતા થઈ જાય છે તેને ગૌણ કરી, તે શાસ્ત્રાભ્યાસ દ્વારા મોહમર્દન કરવાનું પ્રયોજન તે મુખ્ય હોવું જોઈએ. સાધક માટે જ્ઞાનનો ક્ષયોપશમ કરતા મોહ પર પ્રહાર કરવો તે સાધનનાનું મુખ્ય અંગ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય અને મોહનીય - આ ચારે ઘાતીકર્મો છે. તેઓ સાંકળની જેમ એકબીજાથી જોડાયેલા છે. તેથી જ્ઞાનાવરણીયને મારો તો બાકીના ત્રણને પણ ધક્કો લાગશે પરંતુ મોહનીય આ ચારેમાં પ્રમુખ છે, એન્જિન સમું છે. તેને મારતાં બાકીના આપોઆપ નિરુપદ્રવી થઈ જશે. કોઈને એમ પ્રશ્ન થાય કે દર્શન પ્રથમ કે જ્ઞાન ? તો ભાઈ સિદ્ધિની અપેક્ષાએ દર્શન પ્રથમ અને સાધનાની અપેક્ષાએ જ્ઞાન પ્રથમ. સાધના તે ક્રમ બતાવે છે અને સિદ્ધિ તે ફળ બતાવે છે. તત્ત્વાર્થસૂત્રમાં પરમઅધ્યાત્મ યોગીશ્વર શ્રી ઉમાસ્વામી આચાર્યપ્રવરે પ્રથમ સૂત્રમાં सम्यग्-दर्शनज्ञानचारित्राणिमोक्षमार्गः । એમ કહ્યું તે નિશ્ચયનયની અપેક્ષાએ કથન છે. એ ત્રણેની એકતા થતા સહજાનંદ, જ્ઞાનાનંદ, પરમશાંતિ પ્રગટે છે. પરંતુ સાધના અપેક્ષાએ પ્રથમ જ્ઞાન જોઈએ. જેણે આત્મા જાણ્યો નથી તે આત્માની શ્રદ્ધા કરી શકે નહીં. જાણવા માટે પછી ભલે આગમનો આશ્રય લે, સદ્ગુરુના બોધનો આશ્રય લે, સુયુક્તિનો

આશ્રય લે, અભ્યાસનો આશ્રય લે. આમ, સાધનો જુદા જુદા હોઈ શકે છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ 'મૂળમાર્ગ રહસ્ય'માં જ્ઞાન-દર્શન-ચારિત્ર આ પ્રમાણે ક્રમ લીધો છે. અત્યારે દેશકાળ વિપરીત હોવાને લીધે મોટાભાગના લોકોને આત્મા જોઈતો નથી. આ કાળમાં મોટાભાગના જીવો વિષ્ટારૂપ ઈન્દ્રિયસુખમાં જ તૃપ્ત છે. કોઈને અતીન્દ્રિય આનંદની જિજ્ઞાસા પણ થતી નથી ! પરંતુ આપણા સદ્ભાગ્યે પરમ કરુણાવંત શ્રી જ્ઞાનભૂષણ ભટ્ટારકજી તે અતીન્દ્રિય આનંદને પ્રાપ્ત કરવા માટે મોહત્યાગની આવશ્યકતા બતાવતા શ્રી 'તત્ત્વજ્ઞાન તરંગિણી'ના નવમા અધ્યાયના પ્રથમ શ્લોકમાં કહે છે,

**अन्यदीया मदीयाश्च पदार्थाश्चेतनेतराः ।**
**एतेऽदर्श्चिंतनं मोहो यतः किंचिन्न कस्यचित् ॥१॥**

નિજ નિર્મળ ચિદ્રૂપ સિવાય સંસારમાં સર્વ જડ ચેતન પદાર્થોમાંના કોઈ પણ પદાર્થ અલ્પ પણ પોતાના નથી, કદી પણ પોતાના થયા નથી, થવાના નથી, તેવી જ રીતે અન્યના પણ નથી. છતાં આત્મા ચિંતવે છે કે આ મારા છે, આ બીજાના છે. આ અનાદિની ભૂલ તે મોહ છે.

આપણે બધા શેખચલ્લી જેવા છીએ. પર પદાર્થોમાં સુખની કલ્પના કરી તેને મેળવવાના સપના જોવામાં આપણે મગ્ન રહીએ છીએ. પરંતુ સ્વપ્ન તે સત્ય નથી. તેમાં રાચવાથી માત્ર કાલ્પનિક આનંદ જ મળે છે. પણ જ્યારે આંખ ખૂલે ત્યારે ચારે બાજુ અંધકાર જ દેખાય છે. માટે શાંતિ રાખવી. સમજણપૂર્વક શાંત બનવું તે મોક્ષપ્રાપ્તિનો ઉપાય છે. સર્વપ્રથમ એવો પાકો નિર્ણય કરવો કે કોઈપણ પરપદાર્થ મારો નથી, થવાનો પણ નથી અને મારો હતો પણ નહીં. આ નિર્ણયને વધારે દૃઢ કરાવવા અર્થે ભટ્ટારક શ્રી જ્ઞાનભૂષણજી આપણને વિશેષ આગળના શ્લોકમાં કહે છે કે,

**दत्तो मानोऽपमानो मे जल्पिता कीर्तिरुज्जवला ।**
**अनुज्जवलापकीर्तिर्वा मोहस्तेनेति चिंतनं ॥२॥**

આણે મારો બહુ આદર-સત્કાર કર્યો, મને બહુ માન આપ્યું, આણે મારો અનાદર કર્યો, મને બહુ અપમાન આપ્યું, આણે મારો ઉજ્જવલ યશ વિસ્તાર્યો, આણે મારો યશ કલંકિત કર્યો, જ્યાં ત્યાં મારી અપકીર્તિ ફેલાવી ઈત્યાદિ ચિંતવન તે મોહ છે.

દુનિયા આપણું ગાણું ગાય તે યશકીર્તિ નામ-કર્મ છે અને અપમાન, નિંદા આદિ કરે તે અપયશનામકીર્તિ કર્મનો ઉદય છે પરંતુ હું તો તે બંને નામકર્મોથી ભિન્ન સ્વભાવવાળો ભગવાન આત્મા છું એમ જ્ઞાની સમજે છે, શ્રદ્ધે છે અને પોતાના આચરણમાં લાવે છે. પુણ્ય-પાપને પોતાનું માને તે અજ્ઞાની છે કારણ કે તેણે આસ્રવને આત્મા માન્યો છે. તેની મૂળ દૃષ્ટિમાં જ ભૂલ છે. તત્ત્વદૃષ્ટિથી જોઈએ તો માન-અપમાન, યશ-અપયશ આદિ સાથે આત્માને કંઈ સંબંધ નથી. તે સર્વ કર્મકૃત છે તેમ જ પોતાને તેવા કર્મનો ઉદય ન હોય તો બીજા કોઈ કંઈ કરવા સમર્થ નથી. પરંતુ તત્ત્વદૃષ્ટિ નથી તે જ મોહ છે. મોહ દૂર થતાં જ તત્ત્વદૃષ્ટિ પ્રગટે છે. આધ્યાત્મિક યોગીશ્વર શ્રી ભટ્ટારકજી આગળ કહે છે કે,

**किं करोमि क्व यामीदं क्व लभेय सुखं कृतः ।**
**किमाश्रयामि किं वच्मि मोहश्चिंतनमीदृशं ॥३॥**

પરને પોતાના માનવારૂપ મૂળ ભૂલથી બીજી અનેક મિથ્યા માન્યતાઓ અને ચિંતનાઓ ઉદ્ભવે છે. હું શું કરું ? ક્યાં જાઉં ? અમુક વસ્તુ ક્યાંથી મળે ? સુખ ક્યાંથી થાય ? તેને માટે કોની સહાય લઉં ? કોની પાસે જાઉં ? કોનું શરણ લઉં ? શું કહું ? ઈત્યાદિ આવી સર્વ ચિંતવના તે મોહ છે.

આ નિશ્ચયનયનું શાસ્ત્ર છે. આપણે વિશેષ પ્રકારે પરમાત્મા, સદ્‌ગુરુ અને તેમની દિવ્યવાણીનું શરણ ગ્રહણ કરવું. આપણા માટે તે જ મોહનાશ કરવાનો પ્રાથમિક ઉપાય છે. જોકે પરમાર્થ ઉપાય નથી. પરંતુ આ ઉપાય કરવો તે અનિવાર્ય છે કારણ કે કોઈને પણ આત્મા સીધેસીધો મળતો નથી. આ ત્રણ તત્ત્વોમાંથી-પછી ભલે કોઈ પરમાત્માને મુખ્ય ગણે કે કોઈ સદ્‌ગુરુદેવને કે તેમની દિવ્યવાણીને મુખ્ય ગણે તો તેમાં વાંધો નથી પરંતુ આમાં કેન્દ્રબિંદુ તે સદ્‌ગુરુદેવ છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી સદ્‌ગુરુનું માહાત્મ્ય સમજાવતા શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કહે છે કે,

"સદ્‌ગુરુના ઉપદેશ વણ, સમજાય ન જિનરૂપ;
સમજ્યા વણ ઉપકાર શો ? સમજ્યે જિનસ્વરૂપ."

આમાં અપવાદરૂપ કોઈક જીવ હોઈ શકે. પૂર્વભવની ઘણી આરાધનાવાળો કોઈ જીવ હોય તો તે પૂર્વસંસ્કારના બળથી શાસ્ત્રોના મર્મને ઉકેલી શકે છે. અથવા ભગવાનના દર્શનથી પોતાનું કામ કરી શકે છે. ભરતચક્રવર્તી મોક્ષે ગયા તેમ આપણે મોક્ષે જવાના નથી. આપણે તો રાજમાર્ગે ચાલીને જ મોક્ષે જવાના છીએ. સૌપ્રથમ આપણી જે અનાદિ કાળની (પરને પોતાનું માનવારૂપ) ભૂલ છે તેને દૂર કરવા માટે આપણે સર્વપ્રથમ શ્રી સત્ દેવ-ગુરુ-ધર્મને પોતાના માનવા; જેથી સર્વપ્રથમ અશુભ નિમિત્તો અને તેનાથી ઉત્પન્ન થતાં અશુભ ભાવો છૂટે અને શ્રીદેવ-ગુરુ-ધર્મમાં 'હું' પણું કરવાથી શુભ નિમિત્તથી શુભ ભાવો થશે. આમ, પ્રશસ્તરાગથી મંદકષાય થતાં તત્ત્વનિર્ણય કરવાની ભૂમિકા તૈયાર થશે. વીતરાગી દેવ-ગુરુ-ધર્મના શરણે જવાથી તેઓ આપણને આપણા સાચા શરણરૂપ આત્મશરણને બતાવશે. કારણ કે તેમના ત્યાં નોકરી કરનારને તેઓ સ્વયં પોતાનું જ પદ એટલે કે ભગવત્પદ અર્પે છે, તેમાં સ્થિરતા કરાવે છે અને જન્મ-જરા-મરણ જેવા ભવરોગથી નિવૃત્તિ અપાવે છે, અને તેવું કરવા માટે 'છ ઢાળા'માં પંડિતશ્રી દૌલતરામજીએ કહ્યું છે કે,

"લાખ બાત કી બાત યહૈ, નિશ્ચય ઉર લાઓ,
તોરિ સકલ જગ દંદ-ફંદ, નિત આતમ ધ્યાઓ."

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૩ પરથી ચાલુ...)**

આત્માનું ભેદજ્ઞાન નથી તે નિર્વાણને પ્રાપ્ત થતો નથી.

આગમમાં તપ બાર પ્રકારના કહ્યા છે - છ અભ્યંતર તપ અને છ બાહ્ય તપ. છ અભ્યંતર તપમાં પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને કાયોત્સર્ગ છે. બાહ્ય તપમાં અનશન, ઊણોદરી, વૃત્તિસંક્ષેપ, રસપરિત્યાગ, કાયકલેશ અને સંલીનતા છે.

બાહ્ય તપધારક ગુરુ પાસે શિષ્ય સેવામાં રહે છે. ગુરુ બાહ્ય તપ સતત કરતાં હોય છે પણ ક્રોધ અને અહંકારમાં જીવતા હતા. તે તપસ્વી ગુરુ સતત શિષ્યને તિરસ્કૃત કરતા હતા. બાહ્ય પદાર્થો લાવવામાં વિલંબ થાય તો સુલભક્રોધી બની જતા. મારા જેવી તપશ્ચર્યા કોઈ ન કરી શકે તેવો અહંકાર હોવાથી નિરંતર બાહ્ય ભાવમાં જીવતા હતા. જગતના લોકો બાહ્ય દૃષ્ટિએ જોતાં હોય છે તેથી તે ગુરુને બધા સન્માન આપતા હતા. તેઓનું બહુમાન કરતા હતા પણ બાહ્યભાવમાં જીવતાં ગુરુની અંતરંગ સ્થિતિ માન, માયાના અહંના ભાવથી ભરેલી હતી. અંતિમ સમાધિના સમયે પણ યશ, કીર્તિ, સન્માનના ભાવ રહ્યા. આટલી તપશ્ચર્યા કરવા છતાં ઉત્તમ ગતિને પામી શક્યા નહિ.

અધ્યાત્મને નામે જીવતાં હોય પણ અંતરમાં અધ્યાત્મનું પરિણમન ન હોય તેઓ માટે આ શ્લોક ઘણો મહત્ત્વનો સિદ્ધ થાય છે. **(ક્રમશઃ)**

પરમનો સ્પર્શ - ૯૪

# વ્યર્થ શબ્દ અને સાર્થક મૌન

**પદ્મશ્રી ડો. કુમારપાળ દેસાઈ**

સવારનો સૂર્ય પોતાનાં સોનેરી કિરણોની જાજમ પૃથ્વી પર પાથરતો હતો. આકાશમાં હજી ઉષાની આછેરી લાલી પથરાયેલી હતી. હવામાં હૂંફાળી તાજગી હતી. આવે સમયે મહાત્મા બુદ્ધના વિહારની આસપાસ એમનું શિષ્યવૃંદ એકત્ર થયું હતું. લાંબા સમય પછી મહાત્મા બુદ્ધ આજે મૌન પૂર્ણ કરવાના હતા, આથી ભિખ્ખુઓ, રાજાઓ, શ્રેષ્ઠિઓ અને નગરજનો એમના ઉપદેશની અમૃતવર્ષાનું શ્રવણ કરવા માટે વરસાદની રાહ જોતા ચાતકની પેઠે આતુર હતા.

મહાત્મા બુદ્ધ એમના વિહારના દ્વારની બહાર આવ્યા. મૌનનો સમય પૂરો થવાની ઘડીઓ ગણાતી હતી. એમની અમૃતમયી મધુર વાણી ક્યારે પ્રગટે એની સહુ રાહ જોતા હતા.

ચોતરફ પ્રભાતની એક નિઃસ્તબ્ધ શાંતિ પથરાયેલી હતી. વાતાવરણમાં અવર્ણનીય દિવ્યતાનો સંચાર થયો હતો. આવે સમયે મધુર કલરવ કરતું એક પંખી આવ્યું અને આનંદભેર મસ્તીથી ગીતગુંજન કરવા લાગ્યું. પંખીના કલરવમાં આનંદનો શાંત મહાસાગર લહેરાતો હતો. એના સુંદર ગીતમાં એક પછી એક અવનવા ભાવ ઊભરાતા હતા. વિહારના દ્વારે આવીને ઊભેલા મહાત્મા બુદ્ધ મૌન જ રહ્યા. એમની આંખો બિડાઈ ગઈ. તેઓ એ પંખીનું દિવ્ય ગીત મૌન ધારણ કરીને સાંભળતા રહ્યા.

મહાત્મા બુદ્ધ મૌન હતા, તેથી એમના ભિખ્ખુવૃંદમાં અને જનમેદનીમાં એક નીરવ શાંતિ પ્રસરી ગઈ. અવનવા અને અનોખા ભાવ પ્રગટાવતું પંખીનું એ મધુર ગીત પૂરું થયું, ત્યારે આસપાસની શૂન્યતા વધુ ગહન બની. ચોતરફ અલૌકિક વાતાવરણ છવાઈ ગયું. આ નિઃશબ્દ વાતાવરણમાં એક શબ્દ બોલ્યા વિના મહાત્મા બુદ્ધ એમના વિહારની અંદર ચાલ્યા ગયા ! એમનું આ મૌન એ જ એમના જીવનનું ઉત્કૃષ્ટ પ્રવચન બન્યું.

આવી મૌનની વાણી આજે માનવી ભૂલી ગયો છે. મૌનથી મોટો કોઈ શબ્દ નથી. મૌનના જેવું કોઈ અસરકારક પ્રવચન નથી. જે મૌન કહે છે, તે વાણી લાખ ઉપાય પણ શબ્દોથી વર્ણવી શકતી નથી. શબ્દોમાં આલેખાયેલા કોઈ પણ અનુભવ કરતાં મૌનનો અનુભવ વધુ ગહન અને સઘન હોય છે.

એક વાર શ્રી સહજાનંદ સ્વામીને મળવા માટે સંસ્કૃતના પ્રકાંડ પંડિત દીનાનાથ ભટ્ટ આવ્યા. એમની પંડિતાઈ આગળ ભલભલા પાણી ભરે. શ્લોકો તો એટલા બધા મોઢે કે ગણ્યા ગણાય નહીં. એમની સાથે વાદવિવાદમાં ઊતરવાનું કોઈનું સહેજે ગજું નહીં.

આવા પંડિતનો શ્રી સહજાનંદ સ્વામીએ આદર કર્યો અને એમને પૂછ્યું, ‘‘આપ તો સંસ્કૃતના પ્રકાંડ શાસ્ત્રી છો. આપની વિદ્વત્તાની સર્વત્ર પ્રશંસા સંભળાય છે. આપની યાદશક્તિ પણ અજોડ છે. એક પ્રશ્ન પૂછું ?’’

‘‘પૂછો, જરૂર પૂછો.’’ શાસ્ત્રી દીનાનાથ ભટ્ટને થયું કે સ્વામીજી એમની પરીક્ષા કરવા ચાહે છે.

શ્રી સહજાનંદ સ્વામીએ કહ્યું, ‘‘આપને કેટલા શ્લોકો કંઠસ્થ છે ?’’

પંડિત દીનાનાથ ભટ્ટે જવાબ આપ્યો, ‘‘પૂરા

અઢાર હજાર. કહો તો અત્યારે જ બોલી બતાવું.''

શ્રી સહજાનંદ સ્વામી કહે, ''મારે એ શ્લોકો સાંભળવા નથી, પરંતુ તમારી પાસેથી એ જાણવું છે કે આ અઢાર હજાર શ્લોકોમાંથી કેટલા શ્લોકો તમને મોક્ષ આપવામાં સહાયરૂપ બનશે ?''

પંડિતજી તો ઊંડા વિચારમાં પડી ગયા. આજ સુધી એમણે શ્લોકના મુખપાઠનો વિચાર કર્યો હતો, પણ મોક્ષનો નહીં. આથી એમણે કહ્યું, ''ઓહ ! સ્વામીજી ! આવું મેં કદાપિ વિચાર્યું જ નથી. ક્યારેય એવી કોઈ ગણતરી કરી નથી. એવો કોઈ હિસાબ કદી માંડ્યો જ નથી.''

''તો પછી આટલા બધા શ્લોકો કંઠસ્થ હોવાનો અર્થ શો ? એમ તો પોપટ પણ ક્યાં શ્લોકો ઉચ્ચારતા નથી. જે શાસ્ત્ર મુક્તિ ન અપાવે, તેનો અભ્યાસ કરવાથી શો લાભ ? એનાથી કંઈ આત્માનું કલ્યાણ ઓછું થાય ?''

વિદ્વત્તાના સાગરસમા પંડિત દીનાનાથ સ્વામીને નમી પડ્યા. એમણે વિદ્વત્તા પ્રાપ્ત કરી હતી, પણ તેનો મર્મ સ્વામીજી પાસેથી મળ્યો. શ્લોકનો પાઠ કરનાર શબ્દની ઉપાસના કરે છે. મોક્ષનો વિચાર કરનાર મૌનની ઉપાસના કરે છે. શબ્દને સમજવા માટે એટલી તૈયારીની જરૂર હોતી નથી, જેટલી સજ્જતાની જરૂર મૌનને સમજવા માટે હોય છે. શબ્દને એક સીમા છે. શબ્દ તોડે છે, મૌન જોડે છે. જે વાત શબ્દથી બોલાતી નથી, તે મૌનથી વર્ણવાય છે. મૌનની વાણીમાં જીવનનું અનુસંધાન હોય છે. શબ્દના સીમાડાની બહાર મૌન વસતું હોય છે. શબ્દ જ્યાં વ્યર્થ નીવડે, ત્યાં મૌન સાર્થક બને છે.

માત્ર ચૂપકીદી સેવવી તે મૌન નથી. જવાબ આપવાનો ટાળવો તે મૌન નહીં, બલ્કે છેતરપિંડી-છલના છે. શબ્દનો અભાવ થાય, તેથીય મૌન સર્જાતું નથી. એવા વાચિક મૌનને બદલે મનનું મૌન સાધવાનું હોય છે; જ્યાં ચિત્ત તરંગહીન હોય, જ્યાં માનસ વિચારવિહોણું હોય અને જ્યાં ચૈતન્યનું અનંત સાથે સંધાન થયું હોય. આથી જ મૌનને મન સાથે ઘણો ગાઢ સંબંધ છે. 'શ્રીમદ્ ભગવદ્ગીતા'માં શ્રીકૃષ્ણ કહે છે કે 'આત્મામાં મન પરોવી બીજા કશાનું ચિંતન કરવું નહીં.'

આજે માનવીના જીવનમાં જુદા જુદા સૂરોના કોલાહલની ભીડ જામી છે. ચિત્રવિચિત્ર વાજિંત્રોમાંથી નીકળતા વિવિધ સૂરોએ મધુર સંગીત સર્જવાને બદલે ચોતરફ કોલાહલ ઊભો કર્યો છે. આવો કોલાહલ હોય, ત્યાં સૂર વિનાના સંગીતની જરૂર છે. શબ્દ વિનાની વાણીની જરૂર છે. વિચાર વિનાના મનની જરૂર છે.

આજે બહારનો અપરંપાર સંસાર મનમાં ઊભરાયા કરે છે. નાની નાની બાબતમાં માનવીને ઝીણું કાંતવાની ટેવ પડી ગઈ છે. તુચ્છ વિષયોમાં એનું મન કરોળિયાની માફક જાળું રચાતું જ રહે છે. એ કથા સાંભળવા જાય છે, ત્યારે એને ઊંઘ આવે છે, પરંતુ પલંગ ઉપર સૂવા જાય છે ત્યારે ફિકર અને ચિંતાથી અનિદ્રાના રોગથી પીડાય છે. મન અનેક દિશામાં દોડે છે. એને દિશાહીન કરવાની જરૂર છે. મન વિચારશૂન્ય બને ત્યારે જ મૌન જાગે છે. અત્યારનો સમય કે વિજ્ઞાન એ માનવા માટે તૈયાર નથી કે માનવી વિચાર વગર જીવી શકે, પરંતુ જીવનની પરાકાષ્ઠા તો આ જ છે.

મનની બધી બાબતમાં માપસર બનાવવાની જરૂર છે. મૌનને એક અર્થમાં અ-મન(નો માઈન્ડ)ની અવસ્થા જ કહી શકાય. આવા મનને ઓળખી, એના આવેગોને જાણી, પછી જ શાંત કરી શકાય. આથી સાચું મૌન એકાંત માગે છે. માનવી એકલો આ પૃથ્વી પર આવે છે અને સઘળું છોડીને એકલો જ વિદાય લે છે, પરંતુ જન્મ અને મૃત્યુ વચ્ચેના ગાળામાં એ માનવીઓની ભીડ વચ્ચે જીવતો -

દોડતો - અથડાતો હોય છે. શબ્દોના કોલાહલ સતત સાંભળતો હોય છે. સમય જતાં આ કોલાહલ અને ઘોંઘાટથી એ એના જીવનની શૂન્યતાને ભરી દેવા વ્યર્થ પ્રયત્ન કરે છે. માનવી ટોળાંની ભીડમાં ખોવાઈ જાય છે. મૌન એ એકાંતની છાયા છે. એકાંતને ઓળખવા માટે 'હું'ને જાણવો પડે અને 'તું'થી મુક્તિ મેળવવી પડે.

મૌન એ દિવ્ય વિચારોનું પવિત્ર મંદિર છે. એક અર્થમાં તો મૌન એ વાતચીત કરવાની સૌથી મોટી અને આગવી કળા છે. ભગવાન મહાવીરે સંસારત્યાગ કર્યા પછી સાધનાકાળના સાડા બાર વર્ષ દરમિયાન મૌન જ ધારણ કર્યું હતું. ક્વચિત્ જ દેશના (ઉપદેશ) આપ્યો છે. રમણ મહર્ષિ લાંબા ઉપદેશને બદલે મૌનથી અધ્યાત્મ અનુભવ આપતા હતા, જ્યારે મહર્ષિ અરવિંદ ઘોષે સત્તર વર્ષ સુધી મૌનની આરાધના કરી હતી.

મૌન વિશે કેટલીક ભ્રાંતિ પ્રવર્તે છે. એક તો મૌનને નિષ્ક્રિયતા માનવામાં આવે છે, પરંતુ મૌન એ નિષ્ક્રિયતા નથી, બલ્કે વિશિષ્ટ પ્રકારની જાગૃતિ છે. આખું વિશ્વ ઉધમાત કરવું ગતિમાન હોય, ત્યારે તમે એનાથી સહેજે લોપાયા વિના જાગૃતિનો અનુભવ કરશો. કંઈક ન કરવામાં પણ ક્રિયા રહેલી છે. આવી મૌનની ક્રિયાથી હૃદયમાં શાંતિ પ્રગટશે. કંઈક કરું છું એવો ભાવ કરવાથી મનમાં થતી તંગદિલી દૂર થશે. જ્યારે મૌનનું ભાવજગત ભિન્ન છે. મૌનનું વિશિષ્ટ પ્રકારનું કર્મ છે. કર્મનો ત્યાગ નથી.

કેટલીક વ્યક્તિઓ મૌન સમયે બીજાને લખીને પોતાની વાત કહે છે. માત્ર વાચિક મૌન પાળનારાઓ માટે આ યોગ્ય છે, કિંતુ પરમ મૌનમાં તો મન સરોવરના જળ જેવું વિચારહીન, તરંગહીન, શાંત થઈ જવું જોઈએ. મૌન વખતે લખીને કહેવાથી મન દુનિયાના વિચારો સાથે સંલગ્ન થઈ જાય છે. આત્મખોજીને આવું મૌન ઉપકારક નથી. મૌન સ્વાભાવિક હોવું જોઈએ, બળજબરીથી લદાયેલું મૌન એ વ્યક્તિમાં કૃત્રિમતા આણે છે. મૌન સાથે માણસના જીવનનો ઉલ્લાસ છલકવો જોઈએ. એની સામે કોઈ બહુ બોલ-બોલ કરે, તો પણ એને કંટાળો આવવો જોઈએ નહીં. સાચા સાધક કે સાચા મૌનના ચહેરા પર તમે ક્યારેય ઉદાસીનતા કે અણગમો જોશો નહીં, કારણ કે મૌન એ ભાવનો અભાવ નથી, બલ્કે વિધાયક આનંદ છે.

ઈશ્વરે બોલવા માટે એક જીભ આપી છે, અને સાંભળવા માટે બે કાન આપ્યા છે. એની પાછળનો એવો સંકેત છે કે સાંભળો વધારે અને બોલો ઓછું. જ્યારે આપણે તો બોલીએ છીએ વધુ અને સાંભળીએ છીએ ઓછું. બોલવામાં માનવીની શક્તિનો ઘણો વ્યય થાય છે. દુર્ભાગ્યે મોબાઈલને કારણે વાતોડિયા, વાચાળ, બાહ્ય જગતમાં ડૂબેલા સમાજનું નિર્માણ થયું છે.

મૌનની પ્રક્રિયા જેટલી સહેલી લાગે છે તેટલી સહેલી નથી. યોગશાસ્ત્રમાં નાદબ્રહ્મ અને શાંતબ્રહ્મની વાત છે. આ દરેકનું પરિણામ શાંતિ છે. મૌનને શાંતિ કહી શકાય, અને આ શાંતિ જ જીવનનો પાયો છે. આજે જ્યારે જીવન સમરાંગણ બન્યું છે, ત્યારે એને સમતાંગણ બનાવવા માટે શબ્દોની ભીડમાંથી, માનવીઓના ટોળાંમાંથી, અવાજોના કોલાહલમાંથી બહાર નીકળીને સ્વયંની પહેચાન માટે કોઈ એકાંત ખૂણે વિચારની તરંગલીલા સમાપ્ત કરીને મૌનમાં લીન-તલ્લીન થવાની જરૂર છે. ■ ■ ■

**મહાત્મા થવું હોય તો ઉપકારબુદ્ધિ રાખો; સત્પુરુષના સમાગમમાં રહો; આહાર, વિહારાદિમાં અલુબ્ધ અને નિયમિત રહો; સત્શાસ્ત્રનું મનન કરો; ઊંચી શ્રેણીમાં લક્ષ રાખો.**

**- શ્રીમદ્ રાજચંદ્રજી**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૫૩)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

અધ્યાત્મ જ્ઞાનદિવાકર, આત્મિક ચૈત્ય સુધારક, ચૈતન્ય વિલાસીઓના પ્રેમાકર અને રત્નત્રયી આરાધકોના આશાકર એવા પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીના સત્ ગિરાના પત્રાંક ૨૫૮માં પરમોત્કૃષ્ટ ભાવ ઉદ્‌ઘાટિત થયો છે.

ૐ સત્

બિના નયન પાવે નહીં, બિના નયન કી બાત;
સેવે સદ્‌ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્.
બૂઝી ચહત જો પ્યાસ કો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.
એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
કઈ નર પંચમકાળ મેં, દેખી વસ્તુ અભંગ.
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.
જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંત કી, પાઈ કૃપા અનૂપ.
પાયા કી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષ કે, તો સબ બંધન તોડ.

આ ગહન અધ્યાત્મગિરામાં અનેક અધ્યાત્મ રહસ્ય ગુપ્ત રહ્યા છે. મર્મ જ્ઞાનીના હૃદયમાં છે. કારણ સદા જ્ઞાની જ્ઞાનધારામાં પરિણમે છે. આત્મ-અનુભવની વાત અકલ્પ્ય અને અપૂર્વ તથા અમૂલ્ય છે.

આપણે 'સમાધિતંત્ર' ગ્રંથનો અભ્યાસ કરી રહ્યા છીએ. આત્મસ્વરૂપની પ્રાપ્તિ કેમ થાય તેની ગરિમાપૂર્ણ કથા શ્લોક ૩૨માં શ્રી પૂજ્યપાદ આચાર્યે વર્ણવી. હવે શ્લોક ૩૩માં બાહ્ય તપશ્ચર્યાની પ્રધાનતા સાથે લખે છે કે

**यो न वेत्ति परं देहादेवमात्मानमव्ययम् ।**
**लभते स न निर्वाणं तप्त्वाऽपि परमं तपः ॥३३॥**

**અન્વય :**

**एवं यः अव्ययं आत्मानं देहात् परं न वेत्ति**
**सः परमं तपः तप्त्वा अपि निर्वाणं न लभते ॥**

**શબ્દાર્થ :** एवं - કહ્યા પ્રમાણે, यः - જે, अव्ययं - અવિનાશી, आत्मानं - આત્માને, देहात् - દેહથી, परं न वेत्ति - ભિન્ન જાણતો નથી, सः - તે, परमं - ઘોર, અતિશય, तपः तप्तवा अपि - તપશ્ચર્યા કરતાં છતાં પણ, निर्वाणं - મોક્ષને, न लभते - (મોક્ષને) પ્રાપ્ત થતો નથી.

**ભાષાન્તર :** જે જીવ કહ્યા પ્રમાણે અવિનાશી આત્માને દેહથી ભિન્ન જાણતો નથી, તે ઘોર તપશ્ચર્યા કરતાં છતાં પણ મોક્ષને પ્રાપ્ત કરતો નથી.

**ભાવાર્થ :** શ્રી પૂજ્યપાદ આચાર્ય સમભાવની પ્રાપ્તિ કેમ થાય; ભવભ્રમણમાં ભમતા જીવને મોક્ષદશા કેમ પ્રાપ્ત થાય; ખોટી માન્યતાથી કેમ મૂકાય; ગુપ્ત વિપરીત અભિપ્રાયમાંથી મુક્ત કેમ થાય તેનો અંગુલિનિર્દેશ કરે છે.

જેની મતાગ્રહ, કદાગ્રહ તથા સ્વચ્છંદની મુક્તિ થાય છે તેને સત્ માર્ગ હાથ લાગતા, સદ્‌ગુરુની ભીતરી દશાની દૃષ્ટિ થતાં, તેનો નિર્વાણમાર્ગે પ્રવેશ થાય છે. તેને માટે ભેદજ્ઞાન આવશ્યક છે. તે દૃષ્ટિ આ શ્લોકમાં કહી છે.

આ જીવ અને આ દેહ એવા ભેદનો ઉકેલ ન

થાય તો ગમે તેટલા વ્રત-પચ્ચખાણ કરે પણ તે મોક્ષાર્થે થાય નહિ. શુભ ભાવ થતો હોવાથી પુણ્યનો બંધ થાય છે. કર્મનો - બંધનો અભાવ થતો નથી. માટે પરમકૃપાળુદેવની દિવ્યગિરા કહે છે,

"છે દેહાદિથી ભિન્ન આતમા રે
ઉપયોગી સદા અવિનાશ;
મૂળ મારગ સાંભળો જિનનો રે..."

દેહ આદિ કહીને નોકર્મ, દ્રવ્યકર્મ અને ભાવકર્મ બધાથી ભિન્ન આત્મા છે. સદા સર્વદા ઉપયોગ લક્ષણે વર્તે છે. માટે ભેદજ્ઞાન પરમ આવશ્યક છે.

સિદ્ધહસ્ત ગ્રંથ 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં કહ્યું –

"ભાસ્યો દેહાધ્યાસથી, આત્મા દેહ સમાન;
પણ તે બંને ભિન્ન છે, પ્રગટ લક્ષણે ભાન."

આત્મા અને દેહ-જડ પુદ્ગલ બંનેના લક્ષણો ભિન્ન ભિન્ન છે. દેહ લોહી, માંસ, મજ્જાથી ભરેલો છે, જ્યારે આત્મા શાશ્વત સુખથી સભર છે. દેહ નવ મળદ્વારોથી દુર્ગન્ધમય છે, જ્યારે આત્મા જ્ઞાન-દર્શનના બે દ્વારોથી પરભાવના મેલથી દૂર રહે છે. દેહ બાહ્ય ચામડીથી વીંટળાયેલો છે, આત્મા ચૈતન્યમાર્ગથી વીંટળાયેલો છે. દેહની બાહ્ય શોભા ચામડીને કારણે લાગે છે, આત્મા તો ચૈતન્યની શોભાથી શોભાન્વિત છે. દેહમાં અનેક રોગો ભર્યા છે, આત્મા શુદ્ધ નિરામય તત્ત્વ છે. દેહ નાશવાન છે, આત્મા અવિનાશી છે. દેહ વર્ણ - ગંધ - રસ - સ્પર્શથી યુક્ત રૂપી તત્ત્વ છે, આત્મા અખંડાનંદ, આનંદઘન અરૂપી તત્ત્વ છે. અનુભવે સમજાય છે. આ પ્રકારની વિચારણા જરૂરી છે, જેથી પરમતત્ત્વમાં પ્રવેશ થાય.

**વિશેષાર્થ :**

**યઃ એવં દેહાત્ પરં અવ્યયં આત્માનં ન વેત્તિ** – દેહથી ભિન્ન આત્મા છે તેને તે જાણતા નથી. अव्ययम् ની આ પરિભાષાનો અભ્યાસ ગહનતા આપે છે. उत्पादव्ययध्रौव्येण प्रतिसमयं प्रवर्तमानेऽपि त्रिकालेऽपि न व्ययं नाशं इति अव्ययम् જે પ્રતિસમય ઉત્પાદ, વ્યય, ધ્રુવ રૂપે પ્રવર્તમાન છે છતાં ત્રિકાલીક તેનો નાશ નથી તે અવ્યય છે. આ દષ્ટિ આત્મ-અભિમુખ થવામાં સહાયક બનનારી છે.

ખરેખર તો દેહ દેહભાવે પરિણમે છે અને ચેતન ચેતનભાવે પરિણમે છે. અનાદિકાળથી દેહ સાથે રહેવા છતાં બંને ભિન્ન જ રહે છે. એમ વિચારીને દેહથી ભિન્નતાનો અભ્યાસ થઈ શકે છે. દેહથી ભિન્ન થવાય છે. જે જીવને ભવભ્રમણનો થાક લાગ્યો નથી, ભવાટવીમાં ભમતા ભમતા ક્યાંય શાંતિની એક ક્ષણ પણ મળતી નથી તો પણ સુખ પ્રાપ્ત કરવા બાહ્ય પદાર્થોમાં ફાંફા મારી રહ્યો છે. મને સ્ત્રીથી સુખ મળે, મને સંપત્તિથી સુખ મળે, મને પુત્ર-પરિવારથી સુખ મળે એમ બાહ્ય પદાર્થોમાંથી સુખ માટે લાલાયિત થાય છે પણ બહારમાં ક્યાંય સુખની પ્રાપ્તિ થાય તેમ નથી કારણ બાહ્ય પદાર્થોમાં સુખ છે જ નહિ. માત્ર ભ્રાન્તિથી કલ્પના કરી, માન્યતામાં ભરી દીધું છે કે મને આ પદાર્થોમાંથી સુખ મળશે. કોઈ જીવને મૃગજળથી તૃષા છીપી હોય એવું સાંભળ્યું નથી. કારણકે મૃગજળનું અસ્તિત્વ જ નથી. કોઈએ આકાશના પુષ્પો સુંઘ્યા નથી કે કોઈએ સસલાના શૃંગ-શીંગડા જોયા નથી. માત્ર ભ્રાન્તિથી જીવ માન્યતામાં હેરાન થઈ રહ્યો છે. તે માન્યતાથી મુક્ત થાય, સત્ય વસ્તુ સમજાય તો સત્યમાર્ગ મળે છે.

અહીં તો પૂ. આચાર્ય દેવ સમજાવે છે કે જેણે દેહ અને આત્મા ભિન્ન છે એવું જાણ્યું નથી તે અધ્યાત્મમાર્ગનો પથિક બની શકતો નથી.

**[૨] परमं तपः** : ઘોર - અતિશય તપ. ઘોર તપનું આચરણ કરે તો પણ આધારભૂત દેહ અને

**(અનુસંધાન પાના નં. ૮ પર...)**

# શ્રી દર્શનસ્તુતિ - એક અનુચિંતન

**(રચયિતા : પંડિતવર્ય દૌલતરામજી) (ક્રમાંક - ૧૭)**

**આધાર : પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વાધ્યાય તથા અન્ય વિવેચન**

**પૂજ્ય બહેનશ્રી ડો. શર્મિષ્ઠાબેન સોનેજી**

**(ગાથા : ૧૭)**

**त्रिभुवन तिहुंकाल मंझार कोय,**
**नहि तुम बिन निज सुखदाय होय ।**
**मो उर यह निश्चय भयो आज,**
**दुःखजलधि उतारन तुम जिहाज ॥**

**શબ્દાર્થ :** ત્રણ લોક અને ત્રણે કાળમાં તમારા સિવાય કોઈ સુખદાયક નથી. (તમારા ચરણ-શરણથી જ મને સાચા સુખનો અંશ પ્રગટ્યો છે.) તેથી આજે મને નિશ્ચય થઈ ગયો છે કે આ દુઃખરૂપી સંસાર-સાગરથી પાર ઉતારવા માટે તમે મારી નાવ છો.

**વિશેષાર્થ :**

સાધક જીવને - ભક્તને સૌથી વધારે પરમાત્મા અને સદ્‌ગુરુ ગમે છે. એવું થાય ત્યારે જ પરમાત્મા મળે, આત્મદર્શન-સમ્યગ્‌દર્શન થાય.

त्वमेव माता च पिता त्वमेव
त्वमेव भ्राताश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव
त्वमेव सर्वं मम देव देव ॥

સમ્યગ્‌દર્શન થતાં દૃષ્ટિ- અભિપ્રાય બદલાઈ જાય છે. જીવનમાં પરમાત્મા અને તેમનો પ્રરૂપેલ ધર્મ તે પહેલા અને દેહ-સ્વજનો-પરિવાર પછી. આમ, પ્રાથમિકતા બદલાઈ જાય છે.

- ધર્મ અર્થે ઈહાં પ્રાણનેજી છાંડે પણ નહીં ધર્મ;
  પ્રાણ અર્થે સંકટ પડે જી, જુઓ એ દૃષ્ટિનો મર્મ
  મનમોહન જિનજી મીઠી તાહરી વાણ.

**— આઠદૃષ્ટિની સજ્જાય, ઉપાધ્યાયશ્રી યશોવિજયજી**

આ સંસારમાં ત્રણેયલોક તથા ત્રણેયકાળમાં (ભૂત, વર્તમાન, ભવિષ્ય) તમારા જેવો મારો કોઈ હિતેચ્છુ નથી. તમે મારા પરમકલ્યાણ મિત્ર છો. પરમાત્મા સિવાય મારું બીજું કોઈ શરણ નથી.

- અશરણ કે તુમ શરણ હો, નિરાધાર આધાર,
  મૈં ડૂબત ભવસિંધુ મેં ખેઓ લગાઓ પાર.

**— શ્રી વિનયપાઠ**

- સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી,
  આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી;
  અનાથ એકાંત સનાથ થાશે,
  એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.

**— શ્રીમદ્‌ રાજચંદ્રજી**

- आलंबनं भवजले पततां जनानाम् ।

**— શ્રી ભક્તામર સ્તોત્ર**

હે પ્રભુ ! તમારી કૃપાથી, તમારા દર્શનરૂપ પ્રેરક નિમિત્ત પામીને તથા કાળલબ્ધિ પરિપાક થવાથી મને મારા સ્વરૂપનો અનુભવ થઇ ગયો છે, જેને લીધે મને પરમશાંતિ અને સહજ સુખ પ્રગટ્યું છે. મને સંસારની કોઈ પણ ઇચ્છા રહી નથી. તમે મને આત્મસ્વરૂપનો નિર્ણય કરાવી દીધો તે માટે તનથી, મનથી, ધનથી અને આત્માથી તમારા ચરણનું શરણ સ્વીકારું છું.

- "આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન;
  દાસ, દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

**— શ્રી આ. સિ. ગા. ૧૨૬**

સાધકને નિશ્ચય સમ્યગ્‌દર્શન થવાથી તેના આઠ અંગ પ્રગટી જાય છે. તેમાં પ્રથમ નિઃશંકિત્વ અંગ કહ્યું છે.

તે પ્રગટવાથી મુમુક્ષુ-સાધકને એવું દઢ શ્રદ્ધાન થઈ જાય છે કે પોતાના આત્મા સિવાય સંસારમાં ક્યાંય સુખ નથી અને પરમાત્મા, શ્રી સદ્‌ગુરુ અને તેમની વાણીનું અવલંબન જ આપણને સંસાર-સાગરથી પાર ઉતારવા જહાજ સમાન છે.

- સત્ કી નાવ ખેવટિયા સદ્‌ગુરુ,
  ભવસાગર તરી આયો;
  પાયોજી મૈને રામ રતન ધન પાયો.
  **– ભક્ત કવયિત્રી મીરાંબાઈ**
- હું પ્રભુનો પ્રભુ છે મમ રક્ષક
  એહ ભરોસો જાય નહીં;
  જે પ્રભુ કરશે તે મમ હિતનું,
  એ નિશ્ચય બદલાય નહીં.
  **– ભક્તકવિ હરિદાસ**
- મેરુ તો ડગે પણ જેનાં મન ના ડગે રે,
  ભલે ભાંગી પડે બ્રહ્માંડ રે;
  વિપત પડે પણ વણશે નહીં રે,
  સોહી હરિજનનાં પરમાણ રે.
  **– ભક્ત કવયિત્રી ગંગાસતી**

આ પ્રમાણે સમ્યક્‌દૃષ્ટિ મહાત્મા નિઃશંક બની જાય છે. અને તેથી નિર્ભય બની અસંગ બની ક્રમે કરીને પરમપદને પ્રાપ્ત કરી લે છે.

- નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે,
  અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.
  **– શ્રીમદ્ રાજચંદ્ર પ. ૨૫૪**

હવે ભક્ત પંડિતવર્ય અંતિમ દોહો લખે છે :

**तुम गुणगणमणि गणपति**
**गणत न पावहि पार ।**
**'दौल' स्वल्पमति किम कहै,**
**नमूं त्रियोग संभार ॥**
**(ગાથા - ૧૮)**

**શબ્દાર્થ :** આપના ગુણો રૂપી રત્નોને ગણવા માટે ગણધરદેવ પણ સમર્થ નથી. તો પછી મારા જેવા અલ્પમતિ 'દૌલતરામ' તેનું વર્ણન કેવી રીતે કરી શકે ? તેથી હું મન, વચન, કાયા - ત્રણે યોગની એકાગ્રતાથી આપના ચરણારવિંદમાં વારંવાર નમસ્કાર કરું છું.

## વિશેષાર્થ :

**મહાપુરુષોએ કરેલા ભગવાનના ગુણોનું વર્ણન :**

પરમાત્મા અનંત ગુણોના ભંડાર છે. આચાર્યવર શ્રી જિનસેન આચાર્ય, શ્રી હેમચંદ્રાચાર્ય આદિ મહાપુરુષોએ ભગવાનના ૧૦૦૮ ગુણનું આલેખન કર્યું છે. ભગવાનના ગુણો, વાણીનો વિષય નથી. 'અપૂર્વ અવસર'માં પરમકૃપાળુદેવ જણાવે છે :

- જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
  કહી શક્યા નહીં પણ તે શ્રી ભગવાન જો;
  તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે ?
  અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.
- ક્ષમાપનાના પાઠમાં તેઓ દર્શાવે છે :
  "તમે નીરાગી, નિર્વિકારી, સચ્ચિદાનંદ-સ્વરૂપ, સહજાનંદી, અનંતજ્ઞાની, અનંતદર્શી અને ત્રૈલોક્ય પ્રકાશક છો."
- ઘનઘાતીકર્મ વિહીન ને ચોત્રીસ અતિશયયુક્ત છે,
  કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અરિહંત છે.
  છે અષ્ટકર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
  શાશ્વત પરમ ને લોકઅગ્ર વિરાજમાન શ્રી સિદ્ધ છે.
  **– શ્રી નિયમસાર ગાથા ૭૧-૭૨**
- જેઓએ રાગ-દ્વેષ આદિ અઢાર દોષોનો નાશ કરી દીધો છે તેથી વીતરાગ છે, જેઓ લોકાલોકને જાણનારા સર્વજ્ઞ છે, જેઓ આગમના ઈશ એટલે આગમના ઉપદેશક, હિતોપદેશી છે - તેઓ આપ્તપુરુષ એટલે પરમાત્મા છે
  **– શ્રી રત્નકરણ્ડ શ્રાવકાચાર, ગાથા ૫**

- શ્રી ભક્તામર સ્તોત્રમાં શ્રી માનતુંગ આચાર્ય ફરમાવે છે :

"સર્વે ઊંચા ગુણ પ્રભુ અહો! આપમાંહી સમાયા,
તેમાં કાંઈ નથી નવીનતા ધારીને છત્રછાયા;
દોષો સર્વે અહીં તહીં ફરે દૂર ને દૂર જાય,
જોયા દોષો કદી નવ પ્રભુ ! આપેન સ્વપ્નમાંય."

- ભક્ત કવિ પુનિત મહારાજ કહે છે,

યોગીશ્વર નવ જાણે ભેદો, ગુણલા ગાતાં થાકે વેદો,
પામર ક્યાંથી જાણે પુનિતને, ગુણગુણના ભંડાર પ્રભુજી.

- ગુણ અનંતા સદા તુજ ખજાને ભર્યા,

એક ગુણ દેત મુજ શું વિમાસો ?
રયણ એક દેત શી હાણ રયણાયરે ?
લોકની આપદા જેણે નાસો.
— ઋષભ જિનરાજ મુજ
— ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ

## ઉપસંહાર :

અત્યંત ભક્તિભાવથી ભરેલી પૂજ્ય ભક્તકવિ શ્રી દૌલતરામજી વિરચિત આ 'દર્શનસ્તુતિ' આપણા ભાવોને પણ ખૂબ ઉલ્લસિત કરે છે. આ સ્તુતિમાં ભક્તની લઘુતા, સમતા અને એકતારૂપ ભક્તિ એટલે કે પરાભક્તિનું દર્શન થાય છે.

આપણે એ પરમાર્થ ગ્રહણ કરવાનો છે કે જો આપણો આત્મા (ઉપાદાન) જાગૃત હોય અને પ્રભુ ગુરુની આજ્ઞા પ્રમાણે પુરુષાર્થ કરીએ ત્યારે કાળલબ્ધિ પણ પાકી જાય છે અને ભગવાનના દર્શનનું ઉત્તમ નિમિત્ત મળતાં ચિત્ત પરમાત્મામાં લીન બની જાય છે. આમ, ધ્યાનમાં એકાગ્રતા થતાં એક અમૂલ્ય ક્ષણે 'આત્મદર્શન' રૂપ અમૂલ્ય રત્નની પ્રાપ્તિ થઈ જાય છે - જે દ્વારા આપણા સંસારના અનંત પરિભ્રમણનો અંત આવી જાય છે અને પ્રભુ-ગુરુકૃપાથી મોક્ષમાર્ગ પર આરૂઢ થઈ થોડાક (બે-ચાર અથવા વધુમાં વધુ પંદર) ભવોમાં પરમપદને પામી શકીએ છીએ.

'દર્શનસ્તોત્ર'માં કહ્યું છે :

**दर्शनं जिन सूर्यस्य संसार ध्वांतनाशनं**
**बोधनं चितपद्मस्य समस्तार्थ प्रकाशनं ।**

**અર્થ :** જિનેન્દ્ર ભગવાનરૂપ સૂર્યના દર્શન સંસારના અંધકારનો નાશ કરે છે. કેવળજ્ઞાનરૂપી હૃદયકમળનો વિકાસ કરે છે, તથા સમસ્ત પદાર્થોને પ્રકાશિત કરે છે.

આ ઉત્તમ દર્શનસ્તુતિના ભક્તિસભર ભાવો ભગવાનના દર્શન કરતી વખતે આપણામાં પ્રગટે અને તેમની વીતરાગમુદ્રાના દર્શનથી આપણી 'આત્મજયોતિ' પ્રકાશિત થાય એવી શ્રી પ્રભુ-ગુરુને ત્રિયોગ પ્રણામ કરીને અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરીને લેખનને વિરામ આપીએ છીએ. શ્રી પ્રભુ-ગુરુની આજ્ઞા વિરુદ્ધ પ્રરૂપણા થઈ હોય તો ક્ષમાયાચના કરું છું.

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

---

## પરમ આત્મસાધક : શ્રીમદ્ રાજચંદ્ર

**(પાના નં. ૩૫ પરથી ચાલુ...)**

'એમની કૃતિઓમાં તત્ત્વજ્ઞાનનાં ઝરણાં વહે છે.' આ રીતે તેઓ જૈન ધર્મના આધુનિક ભાષ્યકાર હતા.

### પરમપદ પ્રતિ પ્રયાણ

આમ તો સને ૧૮૯૬થી જ શ્રીમદ્‌ની આંતરિક ઈચ્છા દીક્ષા લેવાની હતી. દેહાવસાનના એક વર્ષ અગાઉ સંસારનાં સઘળાં બંધનો ત્યાગી તેઓ વાનપ્રસ્થી બન્યા. દરમ્યાન સંગ્રહણી થતાં શરીર ખૂબ દૂબળું પડતું ગયું. તેના એક વર્ષ બાદ સંવત ૧૯૫૭ના ચૈત્ર વદ પાંચમ (મંગળવાર) અને તારીખ ૯મી એપ્રિલ, ૧૯૦૧)ના રાજકોટ ખાતે તેઓ દેહમુક્ત થયા.

શરીર દુર્બળ, પરંતુ દઢ મનોબળ શું કરી શકે તેનું પ્રભાવી પ્રતીક શ્રીમદ્ રાજચન્દ્ર છે. ગુજરાત-મહારાષ્ટ્રમાં એમનો મોટો અનુયાયીવર્ગ છે.

# શ્રી દેવચંદ્રજી ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

### ૬ઠ્ઠા તીર્થંકર શ્રી પદ્મપ્રભુ ભગવાન સ્તવન

શ્રી પદ્મપ્રભુ આદિ તીર્થંકરોના પ્રબળ અવલંબન વિના આત્મસિદ્ધિ થવી અસંભવ છે, અશક્ય છે. એ તથ્યનો સ્વીકાર સર્વ જ્ઞાનીપુરુષોએ એકમતે નિર્વિવાદપણે કર્યો છે. નિમિત્તનું આવું અનિવાર્યપણું પ્રભુના અનન્ય ભક્ત એવા ગણિશ્રી દેવચંદ્રજી આ સ્તવનમાં અત્યંત સંવેગપૂર્વક વિવિધ દૃષ્ટાંતો વડે આપણા હૃદયમાં પ્રસ્થાપિત કરી રહ્યાં છે, જેથી 'મોક્ષમાર્ગ સ્વ-આશ્રિત છે' એવો એકાંત પકડી આપણે સ્વચ્છંદમાં ન પ્રવર્તીએ. બીજ - વૃક્ષ અને સૂર્યોદય - એમ બે દૃષ્ટાંત દ્વારા પ્રભુસંયોગ અને પ્રભુધ્યાનના નિમિત્તથી સાધકનું ઉપાદાન કેવું જાગૃત થાય છે એ બતાવ્યું. નિમિત્ત-ઉપાદનની આવી સુંદર સંધિ હવે બીજા બે દૃષ્ટાંત દ્વારા પુષ્ટ કરે છે :

**લબ્ધિ સિદ્ધિ મંત્રાક્ષરે રે લાલ,**
**ઊપજે સાધન સંગ રે; વા.**
**સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ,**
**પ્રગટે તત્ત્વીરંગ રે. વા.**
**— તુજ દરિશણ૦ ૫**

**શબ્દાર્થ :** મંત્રાક્ષરથી જે લબ્ધિ - સિદ્ધિ જોવામાં આવે છે તે કોઈ યોગ્ય સાધકની યોગસાધનાના સંગથી, નિમિત્તથી થાય છે. (એ જ રીતે) તત્ત્વી એવા પરમાત્માના રંગથી જ સાધકમાં અધ્યાત્મરૂપી તત્ત્વતા સહજપણે પ્રગટે છે. (લબ્ધિ = ચમત્કારિક શક્તિ; તત્ત્વી = જેમનામાં તત્ત્વ પૂર્ણ પ્રગટ્યું છે તેવા પરમાત્મા)

**વિશેષાર્થ :** કોઈ કોઈ ઉત્તમ સાધકને પોતાની વિશિષ્ટ યોગસાધના કે વિશિષ્ટ તપની સાધનાના ફળસ્વરૂપે એવા મંત્રની, મંત્રાક્ષરની સિદ્ધિ પ્રાપ્ત થઈ હોય છે કે જેનું નિમિત્ત પામી નવનિધિ, અષ્ટપ્રકારી સિદ્ધિ, આકાશગામિની વિદ્યા આદિ લબ્ધિ અને સિદ્ધિરૂપ કાર્ય નીપજે છે. (આવો સિદ્ધિજોગ કોને, કઈ રીતે હોય છે તે વિશે, પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક - ૪૦૯, ૪૧૧, ૪૫૦માં પ્રકાશ પાડ્યો છે).

અહીં શ્રી દેવચંદ્રજીએ આ વાતને દૃષ્ટાંતરૂપે લીધી છે કે જેમ યોગસાધનથી ઉપજેલ મંત્રના નિમિત્તથી લબ્ધિ-સિદ્ધિરૂપ કાર્ય થાય છે, તેમ તત્ત્વી અર્થાત્ તત્ત્વના ધારક એવા વાલ્હેસર પ્રભુનો રંગ લાગતાં, પ્રભુના યોગનું ઉત્તમ નિમિત્ત પામી, સાધકનું ઉપાદાન જાગૃત થઈ તેનામાં સહજપણે, સહજાત્મસ્વરૂપ એવી તત્ત્વતા સહેલાઈથી પ્રગટે છે. જેને સંસારની મોહમાયાનો રંગ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જળથી ઊતરી ગયો છે, તેવા ઉત્તમ મુમુક્ષુને તત્ત્વી એવા પરમાત્માની ભક્તિથી તેમની શુદ્ધતાનો, વીતરાગતાનો રંગ લાગે છે, કષાયભાવોનો રંગ આછો પડતો જાય છે, ક્રમશઃ ક્ષીણ થાય છે. પ્રભુના બોધવચનોનું ચિંતન મનન, નિદિધ્યાસન વધતાં વધતાં સાધકને "સહજ અધ્યાતમ તત્ત્વતા રે લાલ" — સર્વ તત્ત્વોના સારરૂપ સહજાત્મસ્વરૂપ, શુદ્ધ આત્મતત્ત્વની અનુભૂતિ થાય છે. આવો છે પ્રભુદર્શનના રંગનો મહિમા, જે હજુ એક વધુ દૃષ્ટાંત દ્વારા શ્રી દેવચંદ્રજી સિદ્ધ કરે છે :

**લોહ ધાતુ કંચન હુવે રે લાલ,**
**પારસ ફરસન પામી રે; વા.**
**પ્રગટે અધ્યાતમ દશા રે લાલ,**
**વ્યક્ત ગુણી ગુણગ્રામ રે. વા.**
**— તુજ દરિશણ૦ ૬**

**શબ્દાર્થ :** જેમ પારસમણિનો સ્પર્શ પામી લોહ ધાતુ તે કંચન બને છે, તેમ વ્યક્તપણે ગુણી એવા પ્રભુના ગુણગ્રામ કરવાથી (ભક્તને) અધ્યાત્મ દશા પ્રગટે છે. (લોહ ધાતુ - લોખંડ; પારસ - પારસમણિ; ફરસન - સ્પર્શ; ગુણી - ગુણોના ધારક પરમાત્મા; ગુણગ્રામ - ગુણાનુવાદ, ગુણગાન, ભક્તિ)

**વિશેષાર્થ :** પારસમણિના સ્પર્શથી લોઢું તે સુવર્ણ બને છે એવી લોકોક્તિ સર્વવિદિત છે. એ જ રીતે પ્રભુનો સ્પર્શ જો થાય તો આપણામાં અધ્યાત્મદશા અર્થાત્ સચ્ચિદાનંદમય શુદ્ધાત્મદશા પ્રગટે છે. પણ પ્રભુની ફરસના, પ્રભુનો સ્પર્શ કઈ રીતે થાય તેવો પ્રશ્ન સહજપણે ઉદ્ભવે તે માટે શ્રી દેવચંદ્રજી કહે છે, **"વ્યક્ત ગુણી ગુણગ્રામ."** અનંત શુદ્ધ ગુણો જેમનામાં વ્યક્ત થયા છે, પ્રગટ્યા છે એવા ગુણી, ગુણોના ધારક પરમાત્માના ગુણગાનથી પ્રભુનો સ્પર્શ થાય છે, જેનાથી આ લોહરૂપી અજ્ઞાની જીવમાં કંચનરૂપ શુદ્ધ અધ્યાત્મદશા પ્રગટે છે. પ્રભુના ગુણગાનરૂપ પ્રભુભક્તિના સ્પર્શથી પ્રભુના ગુણો જેમ કે, ક્ષમા, માર્દવ, આર્જવ આદિ દસ ધર્મો, તેમજ પ્રભુની વીતરાગતા, નિર્વિકારીપણું, પરમ શાંતિ, સહજાનંદપણું આદિ અનેક સદ્ગુણોનો સાધકમાં સંચાર થવા માંડે છે અને અંતે *"તેનાં નેણ ને વેણ બદલાઈ જાય"* એવી **"પ્રગટે અધ્યાતમદશા રે લાલ !"** તેથી જ શ્રી અમિતગતિ આચાર્ય 'સામાયિક પાઠ'માં ભાવના કરે છે :

*શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,*
*આ દાસ તારો હૃદયથી ગુણ ગાય તુજ સામર્થ્યના;*
*પ્રગટતાં જો ગુણ બધાં મુજ આત્મમાં સદ્ભાવથી,*
*શુભ મોક્ષને વરવા પછી પ્રભુ વાર ક્યાંથી લાગતી ?*

લોહ - પારસ - કંચનના દૃષ્ટાંતમાં તો મર્યાદિતપણું છે, કારણ કે પારસ તે લોહને માત્ર કંચન બનાવે છે, પણ પોતાની જેમ પારસ નથી બનાવતો, જ્યારે પ્રભુસ્પર્શ તો જીવને સ્વયં પ્રભુ જેવો બનાવે છે ! તેથી જ કહ્યું છે કે

*"પારસ મેં ઔર સંત મેં (પ્રભુ મેં) બડો અંતરો જાન,*
*વો લોહા કંચન કરે, વો કરે આપ સમાન."*

શ્રી દેવચંદ્રજીએ ચાર દૃષ્ટાંતો દ્વારા પ્રભુરૂપી નિમિત્તનું માહાત્મ્ય આપણામાં દૃઢ કરાવ્યું. પરંતુ આપણી સાધનામાં અલ્પાંશે પણ આ નિમિત્ત ગૌણ ન થઈ જાય તે માટે આ નિમિત્તનો વધુ મહિમા બતાવતાં ગણિશ્રી કહે છે :

**આત્મસિદ્ધિકારજ ભણી રે લાલ,**
**સહજ નિયામક હેતુ રે; વા.**
**નામાદિક જિનરાજનાં રે લાલ,**
**ભવસાગરમાંહે સેતુ રે. વા.**
**– તુજ દરિશણ૦ ૭**

**શબ્દાર્થ :** આત્મસિદ્ધિરૂપ કાર્યમાં સહજપણે પ્રભુ જ નિશ્ચિતરૂપે હેતુ છે, કારણ છે. જિનરાજનું નામસ્મરણ આદિ અથવા તો નામનિક્ષેપ આદિથી જિનરાજની ભક્તિ ભવસાગરમાં પુલ સમાન છે. (નિયામક = નિશ્ચિતરૂપથી; હેતુ = કારણ, નિમિત્ત; સેતુ = પુલ)

**વિશેષાર્થ :** પ્રભુભક્તિથી અનન્યપણે રંગાયેલા શ્રી દેવચંદ્રજી ફરમાવે છે કે મારા આત્મસિદ્ધિરૂપ કાર્યના **"નિયામક હેતુ"** અર્થાત્ નિશ્ચિતરૂપથી કોઈ કારણ હોય તો તે છે મારા વહાલા શ્રી પદ્મપ્રભુ ભગવાન. વળી, પ્રભુ સહજ નિમિત્ત છે, કારણ કે પ્રભુએ સ્વયં પૂર્ણપણે આત્માની સિદ્ધિ કરી હોવાથી પ્રભુ જ મને સહજપણે સુલભતાથી તે સિદ્ધિ કરાવી શકે એ સહજ સમજાય એવી નિર્વિવાદ વાત છે. પ્રભુ અને તેમની ભક્તિ - મોક્ષમાર્ગમાં આ નિયામક હેતુનું સમર્થન કરતાં પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક - ૩૮૦માં ફરમાવે છે કે **"પ્રભુભક્તિમાં જેમ બને તેમ તત્પર રહેવું. મોક્ષનો એ ધુરંધર માર્ગ મને લાગ્યો છે."**

કોઈ એવો એકાંત પકડે કે મારી આત્મસિદ્ધિનું નિયામક કારણ 'માત્ર' મારો સ્વતંત્ર પુરુષાર્થ છે, તો તે બીજું કંઈ નહીં પણ તેનો સ્વચ્છંદ દર્શાવે છે. હકીકત તો એ છે કે અનંતકાળથી વિભાવદશામાં રહેલા આ જીવને ભવાટવીમાંથી મોક્ષના ધોરી માર્ગ પર લઈ જનાર તે તીર્થંકર પ્રભુ અને તેમનો ઉપદેશ છે; અને તે ઉપદેશને મારા નીચા લેવલ પર ઊતરી સરળ રીતે સમજાવનાર આત્મજ્ઞાની સદ્‌ગુરુ છે. તેથી જ મારા આત્મજ્ઞાન, આત્મસિદ્ધિના સહજ અને 'નિયામક હેતુ' મારા પ્રભુ અને મારા સદ્‌ગુરુ છે. બાકી બધાં બાહ્યાંતર નિમિત્તો જેમ કે જપ, તપ, શાસ્ત્રવાંચન, ધ્યાન આદિ ત્યારપછી જ કાર્યકારી થાય છે.

પ્રભુરૂપી આ નિયામક હેતુની આરાધનામાં ''નામાદિક જિનરાજનાં'' - ભવસાગરને તરવામાં પુલ સમાન છે. આજના યુગમાં સાગર ઉપર એવા વિશિષ્ટ પુલ માણસ બાંધી શક્યો છે કે સાગર પાર કરવાનું લાંબુ અંતર પણ ઝડપથી પાર કરી શકાય છે તે જ રીતે જિનેશ્વરના નામ આદિ ભવસાગરને અલ્પ સમયમાં - બે ચાર ભવમાં જ પાર કરાવી મોક્ષને કિનારે પહોંચાડી દે છે. નામાદિક અર્થાત્ નામ આદિ બે અર્થમાં લઈ શકાય. એક તો નામાદિક કહેતા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ - એમ ચાર નિક્ષેપથી પ્રભુભક્તિ કરવી. બીજું, નામાદિક કહેતાં પ્રભુનું નામસ્મરણ, ગુણસ્મરણ, ચારિત્રપ્રસંગોનું સ્મરણ આદિનો ભક્તિમાર્ગની આરાધનામાં મોટો ફાળો છે, જે ભવસાગરમાં સેતુનું કામ કરે છે. નિરંતર પ્રભુનામના જાપ, નામસ્મરણ તે દરેક સંતોની તેમજ મહાન મુનીશ્વરોની પણ સાધનાનું મુખ્ય અંગ રહ્યું છે. શ્રી માનતુંગાચાર્ય જેવા મહાપુરુષ 'ભક્તામરસ્તોત્ર'માં પ્રભુભક્તિ કરતાં કહે છે :

*દૂરે રાખો સ્તવન કરવાં આપનાં એકધારા,*
*પાપો નાસે જગજન તણાં **નામ** માત્રે તમારાં.*
(ગાથા ૯ - ભાવાનુવાદ)

તો ઉપાધ્યાય શ્રી યશોવિજયજી શ્રી શીતલનાથ સ્તવનમાં પ્રભુનામનો મહિમા ગાતા કહે છે :

*શીતલતા ગુન હોર કરત તુમ, ચંદન કાહુ બિચારા;*
***નામ હી તુમચા તાપ હરત** હૈ, વાકું ઘસત ઘસારા.*

ભગવાન શ્રી રામને લંકા જઈ રાવણને હરાવવા દરિયો પાર કરવાનો હતો. પણ તેમને સ્વયં તે માટે વાનરવંશના ભક્તોની સેવાથી બનાવેલ સેતુનો સહારો લેવો પડ્યો. જ્યારે તેમના જ પરમ ભક્ત શ્રી હનુમાન તો માત્ર 'જય શ્રી રામ' — એમ નામસ્મરણ માત્રથી એક જ કૂદકો મારી લંકા પહોંચી ગયા ! આવો છે પ્રભુ નામસ્મરણનો મહિમા ! પ્રભુનામનો મહિમા શ્રીમદ્‌જીએ મોક્ષમાળા-શિક્ષાપાઠ-૧૪, જિનેશ્વરની ભક્તિ-ભાગ-૨માં સુંદર રીતે વર્ણવ્યો છે, ત્યાંથી વિશેષ શ્રદ્ધા થશે.

આમ 'નામાદિક જિનરાજ'નું અવલંબન સેતુ બની મોહસ્વયંભૂરમણ સમુદ્ર પાર કરાવી આપે છે. બીજી રીતે જોઈએ તો ભવસાગર પ્રભુ અવલંબનથી, ગાયના પગની ખરીમાં પાણી ભરાયું હોય તેટલો માત્ર થઈ જાય છે, એમ શ્રી દેવચંદ્રજી ગત ચોવીશીના ૧૬માં તીર્થંકર શ્રી નમિશ્વર જિન સ્તવનમાં કહે છે :

*જે અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો,*
*તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લો.*

પ્રભુદર્શન અને પ્રભુની સ્તુતિથી થતાં સર્વોત્કૃષ્ટ લાભનો નિર્દેશ કરી શ્રી દેવચંદ્રજી સ્તવનની હવે પૂર્ણાહુતિ કરતાં કહે છે :

**સ્તંભન ઈન્દ્રિયયોગનો રે લાલ,**
**રક્ત વરણ ગુણ રાય રે; વા.**
**દેવચંદ્ર વૃંદે સ્તવ્યો રે લાલ,**
**આપ અવર્ણ અકાય રે. વા.**
**— તુજ દરિશણ૦ ૮**

**શબ્દાર્થ :** જિનરાજની રક્તવર્ણી કાયા અને તેમના ગુણોના દર્શનથી સાધકનો ઇન્દ્રિયયોગ થંભી જાય છે. દેવેન્દ્રોના સમૂહથી સ્તુતિ કરાયેલ પ્રભુ (સિદ્ધ અવસ્થામાં) વર્ણરહિત અને કાયાથી રહિત છે. (સ્તંભન = થંભી જવું, સ્થિર થવું; ઇન્દ્રિયયોગ = મન, વચન, કાયાના યોગ; રક્ત વરણ = લાલ રંગ; રાય = જિનરાજ; વૃંદે = સમૂહે; અવર્ણ = અરૂપી, વર્ણ-રંગ વિનાના; અકાય = અશરીરી)

**વિશેષાર્થ :** શ્રી પદ્મપ્રભુનું પરમ ઔદારિક શરીર રક્તવર્ણી અર્થાત્ લાલ રંગનું હતું, એ વાત આપણે શરૂઆતમાં કરી હતી. આયુષ્ય પૂર્ણ થતાં આ અંતિમ શરીરથી પૂર્ણરૂપે મુક્ત થઈ પ્રભુ સિદ્ધસ્વરૂપે સિદ્ધલોકમાં વર્ણરહિત અરૂપી અને અકાય અર્થાત્ અશરીરીપણે, શુદ્ધ નિરંજન ચૈતન્યમૂર્તિપણે બિરાજમાન થયા. પ્રભુનું રક્તવર્ણી બાહ્ય સ્વરૂપ સાધકને રૂપસ્થ ધ્યાનમાં અવલંબન છે, તો પ્રભુનું અશરીરી સિદ્ધસ્વરૂપ રૂપાતીત ધ્યાનમાં અવલંબન છે.

શ્રી પદ્મપ્રભુ જિનરાયની રક્તવર્ણી "પ્રશમરસ નિમગ્નં" પ્રતિમાના દર્શનમાં એકાગ્રતા આવતાં પ્રભુના ગુણોના પણ દર્શન થાય છે. આમ, પ્રભુના બાહ્ય તેમજ અંતરંગ સ્વરૂપના દર્શન થતા અને તેમાં તલ્લીન થતાં સાધકના મન, વચન, કાયાના યોગ એક ધન્ય પળે સ્થંભન પામે છે અર્થાત્ સ્થિર થઈ જાય છે અને સાધક મનથી પાર પહોંચી નિર્વિકલ્પ સ્વાનુભવને પ્રાપ્ત થાય છે. પ્રભુના રક્તવર્ણી ઔદારિક શરીરમાં પણ કેવું દૈવત છે કે તેના auraમાં, તેમના તેજપુંજના પ્રભાવમાં સાચા પ્રભુપ્રેમીના વચન અને કાયરૂપ ઇન્દ્રિયયોગ અને મનરૂપ નોઇન્દ્રિ યોગ સ્થિર થઈ તે અતીન્દ્રિય નિર્વિકલ્પ સ્વાનુભૂતિરૂપ પરાભક્તિને પામે છે. આ રીતે પરાભક્તિને પામેલ શ્રી દેવચંદ્રજી મહારાજ આવી પૂર્ણદશાને પામેલા એવા અશરીરી સિદ્ધ પરમાત્માને લક્ષ બનાવી તેમની સ્તુતિ કરતાં સ્તવનની પૂર્ણાહુતિ કરે છે. કહે છે, આ દેવચંદ્ર તેમજ દેવેન્દ્રોના સમૂહ આપ શ્રી પદ્મપ્રભુ જે અત્યારે અવર્ણ અને અકાયરૂપે સિદ્ધપણે બિરાજમાન છો તેની અત્યંત ભાવપૂર્વક સ્તવના કરે છે, જેથી ટૂંક સમયમાં આપના જેવી સિદ્ધદશાને પામીએ.

**ઉપસંહાર :** ભક્તિરસથી છલોછલ ઊભરાતા આ શ્રી પદ્મપ્રભુ સ્તવનમાં ગણિશ્રી દેવચંદ્રજીએ આપણને સંસારગત વહાલપ છોડી પ્રભુને વાલ્હેસર બનાવવાની પ્રેરણા કરી. પ્રભુદર્શનનું સ્વરૂપ વ્યવહાર તેમજ નિશ્ચયનયથી સમજાવ્યું. મારા આત્મકલ્યાણમાં નિયામક કારણ તે માત્ર મારા પ્રભુ જ છે એમ વિવિધ સરળ દૃષ્ટાંતો દ્વારા સમજાવી, કોઈને નિમિત્તની આવશ્યકતાનો અલ્પ પણ અંદેશો રહેતો હોય તેનો હ્રાસ કરી પ્રભુભક્તિમાં દઢતા કરાવી, સગુણ ભક્તિથી નિર્ગુણ ભક્તિ સુધી લઈ જઈ ઇન્દ્રિયયોગના સ્થંભનરૂપ પરાભક્તિ સુધીનું માર્ગદર્શન આપ્યું તે માટે શ્રી દેવચંદ્રજી મહારાજનો જેટલો ઉપકાર માનીએ તેટલો ઓછો છે. તેમને કોટિ કોટિ વંદન કરી સ્તવનની વિચારણાને અહીં વિરામ આપીએ છીએ. શ્રી દેવચંદ્રજી અને સર્વ સત્પુરુષોના આશયથી કંઈ પણ વિપરીત રજૂઆત થઈ હોય તો અંતઃકરણપૂર્વક ક્ષમાયાચના કરું છું.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

• • •

- **નવાં કર્મ બાંધવાં નહીં અને જૂનાં ભોગવી લેવાં, એવી જેની અચળ જિજ્ઞાસા છે તે, તે પ્રમાણે વર્તી શકે છે.**
- **માયિક સુખની સર્વ પ્રકારની વાંછા ગમે ત્યારે પણ છોડ્યા વિના છૂટકો થવો નથી; તો જ્યારથી એ વાક્ય શ્રવણ કર્યું, ત્યારથી જ તે ક્રમનો અભ્યાસ કરવો યોગ્ય જ છે એમ સમજવું. - શ્રીમદ્ રાજચંદ્રજી**

# શ્રાવકાચાર (એકદેશ ચારિત્ર)

(ક્રમાંક - ૧૩)

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## ભોગોપભોગપરિમાણવ્રતના અતિચાર

"सचित्तसम्बंधसम्मिश्राभिषवदु:पक्वाहारा: ॥"

અર્થાત્ સચિત્તાહાર, સચિત્ત સંબંધાહાર, સચિત્તસન્મિશ્રાહાર, અભિષવઆહાર અને દુઃપક્વાહાર આ પાંચ ભોગોપભોગ પરિમાણવ્રતના અતિચાર છે.

(૧) **સચિત્તાહાર** :- સચિત્તનો અર્થ છે જીવસહિત અને આહારનો અર્થ ભોજન-પાન છે અર્થાત્ જે જીવસહિત છે એવા લીલા શાકભાજી, સચિત્તપાણી આદિનો આહાર કરવો તે સચિત્તાહાર અતિચાર કહેવાય છે. સચિત્તનું સેવન પ્રમાદ તથા ઇન્દ્રિય લોલુપતાના કારણે જ થાય છે તેથી તેનાથી વ્રતનો એકદેશભંગ માનવામાં આવે છે.

(૨) **સચિત્તસંબંધાહાર** :- જે આહાર પોતે તો શુદ્ધ છે પરંતુ સચિત્ત વસ્તુથી તેનો સ્પર્શ થઇ ગયો છે અથવા સ્પર્શિત થઇ રહ્યો છે તેને સચિત્ત સંબંધાહાર કહે છે. જેમ કે સચિત્ત પાણીમાં રાખેલ શાકભાજી કે સચિત્ત પાણીથી ધોયેલા શાકભાજી ઇત્યાદિ. આમાં અયત્ના તથા સૂક્ષ્મહિંસાનો દોષ લાગે છે, જેથી તેને અતિચાર ગણવામાં આવે છે.

(૩) **સચિત્તસન્મિશ્રાહાર** :- સચિત્તદ્રવ્યની સાથે એકમેક થયેલ દ્રવ્ય કે આહાર કે જેને જુદા કરવા અસંભવ હોય તેને સચિત્તસન્મિશ્રાહાર કહે છે. જેમ કે અચિત્તપાણીમાં દૂધ રેડવું, મર્યાદિત અને મર્યાદાતીત દૂધ, દહી, ઘી, છાશ, લોટ, પીસેલા (દળેલા) મસાલા આદિને ભેળવી દેવા ઇત્યાદિ સચિત્તસન્મિશ્રાહાર અતિચારના ઉદાહરણ છે. આને લોભ, પ્રમાદ અને હિંસા દોષને લીધે અતિચાર મનાયા છે.

(૪) **અભિષવ આહાર** :- ઇન્દ્રિયોને મદોન્મત્ત કરનાર વૃષ્ય અર્થાત્ કામથી મદોન્મત બળદ સમાન ગરિષ્ઠ આહારને અભિષવ આહાર કહે છે. રાત્રે પલાળેલા ભાત આદિ પણ અભિષવ આહાર ગણાય છે. ઇન્દ્રિયોનું ઉન્મત્ત થવું તથા રાત્રિકાલીન સામગ્રીથી વ્રતભંગ માનવામાં આવે છે. મલાઇ, માવો, ઘી ઇત્યાદિ ગરિષ્ઠની શ્રેણીમાં આવે છે.

(૬) **દુઃપકવાહાર** :- અર્ધપક્વ તથા અતિપક્વ આહારને દુઃપક્વાહાર કહે છે. અર્ધપક્વનો અર્થ અડધાકાચા તથા અતિપક્વનો અર્થ બળેલા છે. દુઃપક્વાહાર કરવાથી ઉદર સંબંધી અનેક રોગ થવાની સંભાવના રહે છે. રોગના પ્રતિકાર માટે ઔષધ આદિ લેવા પડે છે તેમાં હિંસા, આરંભ આદિ કરવા પડે છે તથા રોગગ્રસ્ત શરીરથી આપણાથી આવશ્યક આદિ ઉત્સાહપૂર્વક થતા નથી અને અન્ય વ્રતભંગ થવાની સંભાવના રહે છે. આ બધા કારણોથી તેને અતિચાર ગણ્યો છે.

ઉપરોક્ત અતિચારો સિવાય પણ મહાપ્રજ્ઞાચાર્ય શ્રી સમંતભદ્રસ્વામીએ પોતાના અદ્વિતીય ગ્રંથ શ્રીરત્નકરંડશ્રાવકાચારમાં ભોગોપભોગ પરિમાણવ્રતના અતિચાર અન્ય રીતે નિરૂપિત કર્યા છે, જે વધારે પ્રયોજનભૂત તથા પ્રાયોગિક લાગે છે. જેનું સંક્ષિપ્ત વિવરણ અતિપ્રાસંગિક રહેશે.

(૧) **વિષયવિષાનુપેક્ષા** :- વિષયરૂપી વિષની ઉપેક્ષા ન કરવી તે વિષયવિષાનુપેક્ષા કહેવાય છે. અર્થાત્ આ પંચેન્દ્રિયોના વિષય સાક્ષાત્ વિષરૂપ જ

છે. અંદર એવા ભાવ ન હોય અને તે વિષય વિશેષને ભોગવ્યા બાદ પણ વિષરૂપ જાણીને ત્યાગભાવના ન રાખીને તેમાં આદર, પ્રેમ, પ્રસન્નતા આદિ રાખવી તે વિષયવિષાનુપેક્ષા નામનો અતિચાર છે. જેમ કે સ્ત્રી-પુરુષ દ્વારા એકબીજાનો ભોગ થઇ ગયા પછી પણ એકબીજાના શરીર, આંખો આદિમાં રાગ-દૃષ્ટિથી જોવું, એકબીજાને પંપાળવું, આલિંગન કરવું ઇત્યાદિ. એવી રીતે અન્ય ભોજનાદિમાં પણ સમજી લેવું. જો ભોગોને અનિષ્ટકારી વિષતુલ્ય માનવામાં આવે તો ભોગ ભોગવ્યા પછી તો તેના પ્રત્યે ઉપેક્ષા થઇ જ જવી જોઇએ. આવું ન થવું એ જ ભોગ પ્રત્યે અંતરંગ અનુરાગ દર્શાવે છે. આનું નામ જ વિષયવિષાનુપેક્ષા અતિચાર છે.

(૨) **અનુસ્મૃતિ :-** ભોગવેલ વિષયનું વારંવાર સ્મરણ કરવું અનુસ્મૃતિ કહેવાય છે. વિષયના અનુભવ દ્વારા વિષયચાહની વેદનાનો પ્રતિકાર થઇ ગયા પછી પણ મન તે ભોગવેલ અનુભવને વારંવાર સ્મરણ કરીને પોતાની ચિત્તભૂમિમાં બનાવી રાખવા ઇચ્છે છે તેનું નામ જ અનુસ્મૃતિ નામક અતિચાર છે. વિષય પ્રત્યે અતિ આસક્તિ હોવાથી જ આવું સંભવિત છે; માટે આને અતિચાર માનવામાં આવે છે. જેમકે કામભોગોનું માનસિક સ્મરણ અથવા કોઇ સ્વાદિષ્ટ વસ્તુના સ્વાદનું વારંવાર સ્મરણ કરીને મનમાં પ્રસન્ન થતા રહેવું ઇત્યાદિ તેના ઉદાહરણ છે. આનાથી વ્રતનો એકદેશ ભંગ થાય છે.

(૩) **અતિલૌલ્ય :-** જે ભોગ ભોગવી ચૂક્યા છે અથવા ભોગવી રહ્યા છે તે વારંવાર મળે એવી આકાંક્ષા રાખવી તે અતિલૌલ્ય નામક અતિચાર છે. ભોગો પ્રત્યે અંતરંગ મીઠાસના પરિણામોના કારણે આવું થાય છે. શ્રાવક જોકે સમ્યક્દૃષ્ટિ હોવાને લીધે વિષયોની ઇચ્છા પ્રત્યે તેને હિતબુદ્ધિ હોતી નથી તો પણ ચારિત્રમોહનીયના પ્રબળ ઉદયથી તથા પૂર્વભોગના દઢ સંસ્કાર પડેલા હોવાને લીધે વિષયોને અહિતકારી માનવા છતાં પણ તે ભોગોના પરિણામમાં એક વિશિષ્ટ પ્રકારની મીઠાશ વર્તે છે, જે તે ભોગોને વારંવાર ભોગવવાની અભિલાષા ઉત્પન્ન કરાવે છે. આ પરિણામોનું નામ 'અતિલૌલ્ય' અતિચાર છે. જેમ કે કામવિકાર આત્મા માટે અહિતકારી છે એવી શ્રદ્ધા તો શ્રાવકને બરાબર હોય છે; પરંતુ તે વિકારીભાવોથી તેની કામવાસનાની ઇચ્છાની પૂર્તિ થવાથી અંતરંગમાં પ્રસન્નતા કે સુખભાસનો અનુભવ થાય છે. આ કારણે તેની લાલસા જળવાઇ રહે છે, જેથી વારંવાર આવા ભાવ ઉત્પન્ન થાય એવી આકાંક્ષા રહે છે તેનું નામ જ 'અતિલૌલ્ય' અતિચાર છે. આનાથી વ્રતનો એકદેશ ભંગ માનવામાં આવે છે.

(૪) **અતિતૃષા :-** ભવિષ્યમાં ભોગોપભોગ સામગ્રીની પ્રાપ્તિની તીવ્ર ઇચ્છા રાખવી તે અતિતૃષા નામનો અતિચાર છે. અતિગૃદ્ધતાથી ભોગસેવન કરવાથી પછી તે સંસ્કારોનો ઉદય થતા ફરીથી તીવ્ર ઇચ્છા જાગ્રત થાય છે. આમાં વ્યક્તિનું મન સદાય વિષયસામગ્રીના સંરક્ષણમાં જ લાગેલું રહે છે, જેથી આગામી સમયમાં (કાળ) પણ તેને તે ભોગની ઓછપ ન આવે. અતિગૃદ્ધતાને લીધે આને અતિચાર માનવામાં આવે છે.

(૫) **અતિઅનુભવ :-** વિષયભોગને ભોગવવાની ઇચ્છાથી ઉત્પન્ન વેદનાના પ્રતિકાર માટે તે ભોગને ભોગવતી વખતે તેમાં વિવિધ - વિવિધ રીતે રસ લઇને ભોગવવું તે અતિઅનુભવ નામનો અતિચાર કહેવાય છે. અર્થાત્ ભોગોમાં અત્યંત આનંદ (મજા) લેવો તે અતિઅનુભવ કહેવાય છે. જેમકે કોઇ વ્યક્તિને મીઠાઇ ખાવાની ઇચ્છા થઇ તેના પ્રતિકાર સ્વરૂપ તે કોઇ એક પ્રકારની મીઠાઇ ખાઇ લે તો તેની ઇચ્છાની વેદના પૂરી થઇ શકે છે. પરંતુ તે વ્યક્તિ ૧૦-૧૫ પ્રકારની મીઠાઇઓ બનાવડાવે છે; તેની સાથે નમકીન આદિ વિવિધ

સામગ્રીઓ બીજી પણ મંગાવે છે પછી તેને જુદી-જુદી રીતે મજા લઈને ખાય છે. ત્યારબાદ ફરી તેના ઉપર ચા-કોફી આદિ પણ પીએ છે. આ રીતે તે ભોગને અતિ આસક્તિ સાથે મજા લઈ-લઈને ભોગવે છે. તેથી ન્યાયપૂર્વકના ભોગ હોવા છતાં પણ અતિઆસક્તિના કારણે અતિચાર ગણવામાં આવે છે.

આશય એ છે કે જો પૂર્ણરીતે ભોગોનો ત્યાગ ન થઈ શકે તો તેની મર્યાદા કરીને સેવન કરવા. ત્યારબાદ ત્યાગ શક્તિને જ્ઞાન અને વૈરાગ્યના આધારે વધારતા જવું તથા અંતમાં સર્વભોગ ત્યાગની દશાને પ્રાપ્ત થવું આ જ ભોગોપભોગપરિમાણવ્રતનું મૂળ ધ્યેય છે અને આ જ પૂર્ણાનંદ પ્રાપ્તિનો રાજમાર્ગ છે.

(ક્રમશઃ)

● ● ●

# પુસ્તક સમાલોચના

**- મિતેશભાઈ એ. શાહ**

(નોંધ : આ વિભાગ માટે ગ્રંથ કે પુસ્તકની બે નકલ મોકલવા વિનંતી.)

**[૧] પુસ્તકનું નામ : પ્રજ્ઞાબીજ**

**સ્વાધ્યાયકાર :** શ્રી મધુભાઈ પારેખ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૮ ● **મૂલ્ય :** રૂા. ૫૦ ● **પાના :** ૩૦૪

**પ્રકાશક :** શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ. ફોન : (૦૨૮૧) ૨૪૪૯૯૯૨

આ પુસ્તકમાં પરમકૃપાળુદેવના ૧૭મા વર્ષથી લખાયેલા પત્રો, કાવ્યો, આત્મસિદ્ધિશાસ્ત્ર અને નોંધપોથીમાંથી ખાસ ધ્યાનમાં લેવા જેવા બોધવચનો વ્યક્ત કરી તેની સમજ સાદી અને સરળ ભાષામાં આપવામાં આવી છે.

**[૨] પુસ્તકનું નામ : શુદ્ધ સમકિતનું સરનામું**

**સ્વાધ્યાયકાર :** શ્રી વસંતભાઈ ખોખાણી ● **પાના :** ૧૫૪ ● **મૂલ્ય :** રૂા. ૩૦/-

**પ્રકાશક :** શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૭

આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત પત્રાંક-૪૯૩ (છ પદનો પત્ર)ની સુંદર છણાવટ કરવામાં આવી છે. ગહન અને ગંભીર વિષયને સરળતાથી સમજાવવાનો પ્રયાસ કર્યો છે.

**[૩] પુસ્તકનું નામ : અગોપ્ય મોક્ષમાર્ગ - આત્મસિદ્ધિ**

**સ્વાધ્યાયકાર :** શ્રી વસંતભાઈ ખોખાણી ● **પાના :** ૩૫૨ ● **મૂલ્ય :** રૂા. ૮૦/-

**પ્રકાશક :** શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૭

આ પુસ્તકમાં શ્રીમદ્ રાજચંદ્રજી વિરચિત 'શ્રી આત્મસિદ્ધિ'રૂપી સુરસરિતાનું આચમન રસપ્રદ, ભાવસભર અને પ્રભાવક શૈલીમાં કરાવ્યું છે.

**[૪] પુસ્તકનું નામ : સોળ ભાવના**

**સ્વાધ્યાયકાર :** શ્રી વસંતભાઈ ખોખાણી ● **પાના :** ૨૩૪ ● **મૂલ્ય :** રૂા. ૪૫/-

**પ્રકાશક :** શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનમંદિર, રાજકોટ ● **આવૃત્તિ :** પ્રથમ, ૨૦૧૭

આ પુસ્તકમાં વૈરાગ્યની બાર ભાવનાઓ, મૈત્રી આદિ ચાર ભાવનાઓ તથા 'ક્ષમાપના'ને સરળ તથા સુગમ શૈલીમાં સમજાવવામાં આવેલ છે.

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૩૭)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## ભયભંજક પ્રભુ આશ્રય
## ૫. સંગ્રામ (યુદ્ધ) ભયભંજક

● **મૂળ શ્લોક :** (વસંતતિલકા)

**वल्गत्तुरंगगजगर्जितभीमनाद -**
**माजौ बलं बलवतामपि भूपतीनाम् ।**
**उद्यद्दिवाकरमयूखशिखापविद्धं,**
**त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥४२॥**

● **શબ્દાર્થ :** वल्गत् - યુદ્ધ માટે ઉછળી રહેલા, तुरंग - ઘોડા(તથા), गज - હાથી(ની), गर्जित - ગર્જનાથી (જેમાં), भीमनाद - ભયંકર અવાજ (થઈ રહ્યો છે એવા), आजौ - યુદ્ધમાં, बलम् - સૈન્ય, बलवताम् - શક્તિશાળી, अपि - પણ, भूपतीनाम् - રાજાઓનું, उद्यत् - ઉગતા, दिवाकर - સૂર્ય, मयूख - કિરણો(ના), शिखा - અગ્રભાગ (વડે), अपविद्धं - વિંધાયેલું, દૂર કરાયેલ, त्वत् - તમારી, कीर्तनात् - સ્તુતિ કરવાથી, तम - અંધકાર, इव - જેમ, आशु - શીઘ્ર, भिदाम् - વિનાશને, उपैति - પામે છે.

● **સમશ્લોકી અનુવાદ :** (મંદાક્રાંતા)

**અશ્વો કૂદે ગજગણ કરે ભીમનાદો અતિશે,**
**એવી સેના સમરભૂમિમાં રાજતી જીતમિષે;**
**ભેદાયે તે તુરત પ્રભુજી ! આપના કીર્તનોથી,**
**જાણે નાસે તિમિર સઘળાં, સૂર્યના કિરણોથી. (૪૨)**

● **ભાવાર્થ :** જેમાં ઉછળી (કૂદી) રહેલા ઘોડા અને હાથીઓની ગર્જનાઓ વડે ભયંકર અવાજ (કોલાહલ) થઈ રહ્યો છે, એવા યુદ્ધમાં બળવાન (શત્રુ) રાજાઓની સેના પણ, ઉદય પામી રહેલા સૂર્યના કિરણોના અગ્રભાગ વડે અંધકાર નાશ પામે તેમ, તમારા નામ - સ્મરણરૂપી કીર્તનથી શીઘ્ર નાશ પામે છે.

● **વિશેષાર્થ / પરમાર્થ :** માનતુંગાચાર્યે આગળના ચાર ભયભંજક શ્લોક (૩૮-૪૧)માં ચાર મહાભયંકર બાહ્ય શત્રુઓ(હાથી, સિંહ, અગ્નિ, સર્પ)ના રૂપકથી, અનંત સંસારના કારણરૂપ આંતરશત્રુઓ (અનુક્રમે માન, ક્રોધ, માયા, લોભ કષાયો)ના ભયનિવારણ દર્શાવીને હવેના પાંચ ભયભંજક શ્લોક (૪૨-૪૬)માં ચાર ભયાનક બાહ્ય શત્રુઓ (યુદ્ધ, સમુદ્ર, રોગ, બંધન)ના રૂપકથી સંસારપરિભ્રમણ તથા જીવનની અશાંતિના કારણરૂપ આંતરશત્રુઓ (અનુક્રમે, જીવનસંગ્રામ, સંસારસમુદ્ર, ભવરોગ મિથ્યાત્વ, કર્મબંધન)ના ભય નિવારણ દર્શાવે છે. યુદ્ધ માટે બે શ્લોક છે : પ્રસ્તુત શ્લોક (૪૨)માં મહાબળવાન શત્રુ-સૈન્યનો નાશ કેન્દ્રમાં છે, એટલે સંગ્રામ (યુદ્ધ) ભયહારક છે. પછીના શ્લોક (૪૩)માં જીત કેન્દ્રમાં છે એટલે પરાજય ભયહારક અર્થાત્ વિજયદાયક છે.

અત્રે એ સ્પષ્ટતા કરવી જરૂરી છે કે પ્રભુના નામ-સ્મરણ-સ્તુતિ-કીર્તનથી ભય દૂર થાય છે પરંતુ ભય ઉત્પન્ન કરનારા નિમિત્તો અને પરિબળો તો કર્માધીન છે. તથારૂપ પુણ્યનો ઉદય હોય તો તે દૂર થાય કે નાશ પામે, અને પાપનો ઉદય હોય તો ચાલુ રહે અથવા વધે. વીતરાગ વિજ્ઞાનના કર્મસિદ્ધાંત અનુસાર ભાવપૂર્વક પ્રભુ સ્મરણ-સ્તુતિથી સાતિશય પુણ્ય ઉપાર્જન, પાપ સંક્રમણ, અશાતાનું ઉપશમન અને મોહનીય કર્મની નોકષાય ભય પ્રકૃતિ મંદ થઈ ભયનિવારણ થવાથી અને પ્રાયે પરિબળો દૂર થવાથી ભક્ત શાંતિ અનુભવે છે.

અનાદિકાળથી મનુષ્ય સાધારણ કંકાસ અને

ઝગડા તો કરે જ છે. પરંતુ તેનાથી સંતુષ્ટ ન થતા સમૂહરૂપે મળીને યુદ્ધ અને મહાયુદ્ધ પણ કરે છે. મનુષ્યજાતિ માટે યુદ્ધ એક કલંક છે. આચાર્યશ્રી આવા યુદ્ધનું વર્ણન કરીને તેમાંથી બચવાના ઉપાય તરીકે ભક્તિસાધના પ્રસ્તુત કરે છે. ઉદય થતા સૂર્યના કિરણોથી અંધકાર છેદાય છે, ત્યાં પ્રકાશ અને અંધકારનું યુદ્ધ છે અને તે યુદ્ધમાં પ્રકાશ વિજેતા બને છે. તે રીતે માનવકૃત યુદ્ધ તે અંધારું છે અને ભક્તોનું કીર્તન સૂર્યના કિરણ સમાન છે. હિંસા અને ભક્તિના આ યુદ્ધમાં ભક્તિ વિજય પામે છે.

એકાએક શત્રુની ચડાઈ થાય તેને પરચક્રભય કહેવામાં આવે છે. આવી ચડાઈ વખતે યોગ્ય મુકાબલો ન થાય તો ગામ-નગર ભાંગે છે, માલ-મિલકત લૂંટાઈ જાય છે, અનેક માણસો માર્યા જાય છે અને ઘણાને બંદીવાન કે ગુલામ બની ભયંકર યાતનાઓ સહેવી પડે છે.

શક્તિશાળી શત્રુ રાજા આક્રમણ કરે તે સામાન્ય કોટિનું ન હોય, કારણ કે તેમાં અનેક ઘોડાઓ હોય, ઘણા હાથીઓ હોય અને મહાબળવાન એવા સુભટોના જૂથ હોય. તે જ્યારે એકસામટું આક્રમણ કરે, ત્યારે તેમાં ઘોડાઓ હણહણાટ કરતા ઉછળી રહ્યા હોય, હાથીઓ તીણી ચીસ પાડીને દોટ મૂકતા હોય અને સુભટો શસ્ત્રો ધારણ કરીને સિંહનાદ કરતા એટલે કે હાકલા - પડકારા કરતા આગળ વધી રહ્યા હોય. તેનો સામનો કરવાનું કામ સહેલું નથી. આવા સમયે કાયરો દૂમ દબાવીને ભાગે છે. પણ વીર પુરુષો કદી પૂંઠ દેખાડતા નથી. તેઓ સામી છાતીએ ઝઝુમે છે, પરંતુ તેમાં વિજય ભાગ્યે જ મળે છે. બળવાન શત્રુસેનાનો મુકાબલો કરવાનો હોય ત્યાં બીજું શું પરિણામ આવી શકે ? આવા વખતે જો શ્રી જિનેશ્વરદેવનું યથાર્થ નામ-સ્મરણ કરવામાં આવે તો બધો રંગ બદલાઈ જાય છે. જેમ સૂર્યના કિરણોરૂપી ભાલા વિંઝાતા અંધકારના દળનો નાશ થઈ જાય છે તેમ જિનેશ્વરના કીર્તનથી મહાભયંકર રણમેદાનમાં યુદ્ધઘેલા બળવાન શત્રુસૈન્યનો નાશ થઈ જાય છે.

અહીં સ્તુતિકારે યુદ્ધની ભયાનકતા બતાવેલ છે. તેમાંથી હેમખેમ રક્ષણ પામનાર તો સાચો ભક્ત જ છે. સંગ્રામમાં જે રાજા બળવાન હોય અને જેની પાસે ઘણું સૈન્યબળ હોય તેનો પ્રાયે વિજય થાય છે. પરંતુ જેણે પરમાત્માનો આશ્રય લીધો હોય, પ્રભુના ચરણમાં શ્રદ્ધા-ભક્તિથી ઝૂકેલો હોય અને પ્રભુ-સ્મરણમાં મનને ઓતપ્રોત કરી દીધું હોય તેવા ભક્તને ભયાનક યુદ્ધમાં પણ ભય લાગતો નથી કે હારતો નથી. તેથી જ આ શ્લોકને શત્રુરાજા ભયભંજક પણ કહી શકાય.

આ જ રીતે સાધકના જીવનમાં પણ યુદ્ધ ચાલી રહ્યું હોય છે. મોહરાજા પોતાનું બળવાન સૈન્ય (કામ, ક્રોધ, ક્લેશ, કષાયો) લઈને યુદ્ધના મેદાનમાં (જીવનમાં) આવે છે. પણ તે વખતે સાધક સાવધાન બની ભય-ક્ષોભ-વ્યગ્રતા કે ખળભળાટ વિના પરમાત્માની સ્તુતિ-ધ્યાનમાં લાગી જાય છે. સમગ્ર ચૈતન્યતંત્રમાં પરમાત્માના નામની ધૂન શરૂ થઈ જાય છે. તે એવો એકાકાર બની જાય છે કે મોહરાજાનું સૈન્ય તે ભક્ત-સાધકને નિહાળતા જ વેરવિખેર થઈ જાય છે. આશય એ છે કે ક્લેશ-કામ-ક્રોધાદિ શત્રુઓ પર વિજય મેળવવાનો અચૂક ઉપાય છે પરમાત્માની ભક્તિ. આ બંને શ્લોક (૪૨-૪૩)માં સંસારરૂપી રણભૂમિ, કષાયોરૂપી શત્રુઓ તથા કર્મ અને જીવ વચ્ચેના સનાતન યુદ્ધનું વર્ણન છે.

પરમાર્થની પરિભાષામાં સંસાર એ જ સમરભૂમિ-સમરાંગણ છે કે જ્યાં જીવ અને કર્મનું અનાદિકાળથી યુદ્ધ ખેલાતું આવ્યું છે. સંસાર-સંગ્રામનો અશ્વ તે આપણું મન. આ મનની ચંચળતા અને વાયુવેગનો તાગ કાઢવો મુશ્કેલ છે. એને વશ

કરવા જતા તો મોટા મહારથીઓ પણ પાછા પડે છે. આનંદઘનજી કુંથુજિન સ્તવનમાં કહે છે કે આ નપુંસક મને બધા મરદને હંફાવ્યા છે, તથા દુરાધ્ય છે. યથા,

**મનડું કિમ હી ન બાજે હો કુંથુજિન,**
**મનડું કિમ હી ન બાજે;**
**જિમ જિમ જતન કરીને રાખું,**
**તિમ તિમ અલગું ભાજે હો...**
**જે જે કહું તે કાન ન ધારે,**
**આપ મતે રહે કાલો;**
**સુરનર પંડિત જન સમજાવે,**
**સમજે ન માહરો સાલો હો...**
**મેં જાણ્યું એ લિંગ નપુંસક,**
**સકલ મરદને ઠેલે;**
**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું...**
**મનડું દુરાધ્ય તેં (કુંથુજિને) વશ આણ્યું.**

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીએ મોક્ષમાળા શિક્ષાપાઠ - ૬૮ (જિતેન્દ્રિયતા) અને શિક્ષાપાઠ -૧૦૦ (મનોનિગ્રહનાં વિઘ્ન)માં મનનું દુરાધ્યપણું અને તેને વશ કરવાના ઉપાય વિશે સુંદર સમજાવેલ છે.

સંસારસંગ્રામનો ગજગણ એટલે ઇન્દ્રિયોના સમૂહનું સુખ (વ્યવહારથી કહેવાતું સુખ, નિશ્ચયથી શાતા). અશ્વ તથા ગજસહિતની સેના એટલે સંસારના પૌદ્ગલિક સુખો. એ સુખની લાલચ પર વિજય મેળવવો એ બળવાન હાથી અને અશ્વો સહિતની સેનાને જીતવા કરતા પણ વિશેષ કઠિન છે. પણ આચાર્યશ્રી જણાવે છે તેમ આ સેના પ્રભુ સ્મરણ-કીર્તનથી ત્વરાથી હણાય છે, જેમ સૂર્યના કિરણોથી અંધકાર હણાય તેમ. સંસારના આકર્ષણથી જેને છૂટવાની વૃત્તિ થઇ હોય તેણે જેટલી બને તેટલી લીનતાથી પ્રભુનું સ્મરણ કરવું, સ્તુતિ કરવી એ કર્તવ્ય છે.

આ બે શ્લોક (૪૨-૪૩)માં ભીષણ યુદ્ધોના દૃષ્ટાંતે જડ અને ચેતન વચ્ચે અનાદિથી ચાલી રહેલા સંસારસંગ્રામનું સ્વરૂપ બતાવ્યું છે. આત્મા ચેતન, જ્ઞાન સ્વરૂપી, અજર, અમર, અવિનાશી, અરૂપી, અશરીરી જીવ તત્ત્વ છે અને જ્યાં સુધી તે સર્વ કર્મનો નાશ કરી મોક્ષ ન પામે ત્યાં સુધી મોહનીય કર્મની પ્રબળતાને લીધે અર્થાત્ આત્માનો પ્રમાદ, પુરુષાર્થહીનતા અને નિર્બળતાને લીધે, જુદા જુદા દેહ ધારણ કરી ચાર ગતિ અને ૮૪ લાખ જીવયોની રૂપ સંસારમાં ભમ્યા કરે છે અને દેહના સંયોગ સંબંધે કરીને દેહમાં રહેવું પડે છે. દેહ જડ, પુદ્ગલ પરમાણુઓનો બનેલો, રૂપી છે અને આત્માથી તદ્દન ભિન્ન તેનું સ્વરૂપ છે. છતાં આત્મા તેમાં વસે છે ત્યાં સુધી તે દેહ જીવ સરખો ચેતનમય દેખાય છે. મોહરાજાની ખૂબી એ છે કે બીજા તો ઠીક પણ આત્મા પોતે 'દેહ તે હું આત્મા જ છું' એમ અજ્ઞાનદશાને લીધે માને છે. તેથી જ પરમકૃપાળુદેવે કહ્યું કે આત્મા પોતે પોતાના સ્વરૂપની શંકા કરીને દેહને જ પોતાનું સ્વરૂપ માને છે તે મોટું આશ્ચર્ય છે.

**આત્માની શંકા કરે, આત્મા પોતે આપ;**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ.**
(આત્મસિદ્ધિ-૫૮)

આ ભ્રમ દર્શનમોહનીય કર્મ (મિથ્યાત્વ) કરાવે છે. તેથી આત્મા પોતાના ક્ષમાદિ સ્વાભાવિક ગુણોને ભૂલી દેહાસક્ત બને છે (દેહાધ્યાસ) અને રાગ-દ્વેષ, વિષય-કષાયાદિમાં દૃષ્ટિ સમ્યક્ ન થાય ત્યાં સુધી નિરંતર પ્રવૃત્તિ કરી નવા નવા કર્મ બાંધીને અનંતો સંસાર ઊભો કરે છે. જ્ઞાનીઓએ આને આત્માના સ્વાભાવિક ગુણો (ક્ષમાદિ) અને વૈભાવિક કર્મપ્રકૃતિઓ (વિભાવભાવો) વચ્ચેનો અનાદિ-કાળનો ચાલી રહેલો સંગ્રામ કહ્યો છે. શ્લોક - ૪૨માં

માનતુંગાચાર્ય કહે છે કે રાગ-દ્વેષરૂપી પ્રબળ રાજાઓની સેના વચ્ચે નિર્દોષ સ્વભાવી આત્મા ફસાઈ જાય છે ત્યારે જો પ્રભુકીર્તનનો આશ્રય લે તો સ્વસ્થપણે તેમાંથી નીકળી જાય છે. શ્લોક - ૪૩માં મોહરાજાની સેનાને દુર્જય કહી પણ અજેય ન કહી કારણ કે મોહરાજા જીતવા દુષ્કર અવશ્ય છે પણ અજેય નથી. અજેય હોત તો કોઈ જીવ મોક્ષ પામત જ નહીં. એવા દુર્જય મોહરાજાને પણ, હારવાની અણી પર આવેલો સાધક આત્મા પ્રભુ-ચરણનું શરણ લેવાથી અચૂક જીતી જાય છે અને સંસારસંગ્રામનો અંત લાવે છે.

જિનભક્ત કહે છે કે હે પ્રભુ ! અંતરમાં અમે આપના (વીતરાગ) માર્ગની ઉપાસના કરીએ છીએ ત્યાં ઉદયભાવોનો ઘેરો ભેદાઈને છિન્નભિન્ન થઈ જાય છે. આ રીતે જેના અંતરમાં જિનેશ્વર પ્રભુ અને તેમની ભક્તિ છે તેને શત્રુસેનાનો કે ઉદયભાવોનો ભય નથી. તેનાથી ભિન્ન રહીને નિર્ભયપણે તે મોક્ષને સાધે છે.

જિનભક્તની જ્ઞાનચેતનામાં ૧૪૮ (આમ્નાયભેદે ૧૫૮) કર્મના બંધનને તોડવાની તાકાત છે. માનતુંગાચાર્યના બંધન (વ્યવહારથી બાહ્ય બેડીઓ અને નિશ્ચયથી કર્મબંધનો) આ ભક્તામર સ્તોત્ર-સ્તુતિથી તૂટી ગયા હતા. નિશ્ચય જિનભક્તિથી ૧૪૮ કર્મપ્રકૃતિના બંધન તૂટી જાય તો વ્યવહારભક્તિથી પુણ્યની ઉદીરણા થતા બહારના બંધન તૂટી જાય તેમાં શું આશ્ચર્ય છે ! ભક્તની ચેતના અંતરમાં નિર્ભયપણે મોહાદિ શત્રુને જીતી લે છે અને ત્યાં વિશિષ્ટ પુણ્યયોગે બહારના શત્રુ પણ જીતાઈ જાય છે. આમ, નિશ્ચય-વ્યવહારની સંધિ સહિત જિનભક્તિ કરતા - કરતા સાધક જીવો આહ્‌લાદપૂર્વક પોતાના સિદ્ધપદને સાધે છે. આવી અપૂર્વ ભક્તિનું આ વર્ણન છે.

સામાન્ય અર્થ કર્યા પછી હવે આપણે આ શ્લોકનો ગૂઢાર્થ અને તેના તાત્પર્યને વિચારીએ. શું આવું ઉત્તમ ભક્તિસ્તોત્ર ફક્ત સામાન્ય (સ્થૂળ, બાહ્ય) યુદ્ધના ભયનું નિવારણ કરવા પૂરતું જ હોય ? જો ભક્તામર સ્તોત્રને માત્ર બાહ્ય સ્થૂળ અર્થ સુધી સીમિત રાખવામાં આવે, તો સ્તોત્ર અને તેના અર્થઘટનનું સાચુ મૂલ્યાંકન થઈ શકતું નથી અને એક પ્રકારે તેનું અવમૂલ્યન થઈ જાય છે. તાત્પર્ય એ છે કે ભક્તામર સ્તોત્ર અને તેના પ્રત્યેક શ્લોકના ગૂઢ અર્થને સ્પર્શ કરીને તેને સમજવાનો પ્રયત્ન કરવો. તેના આધ્યાત્મિક સંપુટને ગ્રહણ કરીને પરમ દશા (સમ્યગ્‌દર્શન અને મોક્ષ)ને પ્રાપ્ત કરવા પ્રયાસ કરવો.

આભ્યંતર ક્ષેત્રમાં મનરૂપી ઘોડા છે અને અહંકારરૂપી હાથીઓ છે. આ શ્લોકમાં આચાર્યશ્રીએ જે બાહ્ય તુમુલ યુદ્ધ વર્ણવ્યું છે તેનાથી પણ ભયંકર એવું વૃત્તિઓનું યુદ્ધ આભ્યંતર ક્ષેત્રમાં પ્રવર્તમાન છે. વૃત્તિઓના ઝંઝાવાતમાં પડી લોભ તૃષ્ણાની નદીમાં તણાતા હિંસક યુદ્ધો જન્મે છે. વૃત્તિઓના બે પ્રકાર છે : (૧) પ્રશસ્ત અથવા વિવેકયુક્ત વૃત્તિ અને (૨) અપ્રશસ્ત અથવા વિવેકહીન વૃત્તિ. જો વૃત્તિમાં વિવેક ન હોય તો વૃત્તિ ભયાનકરૂપ ધારણ કરી, બેફામ પૂરમાં સપડાયેલી નદી જેમ બંને કિનારાનો નાશ કરે છે, તેમ આ વૃત્તિ પણ ઉધ્ધત બનીને વ્યક્તિને તો શું પણ પૂરા પરિવાર કે સમાજનો નાશ કરે છે. વિવેકયુક્ત વૃત્તિઓને ધારણ કરવા માટે યોગશાસ્ત્રોમાં લખ્યું છે કે, **चित्तवृत्ति निरोधस्तु योगः** । અહીં વૃત્તિના નિરોધનું કથન છે, અથવા વૃત્તિને બદલી/ સુધારી શકાય છે. આધ્યાત્મિક ક્ષેત્રમાં બેફામ વૃત્તિઓના યુદ્ધમાં જ્ઞાન અને પુણ્યનો સંહાર થઈ જાય છે. આ વિકટ સ્થિતિથી બચવા માટે પ્રભુ-નામ તથા કીર્તનનો આશ્રય લેવો એ જ એક સાચો ઉપાય છે.

અહીં જે કીર્તન શબ્દ મૂક્યો છે તે શાબ્દિક કે ગાયનરૂપ કીર્તન નથી પરંતુ તે ઉદયમાન સૂર્યના

**(અનુસંધાન પાના નં. ૨૮ પર...)**

# આત્માની સાધારણ-અસાધારણ-સાધારણાસાધારણધર્મત્વ શક્તિ (૨૬)

**વલભજી હીરજી 'કેવલ'**

જ્ઞાનસ્વરૂપ આત્મામાં ધર્મો અનંતા છે, પણ તેની વહેંચણી કરતા તેમાં ત્રણ પ્રકાર પડે છે –

૧. કેટલાક 'સાધારણ' એટલે કે સ્વ-પર બધાયમાં રહેલા હોય એવા ધર્મો છે. જેમ કે અસ્તિત્વ.

૨. કેટલાક 'અસાધારણ' એટલે કે જે જીવમાં જ હોય ને બીજામાં કોઈમાં ન હોય એવા ધર્મો છે. જેમ કે જ્ઞાન, આનંદ વગેરે.

૩. કેટલાક 'સમાન-અસમાનરૂપ' ધર્મો છે. એટલે અમુક પદાર્થોની અપેક્ષાએ સમાન, ને અમુક પદાર્થોની અપેક્ષાએ અસમાન - એવા ધર્મોને સાધારણ-અસાધારણ ધર્મ કહે છે. જેમ કે અરૂપીપણું. આત્મામાં આરૂપીપણું છે તે આકાશ વગેરેની અપેક્ષાએ સાધારણ છે, ને પુદ્‌ગલની અપેક્ષાએ અસાધારણ છે. આમ, ત્રણ પ્રકારના ધર્મ આત્મામાં એક સાથે રહેલા છે.

જેમ મૂર્તપણું તે પુદ્‌ગલનો અસાધારણ સ્વભાવ છે તેમ જ્ઞાન તે આત્માનો અસાધારણ સ્વભાવ છે. તે જ્ઞાનની સાથે બીજા સાધારણ ધર્મો પણ રહેલા છે.

આત્મા સત્ છે - એમ એકલા અસ્તિત્વ વડે આત્માનું પરથી ભિન્ન સ્વરૂપ ખ્યાલમાં આવતું નથી. કેમ કે જેમ આત્મા સત્ છે તેમ અજીવ પદાર્થો પણ સત્ છે એટલે એકલા અસ્તિત્વ દ્વારા સ્વ-પરની ભિન્નતા સમજાતી નથી. આત્મા અરૂપી છે તેમ આકાશ પણ અરૂપી છે. એટલે અરૂપીપણા દ્વારા પણ આત્માનું ભિન્ન સ્વરૂપ સમજાતું નથી.

આત્મા જ્ઞાન-આનંદ સ્વરૂપ છે તે જ્ઞાન-આનંદ વગેરે આત્માના વિશેષ ધર્મો છે. તેમના વડે સમસ્ત પર દ્રવ્યોથી ભિન્ન આત્માનું ખરું સ્વરૂપ લક્ષમાં આવી જાય છે. દરેક આત્મામાં જ્ઞાન-આનંદ હોવા છતાં સૌના ગુણ પોત-પોતામાં છે. એટલે સ્વ-સન્મુખ થતાં પોતાના જ્ઞાન વડે પોતાના જ જ્ઞાન-આનંદનો અનુભવ થાય છે. બીજા બધા જીવોથી જુદો પોતાનો આત્મા પોતાના સંવેદનમાં આવે છે. આત્મામાં એક શક્તિ એવી છે કે ત્રિવિધ ધર્મોને એક સાથે પોતામાં ધારણ કરે છે.

• • •

## શ્રી ભક્તામર સ્તોત્ર

(પાના નં. ૨૭ પરથી ચાલુ...)

કિરણ જેવો કોઈ અલૌકિક ભાવ છે. નિર્મળ આત્મપ્રદેશોમાંથી પ્રથમ જે શુદ્ધ જ્ઞાનાત્મક પર્યાયનો ઉદ્‌ભવ થાય છે તે સ્વયં કીર્તન છે. આત્મપ્રદેશોમાંથી પ્રવાહિત નિર્મળ જ્ઞાન-કિરણોનો બંને યુદ્ધ પર પ્રભાવ પડે છે : બાહ્ય સ્થૂળ પૌદ્‌ગલિક યુદ્ધ અને આંતરિક સૂક્ષ્મવૃત્તિઓનું ભાવાત્મક યુદ્ધ. આ પવિત્ર કીર્તનનું નિમિત્ત છે જિનેશ્વર પ્રભુનું નામ-સ્મરણ-સ્તુતિ.

અંતમાં સર્વ જીવ વિશુદ્ધ ભાવે પ્રભુસ્મરણ-રૂપી કીર્તનથી વૃત્તિઓને વશ કરી, વિષય-કષાય પર વિજય મેળવી શીઘ્ર આત્મકલ્યાણ સાધે તેવી મંગલ ભાવના સાથે જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥

॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

• • •

# પરિગ્રહ

ભાનુબેન ડી. શાહ

આપણા સૌના આરાધ્યદેવ ભગવાન મહાવીર સ્વામીએ સંઘની સ્થાપના કરી અને તેમાં ચારને સમાવિષ્ટ કર્યા - શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા. સાધુ-સાધ્વીજીના અને શ્રાવક-શ્રાવિકાના આચાર-પાલન કાજે પ્રતિક્રમણ સૂત્રમાં સુશ્રાવક અને સુસાધુ માટે નીતિનિયમો નક્કી કર્યા. શ્રમણ માટે પાંચ મહાવ્રત અને શ્રાવક માટે પાંચ અણુવ્રત નિશ્ચિત કર્યા. સાધુ-સમાજે આ પાંચ વ્રતો આજીવન અને લેશમાત્ર ભૂલો સિવાય આચારમાં મૂકવાના છે. જ્યારે શ્રાવકોએ પોતાના દૈનિક જીવનમાં યથાશક્તિ અણુવ્રતોનું પાલન કરીને વર્તનમાં તેમાં કહેલા અતિચારો કે પાપવૃત્તિને ધ્યાનમાં રાખીને ચીવટપૂર્વક વ્યવહારમાં ઉપયોગ કરવાનો છે, જેથી ઓછામાં ઓછું પાપ થાય.

અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને પરિગ્રહ - આ સર્વને જતના (યત્ના) સાથે, જાગૃતિથી આચારમાં સમાવવાના છે.

તેમાં આપણે પરિગ્રહ વિશે વિચારવાનું છે. પરિગ્રહનો સાદો અર્થ છે, "ચોમેરથી ગ્રહણ કરવું, ગ્રસી લેવું, શક્ય તેટલું બીજાનો વિચાર કર્યા વગર ભેગું કરવું."

"ખેતર, ઘર, દાસ, દાસી, સોનું, રૂપું, ધન, ધાન્ય, કપડાં, વાસણ વગેરેનો સંગ્રહ મમતાપૂર્વક, રાગ અને આસક્તિથી, મોહમાયાને વશ થઈને કરવો તેને પરિગ્રહનું ગ્રહણ કરવું કહે છે."

ઉપર કહ્યા મુજબ દશ પ્રકારનો બાહ્ય પરિગ્રહ છે અને અભ્યંતર પરિગ્રહ ચૌદ પ્રકારનો છે, જે નીચે મુજબ છે —

ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક, દુગંછા, સ્ત્રીવેદ, પુરુષવેદ, નપુંસક વેદ, મિથ્યાત્વ વગેરે.

શ્રાવકો બાહ્ય ૧૦ પ્રકારના પરિગ્રહમાં લોભ, લાલચ, પ્રલોભન વગેરેમાં પડી જાય છે. ઘણીવાર મનથી તેની મર્યાદા બાંધી હોય તો પણ તે ભૂલાઈ જાય છે અને ચીજવસ્તુઓ ઘરમાં સમાવવાની જગ્યા ન હોય તો પણ ભેગી કર્યે જાય છે. એટલે જ કહેવાય છે કે —

"સોનું, રૂપું, ધન, માલ, તું તો પામ્યો કોડી,
કૂડ, કપટ, છળ, ભેદ કરી, તેની સાથે માયા જોડી.
આશા, તૃષ્ણા, નવિ મટે, મન વાજે ભેરી,
તૃપ્તિ ન પામ્યો આત્મા, મન હોંશ ઘણેરી.
અંત સમય બધું મૂકી કરી, એકલડા જાવું સહી,
દેવ, ગુરુ, ધર્મ વાણી વદે, મનની મમતા મનમાં રહી."

દેખાદેખીથી, સમાજમાં માલસંપન્ન કહેવાઈએ તેથી, 'હાઈ સોસાયટી'ના સભ્ય હોવાથી, વધુ સગવડો અને શરીરને ઓછો શ્રમ પડે તેવાં સાધનો વસાવાથી, નવા સંશોધનો બજારમાં આવવાથી, અદ્યતન ફેશનવાળી વસ્તુઓથી ઘરમાં પરિગ્રહ વધતો જ જાય છે. પણ છેલ્લી ઘડીએ બધું પૃથ્વી પર જ મૂકીને પરલોક એકલા જ પ્રયાણ કરવાનું છે. કૂડ, કપટ, છળ, માયા, વંચનાથી ભેગું કરેલું બધું અહીં જ રહેવાનું છે. કશું પણ સાથે આવવાનું નથી. તેથી આપણો ધર્મ પરિગ્રહને મર્યાદા ઉપરવટ ન વધારવાનું કહે છે. પરિગ્રહ લોભથી વધે છે તેથી બંને પાપનું મૂળ છે. કુબેરની સંપત્તિ જો માનવીને આપી દેવામાં આવે તો પણ તે ધરાતો નથી. ઈચ્છાઓ અનંત છે. Man is bundle of desires. તૃષ્ણાનો ખાડો કદી પૂરાતો નથી. જરૂરત પૂરતું સૌને મળી રહે છે. ૧૪ પ્રકારના અભ્યંતર પરિગ્રહ, કષાયો, નોકષાયોથી સતત જાગૃત રહેવાનું છે, નહીંતર કર્મો બંધાતાં જાય

છે અને તેને છોડવાં ઘણાં અઘરાં થઈ જાય છે.

ઈચ્છાઓ તૃષ્ણામાં પરિણમે ત્યારે પરિગ્રહ - પરિમાણને ભૂલી જવાય છે અને મર્યાદાનું ઉલ્લંઘન થઈ જાય છે. ઘણા લોકોને મકાન, ખેતર, વાડી, પ્લૉટ ઘણા હોય છે. સોના-ચાંદીના ઘરેણાં, ખોટાં ઘરેણાંનો શોખ અતિ હોય છે. અનાજ એકાદ, બેવર્ષનું ભરી રાખવાનું મન થાય છે. ધન એકત્રિત કરવાની તો કોઈ મર્યાદા જ નથી. નીતિ-પ્રામાણિકતાને નેવે મૂકીને જ્યાંથી જેટલું મળે તેટલું મેળવી લેવાનો મોહ હોય છે. ઘરમાં નોકર-ચાકરોની વધુ સંખ્યા સમાજમાં ગૌરવ વધારે છે. ગર્વને પોષે છે. પશુઓ પાસેથી પણ શક્તિ ઉપરાંત વધુ કામ લેવામાં રસ હોય છે. ઘરવખરીની સામગ્રીની તો વાત પૂછો મા. દરેકના ઘરમાં ઘણું બધું હોય છે. આ બધા સીમા-અતિક્રમણના અતિચારો-દોષપૂર્ણ વ્યવહારો જાણતાં-અજાણતાં થયા કરે છે અને કર્મોના, પાપના પોટલાનું કદ વધતું જ જાય છે.

પરિગ્રહ વધાર્યા પછી સમરંભ, સમારંભ, આરંભ, દિલથી, રસથી અને સમાજમાં નામ કમાવા માટે કરાય છે. આ પણ પાતક છે. જમણવાર, પાર્ટીઓ, જલસાઓમાં પૈસાનો, વસ્તુઓનો દુર્વ્યય કરવાથી નુકસાન થાય છે અને કર્મબંધ પણ થાય છે. આવી બાબતોમાં અતિ રાગ અને આસક્તિ ન હોવાં જોઈએ.

આ લોકના રાજા કે પરલોકના દેવતા થવાના નિદાન એ પણ કર્મબંધન છે. તપ, ત્યાગ, સંથારો કર્યો હોય તો પણ તેનું પરિણામ કોઈપણ ભવમાં સારું આવે એવી મહત્ત્વાકાંક્ષા રહેતી હોય છે. 'ગીતા'માં કહ્યા મુજબ નિષ્કામભાવે તપ કરવું જોઈએ.

હાથ-પગ જેવા ઑફિસ / કારખાનાંના કર્મચારીઓ જે નફો થાય છે તેના ભાગીદાર છે. તેનું શોષણ કરીને, કાંઈ પણ ઓછું વત્તું ન આપવું તે પણ પરિગ્રહ છે, પરિણામે દુર્ભાવના છે.

સમાજમાં અપંગ, લૂલાં, અંધ, હાથ-પગ વિનાના, કોઢિયાં, અસાધ્ય બીમારીવાળા વગેરેને પૈસા હોવા છતાં મદદ ન કરવી અને લોભ કરીને પોતાના માટે જ વાપરવું તે પણ પરિગ્રહ છે.

જીવદયા માટે નિશ્ચિત સંસ્થાઓમાં ધાર્મિક તહેવારે કોઈ ફાળો ન આપવો તે પણ ભેગું કરવાની લોભામણી વૃત્તિ છે.

નફો કરી આપતાં ધંધામાં કે ઊંચા પગારવાળી નોકરીમાં વધુ મળતું હોવા છતાં ઉપાશ્રય, દેરાસર, જીર્ણ ધર્મસ્થાનો વગેરેની મરામત, સાધુ - સાધ્વીજીની દિનચર્યા માટે અલગ ઉપયોગી રૂમ ન બનાવવા અથવા તેના હિસ્સેદાર ન થવું તે પણ પરિગ્રહ છે. ધર્મસ્થાનોમાં પોતાના નામની તકતી મૂકાવવા દાન દેવું તે પણ પરિગ્રહ જ ગણાય છે.

ફૂટપાથ પર સૂનારા, અતિ ગરીબ, ઝૂંપડપટ્ટીમાં રહેનારા વગેરેને ધાબળાં, કપડાં, ભોજન, રૂપિયા વગેરે દયાથી ન આપીએ તો પણ તે પરિગ્રહ છે.

સાધુ-સાધ્વીજી અથવા લાયક, યોગ્ય, જરૂરિયાતવાળાને રૂપિયા કે ચીજવસ્તુઓ પ્રેમથી, સાચી દિલની ભાવનાથી આપીએ તો લેનારને ઉપયોગી છે. સુપાત્રે દાનથી આત્માનું કલ્યાણ થાય છે.

પરિગ્રહના અતિ લોભથી આવતા જન્મોમાં સાપ કે ઉંદરનો ભવ મળે છે. તેથી સુવિચારણાથી ધર્મશાસ્ત્રોમાં કહ્યા પ્રમાણે કરવું જોઈએ. નહીંતર ધર્મ કરતાં ધાડ પડ્યા જેવું વિપરીત થઈ જાય. તેથી જ શ્રીમદ્ રાજચંદ્ર કહે છે કે –

"લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો ?
શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો ?
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો,
એનો વિચાર નહીં અહોહો ! એકપળ તમને હવો!"

કુટુંબના સભ્યોની સંખ્યા વધે, લક્ષ્મી પ્રસન્ન

થઈને ઘરમાં પુનિત પગલાં મૂકે, મોટો હોદ્દો મળે અને અધિકારો આપતી સત્તા મળે, પણ તેનાથી ફાયદો શો ? આમાં જ અણમોલ એવું મનુષ્ય જીવન પૂરું થઈ જાય. તેથી દેહ પોષાય, સ્વસ્થ રહે એટલી જરૂરતોથી વધુ ખડક્યા કરવાની મમતા રાખવી જોઈએ નહીં.

બૃહદ્ આલોચનામાં કહે છે કે –

"આરંભ વિષય કષાયવશ, ભમિયો કાળ અનંત;
લક્ષ ચોરાશી યોનિસેં, અબ તારો ભગવંત."

સાચી સમજણ આવ્યા પછી આરંભ, સમારંભ, વિષયરતિ, કષાયોની જાળમાં ફસામણી કાંઈજ ગમતું નથી. તેથી ભગવાનને હૃદયપૂર્વક વિનંતી કરવી પડે છે કે હે પ્રભુ ! ચોર્યાસી લાખ યોનિમાં ભમું છું, મારા આત્માને મોહિત કરું છું, દુઃખી કરું છું, પણ હે મારા વહાલા પ્રભુ, દીનદયાળ, હવે મારો ઉદ્ધાર કરો.

"પરિગ્રહ કીન્હો કારમો, કીધો ક્રોધ વિશેષ,
માન, માયા, લોભ મેં કીધા, વળી રાગને દ્વેષ."

અભ્યંતર પરિગ્રહો મારા આત્મઘરમાં થાણાં સ્થાપીને બેઠાં છે. તેથી પરિગ્રહની અતિ વાંછાને કારણે ઘણો પરિગ્રહ કર્યો છે. આનાથી વિભાવભાવો ક્રોધ, લોભ, માન, માયા, મોહ, રાગ-દ્વેષ, સાંસારિક લેણ-દેણમાં થયા જ કરે છે. આ વિભાવભાવો આત્માનું સ્વરૂપ નથી, પણ તે વિસરાઈ જવાય છે ને પરિગ્રહની લ્હાયમાં અપાર અને અમાપ વસ્તુઓ ભેગી થતી જાય છે.

હે ભગવાન ! આમાંથી હું ક્યારે મુક્ત થઈશ ? મારા પર દયા કરજો અને સદ્‌બુદ્ધિ આપજો, જેથી મારો આત્મા સ્વચ્છ થાય.

"ત્યાગ ન કર સંગ્રહ કરું, વિષય વચન જિમ આહાર,
તુલસી એ મુજ પતિતકું, વારંવાર ધિક્કાર."

દેવગુરુના વચનો - બોધશ્રવણ કર્યા પછી જીવ વિચારમાં પડી જાય છે. આત્માની પરિણતિ પરિવર્તન પામે છે. ત્યારે થાય છે કે હું ત્યાગ કરવામાં સમજ્યો નથી અને વધુને વધુ બધું ભેગું કરવામાં જ મારો રસ જાગ્યો છે. આહારની જેમ જ વિષયોનું સેવન અને બોલવામાં રચ્યો-પચ્યો છું પણ હવે પશ્ચાત્તાપથી કહે છે કે હું પતિત છું. મને વારંવાર ધિક્કારની લાગણી થઈ આવે છે. બધું છોડીને આત્માને સરળ સ્વભાવી કરવાનો છે. જ્યાં સુધી પરિગ્રહની મમતા છૂટશે નહીં ત્યાં સુધી હું શક્તિ સ્વરૂપ આત્માને ઓળખીને પરિગ્રહ છોડવાની નેમ લઈશ અને છૂટે ત્યારે મારા આત્માની શક્તિને પિછાણીને પરમશુદ્ધ થવા પ્રયત્ન કરીશ.

સાચું કહીએ તો આપણો દેહ જ મોટામાં મોટો પરિગ્રહ છે. ઊઠીએ ત્યારથી દિવસાંતે કેટલી વસ્તુઓ જોઈએ છીએ તેનો હિસાબ નથી. તેથી જરૂરત મુજબ સંગ્રહ કરીને કારમા પરિગ્રહને છોડવાનો છે.

પરિગ્રહ સંગ્રહ ધનથી ઘરમાં થાય છે. એટલે પ્રથમ તો ધનપ્રાપ્તિ માટે જે વિચાર કરવાનો છે - બ્રહ્મચારીજીના મત મુજબ –

"કમાણી કરતાં કષ્ટ ને, સાચવતાં સુખ નાશ;
વધતાં ઘટતાં દુઃખ દે, ધિક્, ધન કેરી આશ."

ધનપ્રાપ્તિની આકાંક્ષા બધી રીતે પરેશાન કરનારી છે. કમાણી કરતાં રાત-દિવસ જોતાં નથી. લોહીનાં પાણી થાય છે. દેહને પોષતો ખોરાક લેવાનું પણ ભૂલાઈ જાય છે. નીતિ, અનીતિ, પ્રામાણિકતા કઈ રીતે પૈસો આવ્યો તેનો પણ ખ્યાલ આવતો નથી. માત્ર ભેગો કરવામાં જ મનડું ચોંટ્યું રહે છે. તેને સાચવવાં માટે પણ ઘરની તિજોરી, બેંક, પોસ્ટઑફિસ કે પરદેશ- ક્યાં મૂકવું તેની ચિંતા થાય છે. અને વધે તો પણ સાચવણીની ચિંતા અને ઘટે તો મનનો પારાવાર કલેશ-આ બધું થાય છે. તેથી બ્રહ્મચારીજી કહે છે કે ધન મેળવવાની આશાને ધિક્કાર છે.

"દોડ દવા કરવા કરું, ઢીલ ધર્મમાં થાય,
મહામોહ મૂંઝવે મને, સ્વામી કરો સહાય."

દેહ બહુ પ્યારો છે. તેને નાનો-મોટો કોઈપણ રોગ આવે તો જલદી ડૉક્ટરને બતાવવું, નિદાન કરાવવું, દવા કરાવવી - વગેરે કરવું પડે છે. દેહના મોહથી મૂંઝારો થાય છે અને અસ્વસ્થ દેહ ધર્મને એક બાજુ મૂકી દે છે. તેથી હે પ્રભુ ! આ નશ્વર, ક્ષણિક, ક્ષર દેહનો મોહ છોડવો અને આ બધાથી પર થઈને પરમાત્માનું નામ લઈ શકું તેવી સહાય કરો.

"સુખ વસે આત્મા વિષે, તેનો નહિ નિર્ધાર,
શોધે સુખ હીન વસ્તુમાં, જડમાં નહીં જડનાર.
મિથ્યા માર્ગ તજી ગ્રહે, મહત્પુરુષનો પંથ,
છૂટે પરિગ્રહ કલ્પના, પામે સુખ અનંત.
ભવનું મૂળ આરંભ જો, મમતા તેનું મૂળ,
મમતા અલ્પ કરાય તો, મુમુક્ષુને અનુકૂળ."

શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે સાચું સુખ તો તારા આત્મામાં છે, જેની તને ખબર જ નથી. જડ વસ્તુમાં તું સુખને શોધે છે પણ ત્યાં તને મળશે નહીં. તે તો અંતરની સમશ્રેણીમાં રહેલું છે. તેથી સુખનો મિથ્યા માર્ગ છોડીને તું મહત્પુરુષના પંથે પગલાં માંડ, આગળ વધ. તો તારી પરિગ્રહ માટેની ઘેલછા, પાગલપણું છૂટી જશે અને અનંત સુખ-સ્વરૂપ આત્માને તું ઓળખી શકીશ. આરંભપરિગ્રહ જેટલા વધારશો એટલા ભવ પણ વધશે. પરિગ્રહ-સંગ્રહનું મૂળ મમતા છે. તેને અલ્પ કરીને, સમતા ધારણ કરીને, શાંતિથી વિચારવામાં આવે તો મુમુક્ષુ માટે તે જ યોગ્ય છે. પરિગ્રહ એવો ગ્રહ છે, જે માઠી દશામાં મૂકે છે.

"ધન, કણ, કંચન, રાજસુખ, સર્વ સુલભ કર જાણ;
દુર્લભ છે સંસારમાં, એક યથારથ જ્ઞાન."

મનુષ્ય માટે અનાજ, રૂપિયો, સોનું, રાજસુખ, બધું જ પુરુષાર્થ અને પ્રારબ્ધથી મળવું સહેલું છે. પણ આ સંસારમાં અવિનાશી સુખ આપતું અને મોક્ષમાર્ગ બતાવતું યથાર્થ જ્ઞાન મળવું અઘરું છે.

"અબ તક મોહ્યો દેખતાં, સુંદર જડ પર્યાય,
અધિક અધિક વધી બંધનો, થયું ભ્રમણ ભવમાંય."

જડ વસ્તુઓના મોહ, માયા, લોભ, ઇચ્છા દરેકમાં પુષ્કળ છે. જે સુંદર દેખાય તે ઘરમાં લાવવાનું મન થાય છે. પણ તે તો જડ છે, અજીવ છે. અજીવ વસ્તુઓ ચૈતન્ય આત્માને કઈ રીતે સુખ આપી શકે ? તેથી આ બધું જેમ જેમ વધારતા જઈએ તેમ તેમ જન્મમરણના ફેરા પણ વધતા જાય છે.

"મે મેરા એ જીવકું, બંધન મોટા જાન,
મે મેરા જાકું નહીં, સો હી મોક્ષ પિછાન."

આ જગતમાં મારું મારું કરનારને કર્મ મારે છે, જ્યારે જેને એમ લાગે છે કે આ જગતમાં મારું શું છે ? ખાલી હાથે રોતાં રોતાં જગમાં પ્રવેશ્યો, સુખસાધન કાજ પરિગ્રહ વધાર્યો, પણ અંત સમયે બીજાને રોતાં મૂકીને આપણે એકલાં જ ચાલ્યા જવાનું છે. તેથી જેઓ એમ માને છે કે આ જગતમાં એક આત્મા સિવાય મારું કાંઈ જ નથી. તેને જ જ્ઞાની પુરુષો મોક્ષની સાચી ઓળખ કહે છે.

"હું મારું હૃદયથી ટાળ, પરમારથમાં પિંડ જ ગાળ."

આ દેહને પરમારથ કાજે જ ઉપયોગમાં લેવાનો છે. તેથી મન હું અને મારું કર્યા કરશે તો મનુષ્ય જન્મ સાર્થક થશે નહીં.

"તજ તૃષ્ણા ધન આદિ કેરી,
મૂક મમતા ટળશે ભવ ફેરી,
ભવ તરવા ઇચ્છે જો ભાઈ,
સંત શિખામણ સુણ સુખદાયી."

પરિગ્રહ જે ધનથી ખરીદાય છે તેની તૃષ્ણા, આકાંક્ષા તજી દેવામાં સાચું ડહાપણ છે. જો તને ભવોભવના બંધનમાંથી મુક્તિ જોઈતી હોય તો અને આ દુર્ગમ ભવસાગરને પાર પહોંચવાની અભિલાષા હોય તો તું સંત જે ભવનો અંત કરવાના રસ્તા જાણે

છે તેની સલાહ, શિખામણ તારા ગળે ઉતાર અને એ મુજબનું સદ્ આચરણ શરૂ કર.

"ધનમાં મન જેવું રમે, સુંદર સ્ત્રીમાં તેમ,
તેમ રમે જો 'રાજ'માં, મોક્ષ મળે ના કેમ ?"

પૈસાના પૂજારી અને પૈસાને પરમેશ્વર માનનારાઓના મનમાં માત્ર ધન રમ્યા કરે છે. ધનથી જ સઘળું સુખ પામવાની ઇચ્છાવાળા લોકો અંતે દુઃખને જ પામે છે. તેમ વાસનાપ્રિય મનુષ્યોનું મન સુંદર સ્ત્રી મેળવવાની લાલસામાં રમ્યા કરે છે. પણ બંને મોહ જૂઠા છે. તેના બદલે આપણા સૌના આરાધ્ય સદ્ગુરુદેવ શ્રીમદ્ રાજચંદ્રમાં મન રમમાણ થઈ જાય તો મોક્ષ મળવાની સો ટકા ખાતરી મળી જાય છે. તેથી મનને રમાડો માત્ર 'રાજ'માં.

"પુત્ર, કલત્ર, પરિજન વિનાશી,
સર્વ મળીને દે દુઃખરાશિ,
ચિંતવ ચિત્તે, નિશ્ચે ભાઈ,
કોણ પિતા, મા કોની સગાઈ ?
ઈન્દ્રજાળ સમ નિષ્ફળ સહુ તજ,
મોક્ષપદે મન રાખી પ્રભુ ભજ."

આપણા સ્વજનો, પત્ની, પુત્ર, બધા સંબંધો વિનશ્વર છે. બધા ભેગાં મળીને પુષ્કળ દુઃખ આપે છે. તારી યુવાની, ધન, મકાન વગેરે પરિગ્રહનો ગુમાન ન કર. કાળ તેને નષ્ટપ્રાયઃ કરી લેશે. આ બધા સંબંધો ઈન્દ્રજાળ જેવા વ્યર્થ છે. તેને સમજીને ત્યજી દે અને માત્ર આત્મા તારો છે. તેથી તેના મોક્ષને માટે મનથી પ્રભુને ભજી લે, સ્તવી લે. ગુણગાન કર.

અમિતગતિ સામાયિક પાઠમાં કહે છે કે —

"આ વિશ્વની કો વસ્તુમાં જો સ્નેહબંધન થાય છે,
તો જન્મ મૃત્યુ ચક્રમાં ચેતન વધુ ભટકાય છે;
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષની અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો."

આ જગતમાં દેશ-વિદેશની અનેક વસ્તુઓ મળે છે અને આ પરદેશની ઉત્તમ વસ્તુ છે એમ જાણીને ખરીદવાનું મન થાય છે. તેથી આપણી અને પારકા પ્રદેશની વસ્તુઓમાં સ્નેહ થાય છે પણ આવી ખરીદી આત્મા માટે બંધનકર્તા છે, અને સ્નેહના કારણે ચૈતન્યના ચકરાવા ભવોભવ સુધી ચાલ્યા કરે છે. તેથી મન-વચન-કાયા ત્રિકરણથી આ પરમાં ગયેલો ઉપયોગ છોડવાનો છે અને ઉજ્જવળ એવા પંચમપદ, મોક્ષપદની અભિલાષા કરવાની છે. આત્મમુક્તિનો આ જ સાચો રાહ છે.

આત્મા કેવો છે ? આત્મા તો અપરિગ્રહી છે. છતાંય આત્માનું વિસ્મરણ કરીને અને શરીર જે વિનશ્વર છે, રાખનું પડીકું છે, ક્ષણભંગુર, ક્ષર છે તેના ભોગવટા માટે સચેત, અચેત, મિશ્ર પરિગ્રહ ભેગાં કરીને ઘણાં કર્મો બાંધીએ છીએ. આના માટે અન્યને પણ પ્રોત્સાહિત કરીએ છીએ. અને કરવું, કરાવવું, અનુમોદન તેમાં હિસ્સેદાર થઈએ છીએ. આત્મા અવેદી છે છતાં પણ સ્ત્રીવેદ, પુરુષવેદ નપુસંકવેદમાં વિકારયુક્ત દૃષ્ટિથી, વાસના ઉપજાવે તેવા પોષાકથી, વિગઈવાળા ખોરાકથી, વિકાર જાગે તેવા વચનોથી, અબ્રહ્મચર્યના સેવનથી કરી, કરાવી અનુમોદી કર્મો બાંધીએ છીએ. આત્માનું સ્વરૂપ અનાહારી છે છતાંય જીભને ચટાકેદાર ખોરાકથી અને તપ, સંયમ ન કરીને, બીજાને ન કરવા દઈને ગાઢાં ચીકણાં કર્મો બાંધીએ છીએ. આત્માનું સ્વરૂપ અનારંભી છે છતાંય સમરંભ, સમારંભ, આરંભ કરી જમણવાર, પાર્ટીઓ યોજીને પાપસભર કામો કરીએ છીએ. આત્માનું સ્વરૂપ અકષાયી છે. છતાં ૨૫ પ્રકારના કષાયોના અભ્યંતર પરિગ્રહનો વહેવારમાં ઉપયોગ કરીએ છીએ. આત્માનું સ્વરૂપ અભાષક છે, છતાંય કઠોર, કર્કશ, મર્મવેધી, સાવદ્યકારી, પરપીડાકારી વચનો બોલીને કર્મો બાંધીએ છીએ. આપણે આત્માનું જ્ઞાનદર્શનચારિત્રમય સ્વરૂપ સમજીને માત્ર તે જ પામવાનો પ્રયત્ન કરવો જોઈએ.

• • •

# પરમ આત્મસાધક : શ્રીમદ્ રાજચંદ્ર

**ભરતકુમાર પ્રા. ઠાકર**

પરમ આત્મજ્ઞાની, સાંસારિક યોગી, શતાવધાની સંત, ઉત્તમ ગદ્યપદ્યકાર, સાચા અર્થમાં ધર્મના મર્મજ્ઞ મહાપુરુષ અને ગાંધીજીના આધ્યાત્મિક માર્ગદર્શક એવા શ્રીમદ્ રાજચન્દ્રની ૧૫૦મી જન્મજયંતીનો સુભગ અવસર તિથિ પ્રમાણે આ વર્ષે ૪થી નવેમ્બરે અને તારીખ મુજબ ૯મી નવેમ્બરે ગયો. તે પાવન પ્રસંગે મુમુક્ષુઓના પ્રેરણામૂર્તિ શ્રીમદ્જીનું પ્રેરક જીવનકવન પ્રાસંગિક અને પ્રાસાદિક બની રહેશે.

## બુદ્ધિપ્રતિભા અને સ્મરણશક્તિ

તેત્રીસ વર્ષની અલ્પાયુમાં આશ્ચર્યમુગ્ધ કરે એવી ઉચ્ચ જ્ઞાનદશાએ પહોંચનાર રાજચન્દ્રજી પોતે જ સમજણ અને હેતુપૂર્વક લોકપ્રસિદ્ધિથી વિમુખ રહ્યા હતા. તેથી એમના વિશે સામાન્ય જનસમુદાયને અલ્પ જાણકારી હોવા છતાં ઓગણીસમી સદીના મહાન આધ્યાત્મિક પુરુષોમાં એમનું સ્થાન ઘણું ઊંચું રહ્યું છે.

કચ્છના નાના રણને અડીને આવેલા અને સૌરાષ્ટ્રમાં જિલ્લામથક મોરબી નજીકના નાનકડા બંદરીય ગામ 'વવાણિયા' (તા. માળિયા)માં જૈનકુલીન માતા દેવબાઈ અને વૈષ્ણવ વણિક પિતા શેઠ રવજીભાઈ પંચાણભાઈ મહેતાને ત્યાં સંવત ૧૯૨૪ના કાર્તિકી પૂર્ણિમા(દેવદિવાળી) અને તારીખ ૯મી નવેમ્બર, ૧૮૬૭(રવિવાર)ના પુત્રરત્નનો જન્મ થયો. બચપણમાં લક્ષ્મીનંદન નામધારી આ બાળક એટલે જ કવિ રાયચંદભાઈ અને ભવિષ્યના શ્રીમદ્ રાજચન્દ્ર !

બાળપણથી જ એમની બુદ્ધિપ્રતિભા, યાદદાસ્ત અને ગ્રહણશક્તિ એટલી અસાધારણ હતી કે માત્ર બે વર્ષના ગાળામાં એમણે સાત ચોપડી પૂરી કરેલી, આઠમા વર્ષે કવિતા રચવા માંડેલી, દસમા વર્ષે છટાદાર પ્રવચનો આપવા લાગ્યા, અગિયારમાં વર્ષે એમના લેખો છપાવા માંડ્યા અને ૧૬-૧૭ વર્ષે તો તત્ત્વજ્ઞાનનાં પુસ્તકો પણ રચ્યાં ! શાળા છોડ્યા પછી શ્રીમદે અંગ્રેજી, સંસ્કૃત, અર્ધમાગધી અને હિન્દીનો પણ અભ્યાસ કરેલો.

## શતાવધાનની ચરમસીમાએ...

નાનપણથી જ વૈરાગ્યની ભાવના ધરાવતા રાયચંદને કૈવલ્યપદ પામવાની ઝંખના હતી. ૧૮૮૮માં લગ્ન પોપટલાલ જગજીવન ઝવેરી (રાજકોટ)નાં પુત્રી ઝબકબાઈ સાથે થયેલાં. ગૃહસ્થાશ્રમમાં પ્રવેશવા સાથે તેઓ તીવ્ર આત્મમંથનમાંથી પણ પસાર થઈ રહ્યા હતા. સંસારનું કર્તવ્ય તરીકે પાલન કરતા હોવા છતાં મનથી તેઓ નિર્લેપ રહેવા પ્રયત્ન કરતા.

૧૮૮૩માં મોરબીમાં એમની અદ્ભુત સ્મરણશક્તિથી લોકો પહેલીવાર વાકેફ થયા. એ અરસામાં માત્ર બે વિદ્વાનો શંકરલાલ ભટ્ટ (મોરબી) અને પંડિત ગટ્ટુલાલજી (મુંબઈ) 'અષ્ટાવધાની' તરીકે પ્રખ્યાત હતા. કવિ રાયચંદ એથી આગળ વધી મોરબી, જામનગર, વઢવાણ, બોટાદમાં અટપટાં બાર, સોળ અને બાવન અવધાનો કરી બતાવ્યાં.

પરંતુ તેની ચરમસીમા તો ૧૮૮૬માં મુંબઈમાં આવી. થિયોસોફિકલ સોસાયટીના ઉપક્રમે મુંબઈના ફરામજી કાવસજી હૉલમાં એમની સાથે જાહેર મિલન યોજાયું, જ્યાં એમણે વિવિધ વર્ગોના સેંકડો મહાનુભાવો સમક્ષ 'શતાવધાન' (યાદશક્તિની એકસાથે એકસો બાબતોનું ધ્યાન) કરી બતાવ્યું ! એમને 'સાક્ષાત્ સરસ્વતી'નું બિરુદ પણ અપાયું.

ત્યારે અંગ્રેજો સહિત અનેક લોકો આ સચોટ પ્રયોગોથી હેરત પામ્યા હતા. ટાઈમ્સ ઑફ ઇન્ડિયા, ઇન્ડિયન સ્પેક્ટેટર, પાયોનિયર, મુંબઈ સમાચાર જેવાં

અગ્રણી અખબારોએ તેની નોંધ લીધેલી. ૧૮૮૨-૯૫ દરમ્યાન મુંબઈ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ રહેલા સર ચાર્લ્સ સાર્જન્ટે (૧૮૨૧-૧૯૦૦) આ પ્રયોગો યુરોપમાં કરી બતાવવા સૂચવેલું, પરંતુ શ્રીમદ્જીએ વિદેશખ્યાતિનો મોહ પણ છોડેલો.

## એકાંત સાધના

આ પછી એમણે અવધાનો બંધ કર્યાં અને પોતાનામાં રહેલી એ ધારણાશક્તિને પરમાર્થ સાથે જોડીને અધ્યાત્મમાં ઊંડા ઉતર્યા. શ્રીમદ્ પૂર્વજન્મમાં યોગી હતા. માત્ર સાત વર્ષની ઉંમરે કોઈના મરણપ્રસંગ પરથી એમને જાતિસ્મરણ-જ્ઞાન થયેલું. તેથી વૈરાગ્યવૃત્તિ તો વહેલી જ વવાઈ ચૂકી હતી.

૧૮૮૦-૮૧ના અરસામાં પિતાની દુકાને બેસવાનું શરૂ કરેલું અને બાહોશ ઝવેરી તરીકે નામ કાઢેલું. ૧૮૯૦માં મુંબઈમાં રેવાશંકર જગજીવનની પેઢીમાં ભાગીદારીમાં કામકાજ શરૂ કર્યું. વેપારવણજમાં પણ એમણે પ્રામાણિકતાની પ્રતીતિ કરાવી. તે વચ્ચે વાચન દ્વારા જ્ઞાનમાં વૃદ્ધિ કરતા રહ્યા. ધીરે ધીરે એમનો વૈરાગ્ય વર્ધમાન થતો ગયો. એમનું અંતિમ ધ્યેય મોક્ષપ્રાપ્તિનું હતું.

એ માટે એકાંત જીવનની પ્રબળ ઈચ્છાથી મુંબઈ છોડી મહિનાઓ લગી ઇડરની ગુફાઓ અને ચરોતરનાં જંગલો-પહાડોમાં વાસ અને સાધના કરી. પ્રયોગવાદી હોવાથી સતત મૌન, ઊંડું ધ્યાન, ઉગ્ર સાધના કરી ૧૮૯૨માં ૨૪મા વર્ષે આત્મસાક્ષાત્કાર કર્યો અને સાચા અર્થમાં વીતરાગી-આત્માર્થી થયા. કાકાસાહેબ કાલેલકરે (૧૮૮૫-૧૯૮૧) શ્રીમદ્ માટે 'પ્રયોગવીર' એવો સાર્થક શબ્દ પ્રયોજ્યો છે. રાયચંદજી હવે એકલા કવિ કે શતાવધાની જ નહિ, પણ ઊંડા આત્મજ્ઞાની અને રાજચન્દ્ર તરીકે લોકાદર પામ્યા.

## સાત્ત્વિક સાહિત્ય સર્જન


સાહિત્યકાર તરીકે શ્રીમદની પ્રતિભા નૈસર્ગિક અને ઉચ્ચ છે. સ્મરણ, ગ્રહણ, વિચાર, લેખન, કવિત્વ આદિ શક્તિઓ નાની વયથી જ ખીલી હતી. નાની વયે એમનું પહેલું પુસ્તક 'સ્ત્રીનીતિબોધક' (૧૮૮૪) પ્રગટ થયેલું. એ જ વર્ષમાં એમણે તત્ત્વજ્ઞાનસભર બે પુસ્તકો રચ્યાં. 'ભાવના બોધ'માં વૈરાગ્ય ચિંતન અને તેની અંતરંગ દશાનું વર્ણન છે. જ્યારે 'મોક્ષમાળા' (૧૦૮ શિક્ષાપાઠ)ની રચના એમણે કચ્છથી પધારેલાં ત્રણ મહાસતીજીઓને જૈન ધર્મના મુખ્ય વિષયોની સરળ સમજણ આપવા કરેલી.

૨૯મા વર્ષે રચાયેલ 'આત્મસિદ્ધિશાસ્ત્ર' અને 'અપૂર્વ અવસર' (બંને ૧૮૯૬) એમની મહાન કાવ્યરચનાઓ છે. સ્વયંની આત્માનુભૂતિમાંથી સ્ફૂરેલી અને ગુરુશિષ્યના સંવાદ રૂપે રચાયેલી 'આત્મસિદ્ધિ' (૧૪૨ દોહરા) શ્રીમદની સૌથી દીર્ઘ અને શ્રેષ્ઠ પદ્યકૃતિ ગણાય છે. જ્યારે નાનું કાવ્ય 'અપૂર્વ અવસર' (૨૧ કડી) એટલું તત્ત્વસભર અને કાવ્યગુણની દૃષ્ટિએ પણ એટલું ઉચ્ચ બન્યું છે કે મહાત્મા ગાંધીજી (૧૮૬૯-૪૮), પ. સુખલાલજી (૧૮૮૦-૧૯૭૮), પૂ. કાનજી સ્વામી (૧૮૯૦-૧૯૮૦), પૂ. સંતબાલજી (૧૯૦૪-૮૨) જેવા સમર્થ ચિંતકોએ એની વિવેચના કરી છે.

જ્યારે પુષ્પમાળા, કાવ્યમાળા, ઉત્તરાધ્યયન સૂત્ર, નમિરાજ, દ્વાદશાનુપ્રેક્ષા, યમનિયમ, દ્રવ્ય-સંગ્રહ, પ્રતિમાસિદ્ધિ, વચનામૃત, વચનસપ્તશતિ, બોધવચન, મોક્ષસુબોધ, જીવાજીવવિભક્તિ, સ્વરોદયજ્ઞાન, પંચાસ્તિકાય, વીસ દોહરા... વગેરે અનુવાદ, ટીકા, બોધ, સુવાક્યો, સંવાદો, નીતિવચનો પ્રકારની રચનાઓ છે. આત્માના ઉદ્ગાર રૂપે સ્નેહીઓ-મુમુક્ષુઓને લખાયેલું એમનું વિપુલ 'પત્રસાહિત્ય' પણ ચિરંજીવી બન્યું છે.

શ્રી વિનયચંદ દફતરીએ તેમના વિશે 'સાક્ષાત્ સરસ્વતી' (૧૮૮૭) પુસ્તક પણ લખ્યું હતું. શ્રીમદ્ના સાહિત્યમાં વિચારોની સચોટ અભિવ્યક્તિ અને ભાષા ઉપર અસાધારણ પ્રભુત્વ જોવા મળે છે. આચાર્ય આનંદશંકર ધ્રુવે (૧૮૬૯-૧૯૪૨) લખ્યું છે :

**(અનુસંધાન પાના નં. ૧૬ પર...)**



# બાળ વિભાગ



**સંકલન : મિતેશભાઈ એ. શાહ**

## માનસિક સમતુલા

મહર્ષિ દયાનંદ સરસ્વતીમાં જેવી અજોડ શારીરિક શક્તિ હતી એવી જ અનન્ય અને અદ્વિતીય માનસિક સમતુલા પણ હતી.

ગમે તેવા સંજોગોમાં પણ એ કદી માનસિક સમતુલા ગુમાવતા નહોતા.

કોઈ એમના પ્રત્યે ગુસ્સો કરે, ક્રોધ વરસાવે, ગાળો આપે કે તેમને શારીરિક દુઃખ પહોંચાડે તો પણ એ સ્વસ્થ જ રહે અને પોતાને ઈજા પહોંચાડનારને ક્ષમા આપે ! વેરને પ્રેમથી જીતવાની એમનામાં અદ્‌ભુત જીવનકળા હતી.

તેઓ જાહેરસભામાં પ્રવચન આપવા જાય અને ત્યાં તેમને કોઈ માણસ શારીરિક ઈજા પહોંચાડે તોપણ તેઓ માનસિક સમતુલા ગુમાવ્યા વિના પેલા માણસને ભાન કરાવે કે તે જે કરી રહ્યો છે એ યોગ્ય નથી.

એકવાર તેઓ એક જાહેરસભાને સંબોધી રહ્યા હતા. બધા લોકો શાંતિથી એમનું પ્રવચન સાંભળી રહ્યા હતા. એવામાં એક કાપાલિક ત્યાં આવ્યો.

તે દારૂ પીને આવ્યો હતો.

આવતાંવેંત જ એણે સ્વામીજીને કડવાં વેણ કહ્યાં, ગાળો આપી અને છેવટે સ્વામીજી પર પગરખું ફેંક્યું.

સ્વામીજીના શિષ્યો આ સહન કરી શક્યા નહિ. એક-બે શિષ્યો કાપાલિક પર ખૂબ ગુસ્સે ભરાયા અને તેને પકડી લઈ તેને મારવા લાગ્યા.

સ્વામીજી આ જોઈને શિષ્યોને કહેવા લાગ્યા, ''શા માટે એને મારો છો ?''

એક શિષ્ય બોલ્યો, ''આપના ઉપર પગરખું ફેંક્યું, આપને ગાળો આપી અને ન કહેવાના શબ્દો કહ્યા ! આ બધું અમે શું કામ સહન કરી લઈએ ?''

સ્વામીજીએ શિષ્યોને કહ્યું, ''ના, એને મારવાની જરૂર નથી. શરાબના નશામાં માણસ આવું કૃત્ય કરે એ સ્વાભાવિક છે. નશામાં ચકચૂર માણસને ક્યાંથી ભાન હોય કે પોતે શું કરી રહ્યો છે ? અને તેનું પગરખું કોઈ તલવાર કે તીર નથી કે જે વાગવાથી હું મરી જાઉં ! પગરખાનો ઘા જો હું સહન ન કરી શકું તો બીજા કોઈ હથિયારનો ઘા તો હું કેમ સહન કરી શકીશ ? આ તો ઘા સહન કરવાની મારા માટે એક તાલીમ સમાન ઘટના છે ! એને છોડી દો ! આપણા જેવા સંન્યાસીઓએ તેને છોડી દેવો એ જ યોગ્ય ગણાય.''

શિષ્યોએ કાપાલિકને છોડી મૂક્યો કે તરત જ એ સ્વામીજીના ચરણમાં પડી બોલ્યો, ''મને માફ કરો !''

## ઉત્તમ દવા

ગોલ્ડસ્મિથ વ્યવસાયે એક ચિકિત્સક હતા.

આ વ્યવસાય પણ તેમણે પૈસા કમાવાના ઉદ્દેશથી નહિ, પરંતુ જનસેવા કરવાના ઉદ્દેશથી સ્વીકાર્યો હતો.

એકવાર તેમની પાસે એક ગરીબ દર્દી આવ્યો.

એનું આરોગ્ય દિનપ્રતિદિન બગડતું જતું હતું.

ગોલ્ડસ્મિથે એની શારીરિક તપાસ કરી તો તે એક એવા નિષ્કર્ષ પર પહોંચ્યો કે, આ દર્દીના રોગનું મૂળ કારણ એની ગરીબાઈ છે અને ગરીબાઈને લીધે એને થતી સતત ચિંતા જ એના આરોગ્યને ભરખી રહી છે !

થોડી દવા આપીને ગોલ્ડસ્મિથે દર્દીને એના ઘેર પાછો મોકલ્યો અને કહ્યું, ''તમારી પત્નીને મારી

પાસે મોકલજો. મારે તમારા દર્દ અંગે તેને કેટલીક સૂચનાઓ આપવાની છે.''

થોડીવારમાં દર્દીની પત્ની ગોલ્ડસ્મિથ પાસે આવી. ગોલ્ડસ્મિથે તેને કહ્યું, ''બેન, તમારા પતિનો રોગ જલદી દૂર થાય તે માટે હું એક ઊંચી જાતની દવા તમને આપું છું. આ દવાના સેવનથી તમારા પતિ ઘણા અલ્પ સમયમાં જ રોગમુક્ત બની જશે !''

આ સાંભળીને પત્નીના હર્ષનો કોઈ પાર રહ્યો નહિ.

ગોલ્ડસ્મિથે એક લાકડાની નાની પેટી દર્દીની પત્નીના હાથમાં મૂકી અને કહ્યું, ''આમાં જરૂરી દવા છે. ઘેર જઈને પેટી ખોલીને તમે એ દવા તમારા પતિને આપજો. મને વિશ્વાસ છે કે તમારા પતિ સાત-આઠ દિવસમાં જ સાજા થઈ જશે.''

ગોલ્ડસ્મિથનો આભાર માની, પેલી પેટી લઈને એ પોતાને ઘેર પાછી ફરી. એણે પેટી ખોલીને જોયું તો એના આશ્ચર્યની કોઈ અવધ રહી નહિ.

પેટીમાં દવાનાં પડીકાં ઉપરાંત દસ ગીનીઓ પણ હતી !

ગોલ્ડસ્મિથની આ અનુકંપા જોઈ એ તો દંગ જ બની ગઈ !

## માતબર રકમનો અસ્વીકાર

અલીપુર ષડ્યંત્રના કેસમાં અન્ય આરોપીઓની સાથે શ્રી અરવિંદ ઘોષને પણ આરોપી ગણીને જેલમાં પૂરવામાં આવ્યા હતા અને તેમની સામે અદાલતમાં ખટલો ચાલી રહ્યો હતો.

શ્રી અરવિંદ ઘોષના બચાવ-ધારાશાસ્ત્રી તરીકે 'દેશબંધુ' શ્રી ચિત્તરંજનદાસ હતા.

આ દરમ્યાન આંદોલનમાં કશીક સહાય થાય એ હેતુથી એક વ્યાપારીએ દેશબંધુને બે લાખ રૂપિયા ઉધાર આપેલા હતા.

થોડા દિવસ બાદ એ વ્યાપારી દેશબંધુને ત્યાં આવ્યો અને બોલ્યો, ''હવે મને મારા પૈસા પાછા મળવા જોઈએ.''

એ જ સમયે કોઈ એક માણસ દેશબંધુ પાસે આવ્યો અને તેણે પોતાનો કેસ લેવા દેશબંધુને કહ્યું.

દેશબંધુએ એનો કેસ લેવાની ના પાડી ત્યારે એ માણસ બોલ્યો, ''શા માટે કેસ લેવાની ના પાડો છો ?''

ચિત્તરંજનદાસે કહ્યું, ''અત્યારે હું શ્રી અરવિંદ ઘોષનો કેસ લડી રહ્યો છું. નવો કેસ લડવાનો મને સમય નથી.''

પેલો માણસ બોલ્યો, ''મિ. ચિત્તરંજનદાસ ! સાંભળો, જો તમે મારો કેસ લડો તો હું તમને પાંચ લાખ રૂપિયા આપવા તૈયાર છું. આવી માતબર રકમ તમને બીજો કોઈ નહિ આપે ! શ્રી ઘોષના કેસમાંથી તો તમને એક કોડી પણ મળવાની નથી ! આ બધું વિચારો તો ખરા !''

દેશબંધુ બોલ્યા, ''આ દેશભક્તનું જીવન બચાવવાની સામે પાંચ લાખ રૂપિયા કશી વિસાતમાં નથી ! અરે, પાંચ લાખ રૂપિયા તો શું મારી બધી સંપત્તિ પણ કોઈ વિસાતમાં નથી ! કૃપા કરીને તમે જાઓ, તમારો કેસ મારાથી લઈ શકાશે નહિ.''

પૈસાની ઉઘરાણીએ આવેલા માણસને, દેશબંધુની આવી ત્યાગભાવના જોઈને, પોતે પૈસાની ઉઘરાણીએ આવ્યો છે એ બાબતથી ભારે ગ્લાનિ થઈ આવી.

તેણે પોતાના પાકીટમાંથી ચેકબુક કાઢી અને દેશબંધુ સામે તે ચેકબુક ધરીને બોલ્યો, ''આપની ત્યાગભાવના સામે મારું મસ્તક ઝૂકી પડે છે. આપની ઇચ્છા મુજબ આ ચેકમાં રકમ લખો ! દેશને માટે મારી એ એક નાની ભેટ માનજો. આપ જોઈએ તે રકમ ચેકમાં લખી શકો છો !''

''જરૂર પડશે ત્યારે તમારી પાસેથી પૈસાની માંગણી કરીશ. હવે મને રજા આપો. શ્રી ઘોષના કેસની સુનાવણીનો સમય થયો છે; મારે કૉર્ટમાં જવું છે.''

● ● ●

# સમાજ-સંસ્થા દર્શન

## અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યનો ૨૧૨૯મો જન્મમંગલ દિન

મહા સુદ છઠ્ઠ એટલે અપ્રમત્ત યોગીશ્વર શ્રી કુંદકુંદાચાર્યનો જન્મમંગલદિન. આચાર્યશ્રીના ૨૧૨૯માં જન્મ મંગલદિન નિમિત્તે આપણી સંસ્થામાં રાત્રિની ભક્તિમાં આચાર્યશ્રીના ગુણાનુવાદના ભાવવાહી ભક્તિપદો લેવામાં આવ્યા હતા.

મૂળ આમ્નાયમાં મંગલાચરણમાં શ્રી કુંદકુંદાચાર્યને ભાવપૂર્વક યાદ કરવામાં આવે છે. તેઓનો જન્મ કોંડકુંદ મુકામે થયો હતો. તેઓના પિતાશ્રી નગરશેઠ હોવાથી તેઓનો જન્મોત્સવ ઉજવવામાં આવ્યો હતો. આચાર્યશ્રીની લોકકલ્યાણકારી કરુણાબુદ્ધિના ફલસ્વરૂપે આપણને સમયસાર, પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાય, અષ્ટપાહુડ જેવા ગ્રંથો પ્રાપ્ત થયા છે.

## શ્રી સિદ્ધચક્ર વિધાન

ડિસેમ્બર ૨૩ થી ૨૬, ૨૦૧૭ના ૪ દિવસ દરમ્યાન સિદ્ધચક્ર વિધાનનું આયોજન શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તીર્થ (ઈડરથી ૨૦ કિ.મી.)માં કરવામાં આવ્યું હતું. વિધિ-વિધાન માટે જાણીતા પંડિત શ્રી રમેશભાઈ અને અરૂણાબેન જૈન તીજારા (જયપુર)થી ખાસ આવેલ.

જૈન આચાર અને અનુષ્ઠાનોમાં સિદ્ધચક્ર વિધાનનું વિશિષ્ટ સ્થાન છે. દરેક ભાવુક જૈન શ્રાવકો અને સાધકોના હૃદયમાં સિદ્ધચક્ર વિષે અત્યંત અહોભાવ, ભક્તિભાવ અને પૂજ્યભાવ હોય છે.

સિદ્ધચક્ર પૂજન સામાન્ય રીતે ૪ કલાકનું હોય છે, જ્યારે સિદ્ધચક્ર વિધાન ૩થી ૭ દિવસનું હોય છે. વિધાનમાં પહેલા દિવસે ક્ષેત્રવિશુદ્ધિ, ભગવાનને પાંડુકશિલા પર બિરાજમાન કરવા, સિદ્ધચક્ર સ્થાપના, ધર્મધ્વજ ફરકાવવો વગેરે પ્રાસંગિક માંગલિક વિધિ પછી માંડલમાં ૮ વલયનું પૂજન હોય છે. પહેલા વલયમાં સિદ્ધ ભગવંતના ૮ ગુણના પૂજન-અર્ઘ પછી, પ્રત્યેક વલયમાં ડબલ ડબલ હોય છે, એટલે કે ૧૬, ૩૨, ૬૪,... ૧૦૨૪ થઈને કુલ ૨૦૪૦ અર્ઘ હોય છે. દરેક અર્ઘમાં સિદ્ધ ભગવાનના અનંતા ગુણોમાંથી મુખ્ય મુખ્ય ગુણોનું વર્ણન, નમસ્કાર અને પૂજન હોય છે. કવિવર પંડિત સંતલાલજીનું સુંદર પુસ્તક 'સિદ્ધચક્ર વિધાન'નો આધાર લીધો હતો. ભક્તિભાવથી અનેક અર્ઘ ચડાવતા અને વલયના પૂર્ણાર્ઘ પછી સૌધર્મ ઈંદ્ર-શચી ઈંદ્રાણી સહિત સર્વ ઈંદ્ર-ઈંદ્રાણીઓએ પાર્શ્વનાથ પ્રભુ અને માંડલ ફરતા, ચામર નૃત્ય સાથે ગરબાની રમઝટ બોલાવી હતી. ત્યારે ભક્તિથી સહુ ભાવવિભોર થઈ ગયા હતા, અને સહુના ભાવ ખૂબ જ ઉલ્લસિત થયેલ.

છેલ્લા દિવસે કોબાથી ૩૦ મુમુક્ષુઓએ ખાસ આવીને લાભ લીધો હતો. આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ પ્રાસંગિક ઉદ્‌બોધન દરમ્યાન અધ્યાત્મ સાધનામાં ધાર્મિક અનુષ્ઠાનોનું મહત્ત્વ, સિદ્ધચક્ર વિધાનનું વિશિષ્ટ સ્થાન, પુણ્યાનુબંધી પુણ્ય વગેરે બાબતો સમજાવી હતી. કોબા આશ્રમથી ચિંતામણી પાર્શ્વનાથ જતા ચૈતન્યધામ, વડાલી, કડીયાદરા, ચોટાસણ, મુડેટી, ગોરલ, ચોરીવાડ તીર્થો તથા વળતા ભીલોડા, પાલ, દેવપુરી, લક્ષ્મીપુરા, જલમંદિર (ઈડર) તીર્થોના દર્શનનો લાભ સહુએ લીધો હતો.

સમગ્ર સિદ્ધચક્ર વિધાનનું આયોજન કરવા સાથે સંપૂર્ણ આર્થિક સહયોગ આદ. શ્રી અનુપમભાઈ અને નીતાબેન શાહે આપેલ. આ પ્રસંગે તેમણે કોબા આશ્રમને રૂા. ૧૧ હજાર તથા કોબા આશ્રમમાં પૂજન-અર્ઘ માટે ૧૨.૫ કિલો બદામ આપેલ છે. તે બદલ સંસ્થા ખૂબ આભાર સાથે તેમને ધન્યવાદ પાઠવે છે.

## ચિત્રપટોની સ્થાપના તથા સત્સંગનો કાર્યક્રમ સંપન્ન

આદરણીય ભક્તહૃદયી મુમુક્ષુ ભાઈશ્રી દિનેશભાઈ તથા બહેનશ્રી જયશ્રીબેનના નિવાસસ્થાને શ્રી પ્રભુ-ગુરુના ચિત્રપટોની સ્થાપના તથા સત્સંગ-ભક્તિનો વિશિષ્ટ કાર્યક્રમ તા. ૨૮-૧-૧૮ના દિવસે સાનંદ સંપન્ન થયો. પૂજ્યશ્રી ગોકુળભાઈ, કોબાના સાધક ભાઈ-બહેનો તથા દિનેશભાઈના સૌ સ્વજનો અને મિત્રમંડળ પધાર્યા હતા.

કોબા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમના આદરણીય બાળબ્રહ્મચારી સાધકોએ ભાવવાહી ભક્તિ કરાવી સૌના ભાવ ઉલ્લસિત કર્યા હતા. ભક્તિ પછી પૂજ્યશ્રી ગોકુળભાઈએ શ્રીમદ્ રાજચંદ્ર વ. ૫. ૪૯૧ના આધારે મનનીય બોધ આપતા જણાવ્યું કે "સમજ્યા તે શમાઈ ગયા". આપણને બહુ પુણ્યથી મનુષ્યનો જન્મ મળ્યો છે, વીતરાગનો ધર્મ મળ્યો છે, નિર્ગ્રંથ ગુરુઓનો બોધ મળ્યો છે. હવે આપણે વીતરાગી ભાવ પ્રગટ કરવાના છે. નિરંતર આપણા સ્વભાવનો લક્ષ રાખ્યા કરવો.

પૂજ્ય સંતશ્રી આત્માનંદજીએ આશીર્વચન આપતાં જણાવ્યું હતું કે આપણે દરરોજ બે કાર્ય અવશ્ય કરવાં જોઈએ. ૧. ભગવાનની ભાવપૂર્વક ભક્તિ, ૨. સદ્વાંચન - સત્શાસ્ત્રમાંથી દરરોજ એક-બે પાનાનું ઉપયોગપૂર્વક વાંચન (સદ્ગુરુની આજ્ઞા પ્રમાણે)

સત્સંગ પછી પૂજ્યશ્રી તથા પૂજ્ય ગોકુળભાઈના શુભહસ્તે શ્રી પ્રભુ-ગુરુના ચિત્રપટોની ધૂન બોલતાં બોલતાં સ્થાપના કરવામાં આવી હતી.

ત્યારબાદ સૌએ ભોજનપ્રસાદી લઈ ભાવભીની વિદાય લીધી હતી.

શ્રી દિનેશભાઈ, બહેનશ્રી જયશ્રીબેન તથા તેમના સમગ્ર પરિવારને આવા સુંદર આયોજન માટે ખૂબ ખૂબ અભિનંદન અને ધન્યવાદ. સૌમાં સાધર્મીવાત્સલ્યના દર્શન થતાં હતાં. આ શુભ પ્રસંગે તેમના તરફથી સંસ્થામાં જ્ઞાનદાન પેટે રૂ. ૧૧,૦૦૦/- તથા ગુરુકુળ માટે રૂ. ૫૦૦૦/-નું દાન આપેલ છે. તે ઉપરાંત સૌને પ્રભાવના આપવામાં આવી હતી. સંસ્થા તેઓના શુભકાર્યની અનુમોદના કરે છે. પૂજ્યશ્રી તેઓને વિશિષ્ટ ધર્મ-આરાધના માટે શુભાશીર્વાદ પાઠવે છે.

## મુમુક્ષુવર્ય આદ. ડો. રાગિણીબેનનું સંસ્થા દ્વારા અભિવાદન

સરળતા, સાદગી, વિનય, ક્ષમા, સમતાભાવ, સંતોષ, વાત્સલ્ય, ઉદારતા, પ્રકૃતિપ્રેમ જેવા અનેક સદ્ગુણોની સુવાસ જેઓએ ચોમેર પ્રસરાવી છે તેવા ઉત્તમ સાધક અને બહુઆયામી વ્યક્તિત્વ ધરાવતા, સંસ્થા અને પૂજ્યશ્રીને સમર્પિત આદ. ડૉ. રાગિણીબેન શાહના શરીરના ૫૦માં વર્ષ (સુવર્ણજયંતિ) નિમિત્તે સંસ્થા દ્વારા તા. ૫-૧-૨૦૧૮ના રોજ તેઓના ગુણાનુવાદ અને અભિવાદનના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રારંભમાં ભક્તિપદો લેવામાં આવ્યા.

સંસ્થા દ્વારા ડૉ. રાગિણીબેનનું તિલક કરી, શાલ ઓઢાડી, મોમેન્ટો અર્પણ કરીને ભાવસભર અભિવાદન કરવામાં આવ્યું. સંસ્થાના મુમુક્ષુ ભાઈ-બહેનોએ લેખિતમાં ડૉ. રાગિણીબેનના ગુણાનુવાદ

કર્યા હતા; જેનું સંકલન અને સુંદર ડેકોરેશન કરવાનો પ્રેમપરિશ્રમ કરી મુમુક્ષુ બહેન આદ. કુ. રીનાબેન શાહે સંસ્થાના મુમુક્ષુઓ વતી તે લેખિત ગુણાનુવાદ ડૉ. રાગિણીબેનને અર્પણ કર્યા.

પૂજ્યશ્રી આત્માનંદજીએ સંસ્થાના ઇતિહાસને યાદ કરી ડૉ. રાગિણીબેનના ગુણાનુવાદ કરતા જણાવ્યું કે રાગિણીબેન ખૂબ સારું (આદર્શ) જીવન જીવી રહ્યા છે. આત્માનું, કુટુંબનું, સંસ્થાનું, સમાજનું હિત કરી રહ્યા છે. રાજસ્થાનમાં હજારોની સંખ્યામાં વૃક્ષારોપણ દ્વારા સમાજસેવાનું કામ કરે છે. તેઓ તેમના જીવનના ધ્યેયને પ્રાપ્ત કરે, સૌ તેઓના જીવનમાંથી પ્રેરણા મેળવે. પૂજ્ય બહેનશ્રીએ ડૉ. રાગિણીબેનના સાધનામય જીવન, વાત્સલ્યભાવ જેવા ગુણોની અનુમોદના કરતા જણાવ્યું કે યુવા સાધકો સંસ્થામાં રહીને પોતાનું જીવન સફળ બનાવે. આદ. બા. બ્ર. સુરેશજીએ જણાવ્યું કે મારા આધ્યાત્મિક વિકાસમાં ડૉ. રાગિણીબેનનું મોટું યોગદાન છે. તેઓ ધર્મની રુચિવાળા જીવોને ધર્મક્ષેત્રે આગળ વધવા માટે સર્વ પ્રકારે સહાય કરે છે અને સમયદાન પણ આપે છે.

આ પ્રસંગે રાગિણીબેનના ભાઈશ્રી સંજયભાઈ તથા કુ. રીનાબેન શાહે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં રાગિણીબેનના ગુણાનુવાદ કર્યા હતા. ડૉ. રાગિણીબેને ધર્મક્ષેત્રમાં કેવી રીતે પ્રવેશ કર્યો, કોબા સંસ્થા સાથે કઈ રીતે સંપર્કમાં આવ્યા, પૂજ્યશ્રીનો ઉદાર દૃષ્ટિકોણ અને તેઓનો મહાન ઉપકાર વગરે બાબતે ધર્મવાર્તા કરતા જણાવ્યું કે હું ૨૬ વર્ષથી કોબા સંસ્થા સાથે સંપર્કમાં છું. પૂજ્યશ્રીના સાન્નિધ્યમાં રહેવાથી મારો આત્મિક વિકાસ થયો છે. પૂજ્યશ્રીના ઉપકારનો બદલો વાળી શકાય તેમ નથી. પૂજ્યશ્રીના સત્સંગથી મારા હઠાગ્રહ-મતાગ્રહ દૂર થયા તથા જીવનમાં સેવા અને સાધનાનો સમન્વય સાધી શકાયો.

આ પ્રસંગે કોબા મહિલામંડળ તથા આદ. ડૉ. રાગિણીબેનના પરિવારજનો તરફથી પ્રભાવના રાખવામાં આવી હતી. ડૉ. રાગિણીબેનના પરિવાર તરફથી ભોજનાલયમાં સ્વિટ રાખવામાં આવી અને સંસ્થાને રૂ. ૨૧,૦૦૦/-નું દાન અર્પણ કરવામાં આવ્યું. ડૉ. રાગિણીબેન અધ્યાત્મના ક્ષેત્રે આગળ વધીને માનવભવને સફળ કરે તેવી સમસ્ત કોબા પરિવાર શુભેચ્છા પાઠવે છે.

## દરામલી (તા. ઈડર) મુકામે પુસ્તક વિમોચનનો કાર્યક્રમ સંપન્ન

દરામલી (તા. ઈડર, સાબરકાંઠા) મુકામે 'ઇડરિયા મલકના લોકસંત લાલજીબાપા' પુસ્તકના વિમોચનનો કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો.

ચિત્રોડાના સૌ મુમુક્ષુઓના ભાવભર્યા આમંત્રણથી પૂજ્યશ્રીની આજ્ઞા લઈને પૂ. બહેનશ્રી, આદ. બા. બ્ર. શ્રી સુરેશભૈયા, આદ. બા. બ્ર. બહેનશ્રી જનકબહેન તથા આદ. શ્રી નવીનભાઈ સૌ સત્સંગ અર્થે ગયા હતા. બીજા સંતો તથા મહાનુભાવો પણ પધાર્યા હતા.

બહેનશ્રી જનકબેને ગુરુભક્તિનું સુંદર પદ લીધું હતું. પૂજ્ય બહેનશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત ૮૭૫ના આધારે સત્પુરુષના વચનામૃત, મુદ્રા તથા સંતોના સમાગમનું માહાત્મ્ય દર્શાવ્યું હતું તથા લેખક શ્રી દિનુભાઈ ભદ્રેસરિયાને ખૂબ ખૂબ ધન્યવાદ આપ્યા હતા. આદ. શ્રી સુરેશજીએ શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃતનો આધાર લઈ સંસારમાં કઈ રીતે રહેવું તે વિષે મનનીય ઉદ્‌બોધન કર્યું હતું. દરામલીથી ભાવભીની વિદાય લઈ હિંમતનગર આદ. મુમુક્ષુ ભાઈશ્રી જયંતિભાઈ તથા કમળાબેનના નિવાસસ્થાને ભોજનપ્રસાદી લઈ બપોરે કોબા પહોંચી ગયા હતા.

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે :

- **ગુરુકુળ :** પ્રકાશ ઈન્ટરનેશનલ પ્રા. લિ. C/o. શ્રીમતી અમીબેન તથા મનિષભાઈ શાહ, વડોદરા — રૂા. ૧,૦૦,૦૦૦/-
- **ઓડિયો-વીડિયો વિભાગ :** શ્રી પ્રદીપભાઈ ભાઈલાલભાઈ શાહ CA (USA) — રૂા. ૮૭,૮૭૦/-
- **સાધકનિવાસ :** શ્રીમતી દીનાબેન નીતિનભાઈ પારેખ, મુંબઈ — રૂા. ૫૧,૦૦૦/-
- **ત્યાગી મહિમા ફંડ :** ડૉ. રાગિણીબેન શાહ, બાંસવાડા (રાજસ્થાન) — રૂા. ૨૧,૦૦૦/-
- **ભોજનાલય :** શ્રીમતી શારદાબેન ચેરિટેબલ ટ્રસ્ટ, વિસનગર હસ્તે ડૉ. ગિરીશભાઈ પટેલ — રૂા. ૧૧,૦૦૦/-
- **પ્રકીર્ણ :** શ્રીમતી નીતાબેન અનુપમભાઈ શાહ, કોબા (શ્રી સિદ્ધચક્ર વિધાન નિમિત્તે) — રૂા. ૧૧,૦૦૦/-

## ફાર્મહાઉસમાં ગૃહપ્રવેશનો કાર્યક્રમ સંપન્ન

સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી પ્રકાશભાઈ હેમેન્દ્રભાઈ શાહના નાનાભાઈ શ્રી ભાવિનભાઈ હેમેન્દ્રભાઈ શાહના રાચરડા મુકામે અર્જુન ફાર્મમાં બનાવેલ ફાર્મહાઉસમાં ગૃહપ્રવેશનો કાર્યક્રમ તા. ૨૧-૧-૨૦૧૮ના રોજ સાનંદ સંપન્ન થયો.

તેમના આમંત્રણને માન આપી પૂજ્યશ્રી તથા સાધક ભાઈ-બહેનો બપોરે ૪.૦૦ વાગ્યે નીકળીને અર્જુન ફાર્મ ગયા હતા. લગભગ ૧ કલાકમાં સૌ ત્યાં પહોંચી ગયા હતા. પૂજ્યશ્રીના શુભ હસ્તે પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રના ચિત્રપટની સ્થાપના તથા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું. કૃપાળુદેવની વંદના કરીને સૌએ ફાર્મ હાઉસની મુલાકાત લીધી હતી. ત્યારબાદ સૌ ભોજનપ્રસાદી લઈ કોબા પરત આવી ગયા હતા.

તેમના સમગ્ર પરિવારમાં સંપ તથા સંસ્કાર નિહાળી આદ. શ્રી હેમેન્દ્રભાઈ તથા બહેનશ્રી વિમળાબેનની સ્મૃતિ તાજી થઈ હતી. આ પ્રસંગે સ્વજનો, મિત્રમંડળ, સંબંધીઓ સૌએ ઘણી મોટી સંખ્યામાં હાજરી આપી શુભેચ્છાઓ પાઠવી હતી. સંસ્થા તરફથી તેમના આવા સુંદર આયોજન બદલ શુભેચ્છાઓ સહ અભિનંદન.

## પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગરમાં પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી તથા મહાત્મા ગાંધીજીના ચિત્રપટોની સ્થાપના

સુરેન્દ્રનગરમાં આવેલ પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજની સંસ્થાનું સંચાલન શ્રી પંકજભાઈ ડગલી તથા મુક્તાબેન ડગલી છેલ્લા વીસેક વર્ષથી સુપેરે કરી રહ્યા છે. બાળાઓના વિકાસ માટેની અનેકવિધ સુંદર પ્રવૃત્તિઓ સંસ્થામાં ચાલે છે. આપણી સંસ્થામાં પધારી સત્સંગનો લાભ લેતા મુમુક્ષુ ભાઈશ્રી અરવિંદભાઈ પી. શાહ (ભાવનગર)ના સ્તુત્ય પ્રયત્નોથી તે સંસ્થાના પ્રાર્થનાહૉલમાં પરમકૃપાળુદેવ તથા મહાત્મા ગાંધીજી સાથેના ચિત્રપટોની સ્થાપના તા. ૨૧-૧-૨૦૧૮ના દિવસે કરવામાં આવી છે. શ્રી અરવિંદભાઈના

ધર્મપત્નીના જન્મતિથિ નિમિત્તે શ્રી અરવિંદભાઇએ તે સંસ્થામાં સ્વામિવાત્સલ્યનું આયોજન કરી દાન પણ નોંધાવેલ છે. આપણી સંસ્થામાંથી આદ. શ્રી અરૂણભાઈ બગડિયા તથા પ્રો. શ્રી સુરેશભાઈ રાવલ સંસ્થા વતી ઉપસ્થિત રહ્યા હતા. અને ચિત્રપટોની અનાવરણવિધિ કરી હતી. આદ. શ્રી અરવિંદભાઈ શાહને સંસ્થા વતી અનેકશઃ ધન્યવાદ પાઠવીએ છીએ.

## વિશ્વભરના જૈન સમાજને એકસૂત્રે બાંધવા માટે જૈન ડાયસ્પોરાની હિમાયત

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે જૈનદર્શન, કલા અને સંસ્કૃતિના પ્રસારનું કાર્ય કરતી ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી (IOJ) દ્વારા એક વ્યાખ્યાનશ્રેણી ગુજરાત વિશ્વકોશભવનમાં ૧૩ જાન્યુઆરીએ યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનશ્રેણીમાં જૈન ધર્મના વિદ્વાન અને લંડનના મહાવીર ફાઉન્ડેશનના સ્થાપક/અગ્રણી ડૉ. વિનોદ કપાસીએ 'ભક્તામર સ્તોત્રનાં રહસ્યો' વિશે વ્યાખ્યાન આપ્યું હતું અને કહ્યું કે ભક્તામરથી આ ભયભીત વિશ્વમાં અભયની સાધના થઈ શકે છે. આચાર્ય માનતુંગસૂરિએ આ સ્તોત્રની રચના કરીને ભક્તની ભક્તિને અમરતા બક્ષી છે. તેઓ એક એક ગાથા બોલતા ગયા અને લોખંડની બેડીઓ તૂટતી ગઈ એ રીતે એક એક ગાથા આપણા મનમાં કષાયોની બેડી તોડી નાંખે છે. આ પ્રસંગે અધ્યક્ષપદેથી વક્તવ્ય આપતાં ડૉ. કુમારપાળ દેસાઈએ કહ્યું કે ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજીએ જૈન ધર્મનો સંદેશ વિશ્વને પહોંચાડવાનો પ્રયાસ કર્યો છે અને તેના અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તના સિદ્ધાંતો આજના વિશ્વને એક નવી રાહ ચીંધી શકે તેમ છે. જૈન સમાજનો વિશ્વના વર્તમાન પ્રશ્નો બાબતે પોતાનો અવાજ જાગે તે માટે જૈન ડાયસ્પોરાની હિમાયત કરી હતી. IOJ (UK)ની એજ્યુકેશન ટીમના જ્યોત્સનાબહેન સામજીએ ઈંગ્લેન્ડની જૈન પાઠશાળાના અનુભવો રજૂ કર્યા હતા. જ્યોત્સનાબહેન શાહે અંગ્રેજી ભાષામાં જૈન પરિભાષા અંગેના પ્રશ્નોની છણાવટ કરી હતી અને તૃષિતબહેન શાહે બાળકોને જૈન ધર્મના સિદ્ધાંતો કેવી રીતે શીખવી શકાય તે ઉદાહરણ સહિત જણાવ્યું હતું. આ પ્રસંગે IOJ (UK) ના ડાયરેક્ટર શ્રી વિનય શાહે લંડનમાં ચાલતી પ્રવૃત્તિઓનો ખ્યાલ આપ્યો હતો અને ડૉ. નલિની દેસાઈએ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું. મોટી સંખ્યામાં પત્રકારો, લેખકો, જૈન અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. કોબા આશ્રમથી પૂજ્ય શર્મિષ્ઠાબહેન સહિત ઘણા મુમુક્ષુઓ ગયા હતા.

**નોંધ :** તા. ૧૬-૧૨-૧૭ના રોજ ભિલોડા મુકામે શ્રીમદ્ જેસીંગબાપા એજ્યુકેશન કેમ્પસમાં 'શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાસભાગૃહ' (ઓડીટોરીયમ)નું ઉદ્ઘાટન શ્રી પ્રકાશભાઈ શાહના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ સ્વાધ્યાય આપેલ.

## વૈરાગ્ય સમાચાર



**[૧] ધણપ (જિ. ગાંધીનગર) :** આપણી સંસ્થામાં રહીને સેવા તથા સાધના કરતા કાર્યનિષ્ઠ મુમુક્ષુ મુરબ્બીશ્રી કરસનભાઈ લાખાભાઈ ચૌધરીના ધર્મપત્ની **સૂરજબેન ચૌધરી**નું તા. ૧૨-૧-૨૦૧૮ના રોજ ૯૦ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ સ્વાવલંબી, કર્મનિષ્ઠ, ધર્મપ્રેમી, જીવદયાપ્રેમી, પ્રેમાળ, સરળ તથા નિખાલસ પ્રકૃતિના હતા. તીર્થયાત્રા પ્રત્યે તેઓને વિશેષ પ્રેમભાવ હતો. તેઓ પ્રસંગોપાત સંસ્થામાં સત્સંગ અર્થે પધારતા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.

## શ્રી સિદ્ધચક્ર વિધાન વેળાએ (શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ તીર્થ)







આદ. શ્રી દિનેશભાઈ / જયશ્રીબેનના નિવાસસ્થાને ચિત્રપટોની સ્થાપના વેળાએ
(અમદાવાદ, તા. ૨૮-૧-૨૦૧૮)






## 'ભક્તામર સ્તોત્રના રહસ્યો' વિશે વક્તવ્ય આપતા આદ. ડૉ. વિનોદ કપાસી
(વિશ્વકોશભવન, અમદાવાદ)





Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2018-2020 issued by SSP Ahmedabad valid upto 31-12-2020
Publication Date 15th of every month

## પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ, સુરેન્દ્રનગર મુકામે પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટોની સ્થાપના



## સંસ્થા દ્વારા આદ. ડૉ. રાગિણીબેનનું અભિવાદન (તા. ૫-૧-૨૦૧૮)





### આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

❶ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**સ્વ. શાંતાબેન શકરાભાઈ શાહ તથા સ્વ. શકરાભાઈ ગિરધરલાલ શાહ (તળિયાની પોળ, અમદાવાદ)ની પુણ્યસ્મૃતિ નિમિત્તે**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

❷ 'દિવ્યધ્વનિ' ફેબ્રુઆરી - ૨૦૧૮ના અંક માટે રૂા. ૨૧,૦૦૦/-નો આર્થિક સહયોગ
**એક સદ્ગૃહસ્થ પરિવાર (સાયન, મુંબઈ)**
તરફથી પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007. Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate, Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah